# જૈન ધર્મમાં નામ સ્મરણની અવધારણા
# (લોગસ્સ સૂત્રના આધારે)

જૈનદર્શન પારંગત (એમ.એ.)ની પદવી માટેના અભ્યાસક્રમના ભાગરૂપે પ્રસ્તુત
કરવામાં આવેલ લઘુશોધ નિબંધ


માર્ગદર્શક શ્રી
ડૉ. પૂર્ણિમાબેન મહેતા
ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ

પ્રસ્તુતકર્તા
મનહરબાળા કાંતિલાલ શાહ



આંતરરાષ્ટ્રીય જૈનવિદ્યા અધ્યયન કેન્દ્ર,
મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય,
ગૂજરાત વિદ્યાપીઠ-અમદાવાદ-૩૮૦૦૧૪.
૨૦૦૭-૨૦૦૮

# જૈન ધર્મમાં નામ સ્મરણની અવધારણા
# (લોગસ્સ સૂત્રના આધારે)

જૈનદર્શન પારંગત (એમ.એ.)ની પદવી માટેના અભ્યાસક્રમના ભાગરૂપે પ્રસ્તુત
કરવામાં આવેલ લઘુશોધ નિબંધ


માર્ગદર્શક શ્રી
ડૉ.પૂર્ણિમાબેન મહેતા
ગૂજરાત વિદ્યાપીઠ,
અમદાવાદ

પ્રસ્તુતકર્તા
મનહરબાળા કાંતિલાલ શાહ



આંતરરાષ્ટ્રીય જૈનવિદ્યા અધ્યયન કેન્દ્ર,
મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય,
ગૂજરાત વિદ્યાપીઠ-અમદાવાદ-૩૮૦૦૧૪
૨૦૦૭-૨૦૦૮

# આભાર દર્શન

ધાર્મિક વૃત્તિવાળા માતા-પિતાના સંસ્કારસિંચનથી બાળપણથી જ ધર્મનું બીજ વવાયેલું હતું. સદ્‌ગુરુ પૂજ્યશ્રી આચાર્ય ભગવંત ચંપકમુનિના સંપર્કમાં આવતા જૈન ધર્મ પ્રત્યેની શ્રદ્ધા દૃઢ બની. ધર્મ આરાધના કરવી તે રૂચતું હતું આગળ જતાં પુત્રને જ્ઞાનાભ્યાસ કરાવતા સુધર્મ પ્રચાર મંડળ સમિતિની એકથી બાર શ્રેણીની પરીક્ષાઓ આપી એવામાં જૈન પ્રકાશમાં જૈનકેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠની એક નાનકડી જાહેરખબર વાંચી ડૉ.પૂર્ણિમાબેનનો સંપર્ક કર્યો. એક વર્ષના જૈન પ્રમાણપત્ર અભ્યાસક્રમમાં જોડાઈ તે પૂરો કર્યો. જૈનધર્મનું વિશદ જ્ઞાન પ્રાપ્ત થયું અને ડૉ. પૂર્ણિમાબેન અને ડૉ. સાધનાબહેનના માર્ગદર્શનથી પારંગત જૈનદર્શનમાં પ્રવેશ મેળવ્યો.

પારંગત વર્ષ-૨માં લઘુ શોધનિબંધ વિષે પસંદગી કરવાની હતી. લોગસ્સ સૂત્ર પર લઘુશોધ નિબંધ કરવાનું સૂચન માર્ગદર્શક શ્રી પૂર્ણિમાબહેનને કહ્યું. આ સંશોધન વિષય પરનું સાહિત્ય ઘણું જ અલ્પ અને અનૂપલબ્ધ હોવાથી કાર્ય ધાર્યા કરતાં ઘણું જ કઠિન હતું પણ માર્ગદર્શકશ્રીના યોગ્ય દિશાસૂચન, હૂંફ, પ્રેરણા અને માર્ગદર્શનને લીધે ભગીરથ કાર્ય પૂર્ણ કરી શકી છું. આ સમયે તેમનો જેટલો પણ આભાર માનું તેટલો ઓછો છે.

તેમની સલાહથી ઈન્ડોલોજીમાં ડૉ.જીતેન્દ્રભાઈને મળી તેમણે ખૂબ જ શાંતિપૂર્વક વિષયની છણાવટ કરી માર્ગદર્શન આપ્યું.

મારા પતિ આદરણીય શ્રી અનિલકુમારનો અટૂટ સાથ મળ્યો. સર્વ પરિવારજનો કે જેઓ મને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે આ કાર્યમાં મદદરૂપ થયા છે તે સર્વેનો હું અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરુ છું.

શ્રી કૈલાસસુરીસાગરજી જ્ઞાનમંદિર,પાલડીના હિરલભાઈનો ખૂબ જ આભાર માનું છું. સૌથી વધુ તો ધર્મપ્રેમી શ્રદ્ધેય આદરણીય શ્રી મોહિતભાઈ જેમના એક ફોન માત્રથી કોબાના શ્રી કૈલાસસૂરીસાગર જ્ઞાનમંદિરના સૌ કાર્યકર્તાઓ કે જેમણે મને બધા જ પુસ્તકો તુરંત આપ્યા તેમનો હું ખૂબ ખૂબ આભાર માનું છું. ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, તારાબાઈ આર્યાજી સિદ્ધાંત શાળાના કાર્યકર્તા તથા પંડિતશ્રી રાજુભાઈ, નેમિનંદન શતાબ્દી ટ્રસ્ટ સંચાલિત સ્વાધ્યાય મંદિરના શ્રી મહેન્દ્રભાઈ,

ગીતાર્થગંગા જ્ઞાનમંદિર, સર્વ સ્નેહીજનો જેમણે જેમણે પુસ્તકો એકત્રીકરણ માટે સહકાર આપ્યો છે. સર્વનો હું આભાર માનું છું. ગૂજરાત વિદ્યાપીઠના જૈનકેન્દ્રના શ્રી મુકેશભાઈના સહકાર બદલ તેમનો આભાર માનું છું.

આ કાર્યમાં જે નામી અનામી વ્યક્તિઓએ યોગદાન આપ્યું છે તે સૌની હું આજીવન ઋણી રહીશ.

અંતમાં આ લઘુ શોધનિબંધનું ટાઈપ કરવાનું કાર્ય શ્રી ભારતીબેન તથા શ્રી અરવિંદભાઈ લેઉવાએ કરી આપ્યું તે બદલ હું તેમનો આભાર માનું છું.

જૈન શ્રુત અનેક ઉત્તમ કૃતિઓથી ભરેલું છે તેમાંની એક કૃતિ તે 'લોગસ્સ સૂત્ર' છે તેનો ઉપયોગ ઘણી ધાર્મિક ક્રિયાઓમાં થઈ રહેલો છે. આ એક મહાસૂત્ર છે. ઘણું ગંભીર છે તથા તીર્થંકરવાદ, ભક્તિવાદ અને આધ્યાત્મવાદના મૂળ પાયા સમુ છે. એવો ખ્યાલ સ્પષ્ટ કરવા લોગસ્સ સૂત્ર અંગે ઊંડાણથી અભ્યાસ કરવાનો પ્રયત્ન કરેલ છે.

આ લેખન શ્રુતજ્ઞાનમાં અજાણતા શ્રુતની આશાંતના થઈ હોય તો અંતઃકરણપૂર્વક ક્ષમા યાચું છું.

મનહરબાળા કાંતિલાલ શાહ



# અનુક્રમણિકા


| ક્રમ | વિગત | પૃષ્ઠ નં. |
|---|---|---|
| પ્રકરણ-૧ | **જૈન ધર્મ અને તેની પરંપરા** | ૧-૧૪ |
| | ૧.૧ જૈનધર્મ અને દર્શન | |
| | ૧.૨ ભારતીય પરંપરામાં જૈન ધર્મ | |
| | ૧.૩ વૈદિક પરંપરા | |
| | ૧.૩.૧ શ્રમણ પરંપરા | |
| | ૧.૪ જૈનધર્મના પાયાના સિદ્ધાંતો | |
| | ● જૈન આચારમાં વ્રતો. | |
| | ૧.૪.૧ અહિંસા | |
| | ૧.૪.૨ સત્ય | |
| | ૧.૪.૩ અચૌર્ય | |
| | ૧.૪.૪ બ્રહ્મચર્ય | |
| | ૧.૪.૫ પરિગ્રહ | |
| | ૧.૫ અનેકાંતવાદ | |
| | ૧.૬ કર્મનો સિદ્ધાંત | |
| | ૧.૭ મોક્ષમાર્ગ | |
| પ્રકરણ-૨ | **તીર્થંકર અને તેના લક્ષણો** | ૧૫-૩૬ |
| | ૨.૧ જૈનધર્મમાં કાળચક્ર | |
| | ૨.૨ તીર્થંકરનું આગમન | |
| | ૨.૩ તીર્થંકરો ચોવીસ જ શા માટે ? | |
| | ૨.૪ તીર્થ અને તીર્થંકર | |
| | ૨.૫ તીર્થંકરની વિશેષતાઓ | |
| | ૨.૬ તીર્થંકર નામગોત્ર | |
| | ૨.૭ તીર્થંકરના ગુણો | |
| | ૨.૮ તીર્થંકરના અતિશયો | |
| | ૨.૯ તીર્થંકરના અષ્ટ મહાપ્રાતિહાર્ય | |
| | ૨.૧૦ અઢારદોષ રહિત એવા તીર્થંકર | |

૨.૧૧ તીર્થંકરના પંચ કલ્યાણક
૨.૧૨ તીર્થંકરના લાંછન
**પ્રકરણ-૩ જૈન સાહિત્યમાં લોગસ્સ સૂત્રની ઉપલબ્ધિ** **૩૭-૪૯**
૩.૧ જૈન પરંપરામાં સાહિત્યનું મહત્ત્વ
૩.૨ જૈન સાહિત્યનું વર્ગીકરણ અને તેમાં લોગસ્સ સૂત્રનું સ્થાન
૩.૩ લોગસ્સ સૂત્ર અંગે સાહિત્ય
૩.૩.૧ લોગસ્સ સૂત્ર અંગે ઉલ્લેખો તથા વિવેચન પ્રાચીન ગ્રંથો તથા ગ્રંથકારના નામ.
૩.૩.૨ પાંચદંડક સૂત્રમાં લોગસ્સનું સ્થાન
૩.૩.૩ ચૈત્યવંદનમાં તેમજ દેવવંદનના અધિકારમાં લોગસ્સ સૂત્રની વ્યવસ્થા
૩.૪ લોગસ્સ સૂત્રનું બંધારણ
૧. ભાષા
૨. છંદ
૩. પદ્યાત્મક રચના
૩.૫ લોગસ્સ સૂત્રના પદો, સંપદા તથા અક્ષરો
૩.૬ લોગસ્સ સૂત્રના પર્યાયવાચક નામો
૩.૭ લોગસ્સ સૂત્રના પાઠ
૩.૭.૧ લોગસ્સ સૂત્રનો મૂળપાઠ
૩.૭.૨ લોગસ્સ સૂત્રની સંસ્કૃત છાયા
**પ્રકરણ-૪ લોગસ્સ સૂત્રનું વિવરણ** **૫૦-૮૪**
૪. લોગસ્સ સૂત્રની સમજૂતી-અન્વય અને શબ્દાર્થ
૪.૧ લોગસ્સ સૂત્રની પહેલી ગાથાના શબ્દાર્થ
૪.૨ લોગસ્સ સૂત્રની બીજી ગાથાના શબ્દાર્થ
૪.૩ લોગસ્સ સૂત્રની ત્રીજી ગાથાના શબ્દાર્થ
૪.૩.૧ લોગસ્સ સૂત્રની ચોથી ગાથાના શબ્દાર્થ
૪.૩.૨ લોગસ્સ સૂત્રની પાંચમી ગાથાના શબ્દાર્થ
૪.૪ લોગસ્સ સૂત્રની છઠ્ઠી ગાથાના શબ્દાર્થ

૪.૫ લોગસ્સ સૂત્રની સાતમી ગાથાના શબ્દાર્થ

૪.૬ લોગસ્સ સૂત્રની અર્થસંકલના

**પ્રકરણ-૫ આજના યુગમાં લોગસ્સ સૂત્રની પ્રસ્તુતિ** ૮૫-૧૦૪

૫.૧ લોગસ્સ સૂત્ર અને ભક્તિવાદ

૫.૨ લોગસ્સ સૂત્ર અને ધ્યાન કાયોત્સર્ગ

૫.૩ લોગસ્સ સૂત્ર અને મંત્ર-જાપ

૫.૩.૧ ચોવીસ નામાભિધાન મંત્રો

૫.૪ લોગસ્સ સૂત્ર અને યંત્રો

૫.૫ લોગસ્સ સૂત્રનું સ્મરણ ક્યાં ક્યાં ક્યારે ક્યારે થાય.

૫.૬ લોગસ્સ સૂત્રનું ઉચ્ચારણનું નિયતપણું દર્શાવતું કોષ્ટક.

૫.૭ વર્તમાનમાં આવશ્યકસૂત્રમાં ઉચ્ચારણ દર્શાવતું કોષ્ટક.

૫.૮ લોગસ્સ સૂત્રનાં સ્તુતિ-મંત્ર-યંત્ર-જાપના પ્રત્યક્ષ ચમત્કારો

૫.૯ ઉપસંહાર

પરિશિષ્ટ-૧

પરિશિષ્ટ-૨

સંદર્ભ સૂચિ

# પ્રકરણ-૧
# જૈન ધર્મ અને તેની પરંપરા


૧.૧ જૈનધર્મ અને દર્શન

૧.૨ ભારતીય પરંપરામાં જૈન ધર્મ

૧.૩ વૈદિક પરંપરા

૧.૩.૧ શ્રમણ પરંપરા

૧.૪ જૈનધર્મના પાયાના સિદ્ધાંતો

● જૈન આચારમાં વ્રતો.

૧.૪.૧ અહિંસા

૧.૪.૨ સત્ય

૧.૪.૩ અચૌર્ય

૧.૪.૪ બ્રહ્મચર્ય

૧.૪.૫ અપરિગ્રહ

૧.૫ અનેકાંતવાદ

૧.૬ કર્મનો સિદ્ધાંત

૧.૭ મોક્ષમાર્ગ

# પ્રકરણ-૧
# જૈન ધર્મ અને તેની પરંપરા

મનુષ્ય અને વિશ્વ, મનુષ્ય અને તેનું કર્તવ્ય, જીવનધ્યેય અને ધ્યેય પ્રાપ્તિનો માર્ગ- આ બધાને લગતા પ્રશ્નોના ઉત્તર આપવા દરેક ધર્મ એ પ્રયાસ કર્યો છે. ઉપદેશ અને ઉદાહરણો દ્વારા આ પ્રશ્નોના ઉત્તર વખતોવખત ઘણા સંતો અને ઋષિઓએ આપ્યા છે. તેણે જે કાંઈ કહ્યું કે કર્યું તેની તવારીખ રચાઈ ગઈ અને તે તેમના ધર્મોના પંથ બની ગયા. એક જ મુદ્દા પર તેમની માન્યંતાઓ ભિન્ન ભિન્ન હતી. અને આ મુદ્દો હતો ઈશ્વરનું અસ્તિત્વ તેના ગુણ અને તેના કાર્યો.[૧]

અનાદિ અનંત સંસારમાં કર્મ-પરવશ આત્મા ચાર ગતિઓમાં, પાંચ જાતિરૂપે, અનંતકાળથી પરિભ્રમણ કરતો આવ્યો છે. સુખાભાસરૂપ સુખોમાં આનંદ, હર્ષ કે ઉન્માદને આધીન બનતો તથા પાપોદયજનિત, સાંસારિક દુઃખોમાં શોક, આક્રંદ અને દૈત્યને ધારણ કરતાં સંસારી આત્મા અનંત ભૂતકાળમાં ક્યારે કોઈ રીતે ઠરીઠામ બનીને રહ્યો નથી. જન્મ, જરા, મરણ અને તેના કારણરૂપ કર્મ, કષાય અને કલેશની પરંપરાને વૃદ્ધિ પમાડતો આ જીવાત્મા પોતાના સાચા સ્વરૂપને ખોઈ બેઠો છે.માટે જ તેના માથે સંસાર પરિભ્રમણ નિરવિધ ચાલુ રહ્યું છે. સંસારીજીવને પૌદગલિક ઈષ્ટ સંયોગ જન્મ કે અનિષ્ટ વિયોગ જન્ય સુખ ગમે છે. તે આવે ત્યારે જાણે જીવનમાં આ સુખને જોયું અનુભવ્યું ન હોય તેમ, ક્ષુધાતુર અન્નને જોઈને ભાન ભૂલો બને તે રીતે ભાન-સાન ખોઈ બેસે છે. પણ તેને ઈષ્ટ વિયોગજન્ય કે અનિષ્ટ સંયોગજન્ય દુઃખ નથી ગમતું તે ચોક્કસ છે આવા દુઃખોથી તે ભાગતો ફરે છે. અતિરોષ, અતિશય દ્વેષ આવા દુઃખો પ્રત્યે તેના સ્વભાવમાં વણાઈ ગયા છે.[૨]

આ શરીરની અવસ્થા કે જે જરા કહેવાય છે તે સંસારમાં કોને ગમે ?[૩]

આ બધામાંથી મુક્તિ મેળવવા શું કરવું ? શાંતિ પ્રાપ્ત કરવાનું સાધન કયું ? કર્મ શું ? સંસારમાં સુખ અને દુઃખ શાથી ઉત્પન્ન થાય છે ? આવા અનેક પ્રશ્નો ઉઠે છે.  મનુષ્ય ચિંતનનો ઈતિહાસ દર્શાવે છે કે મનુષ્ય સત્ય અને સુખ શોધતો રહ્યો છે. દુઃખ અને વિંટબણાઓથી તત બચવા માગે છે. મનુષ્ય સામાજિક

પ્રાણી છે. તેથી તેના સુખ અને દુઃખની સમસ્યાઓનો ઉકેલ સમાજના અથવા વધુ વિશાળ દૃષ્ટિએ જોતા જગતના સંદર્ભમાં હોવા ઘટે. મનુષ્યને એક આત્મા છે. અને એક દેહ છે. સુખ કે દુઃખ આનંદ કે આપત્તિની કોઈપણ અનુભૂતિમાં આત્મા અથવા દેહ અથવા તેબંનેની સાથે સંબંધ ધરાવે છે. આ ઉપરાંત વિશ્વ પણ છે. મનુષ્ય અને વિશ્વનો સંબંધ વિજ્ઞાન અને ધર્મ બંનેનો વિષય છે. અને બંનેનું એક સાધારણ લક્ષ્ય છે.- સત્યની શોધ.[૪]

'સત' શું છે ? 'સત્' નું સાચું સ્વરૂપ શું છે ? વિશ્વનું સાચું સ્વરૂપ શું છે ? આત્માનું સાચું સ્વરૂપ શું છે ? માનવીનું સાચું સ્વરૂપ શું છે. માનવજીવનનું કોઈ ધ્યેય-લક્ષ- પ્રયોજન છે ખરું ? આ સૃષ્ટિનો કોઈ સર્જક છે, ખરો ? છે તો કોણ ? સત્ -વિશ્વ અને આત્માના પ્રકાશમાં માનવી એ કેવી રીતે જીવવું જોઈએ ? તત્વજ્ઞાન, તત્ત્વચિંતન-ફિલસૂફી માનવજીવનમાં ઉદ્ભવતા આ અને આવા અનેક પ્રશ્નો સંબંધિત છે. આ બધાનો જવાબ મળે છે પ્રાચીન ભારતીય દર્શનનોમાંથી. જૈનદર્શન ભારતીય દર્શનમાંનું એક દર્શન છે. જેમાં તત્ત્વજ્ઞાનનું ધ્યેય, સત્યનું જ્ઞાન છે. જેને ભારતીય સંસ્કૃતિમાં સત્ય દર્શન કહેવામાં આવે છે.[૫]

## ૧.૧ જૈનધર્મ અને દર્શન

ધર્મ એટલે શું ?

ધર્મના અનેકવિધ અર્થ છે અને અનેક વ્યાખ્યા છે. પરંતુ ધર્મની સરળ વ્યાખ્યા આ પ્રમાણે છે. "જીવનને ઉન્નત અને ઉજ્જવળ બનાવે, આત્માને શુદ્ધ અને બુદ્ધ બનાવે તેવી આચારસંહિતા અને વિચારધારાનું એક નામ એટલે ધર્મ".[૬]

શ્રમણ ભગવંત મહાવીરે ધર્મની વ્યાખ્યા આ પ્રમાણે શબ્દોમાં આપી છે.

"**वत्थु सहावो धम्मो**" અર્થાત્ વસ્તુનો સ્વભાવ એ જ ધર્મ છે.[૭]

"દુર્ગતિથી પડતા આત્માને જે ધારી રાખે તે ધર્મ"[૮]

- **જૈન દર્શન**

તીર્થંકરોએ "પોતાના દિવ્યજ્ઞાનથી જોયેલો અને જગતને બતાવેલો, સર્વ જગતના કલ્યાણ અને સાચા સુખનો જે સંપૂર્ણ માર્ગ તેનું નામ જૈનદર્શન".

જૈન દર્શન એ કોઈ વ્યક્તિ એ જ સ્થાપેલો કે ચલાવેલો સંપ્રદાય વિશેષ

નથી. પણ અનંત પુરુષોએ દર્શાવેલ સુખ અને કલ્યાણના સાચા માર્ગનું સંપૂર્ણ દર્શન છે.[૯]

પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજી 'દર્શન' શબ્દનો અર્થ સોપાનો આપે છે. દર્શન, શ્રવણ, મનન અને ધ્યાનમાં દર્શન શબ્દના અર્થ 'શ્રદ્ધા' થાય છે.[૧૦]

'દર્શન' એટલે વિવિધ પ્રકારનું જ્ઞાન-જોવું-સમજવું એટલે તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કરવાની એક પદ્ધતિ. સત્યને જોવું, સમજવું કે અભ્યાસ કરવાનો પુરુષાર્થ. આ શક્ય બને છે અનુભવ દ્વારા કે આત્માનુભૂતિ દ્વારા.

દર્શન શાસ્ત્ર મનુષ્યને પોતાનું સ્વરૂપ વિચારવા અને તેને સમજવા, અનુભવવા પ્રેરે છે. આ પ્રેરણા જ મનુષ્યના વિશ્વ સાથેના તેમજ ઈતર પ્રાણી જગત સાથેના તેના સંબંધો વિષે વિચારવામાં મદદરૂપ થાય છે. અને મનુષ્યના જન્મની દુર્બલતા સમજાવે છે.[૧૧] પરિણામે માનવને જીવનલક્ષી અને સર્વલક્ષી થવાની દિશા મળે છે. તેનામાં અભેદ, એકત્વની ભાવના વિકસે છે. આત્મા મટી પરમાત્મા બનવા માટે ઉર્ધ્વગામી દૃષ્ટિકોણ મેળવે છે. ત્યારે તે સત્‌નું સાચું સ્વરૂપ ઓળખે છે. આજ દર્શનશાસ્ત્રનું પ્રધાન કાર્ય છે અને જગતના વિવિધ ધર્મોના ઉપદ્‌ભવનું મૂળ છે.

## ૧.૨ ભારતીય પરંપરામાં જૈનધર્મ

પ્રાચીન સમયમાં ભારતીય સંસ્કૃતિની કેટલીક અગત્યની લાક્ષણિકતા સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચે છે. તે તેની જીવંતતા અને મૌલિકતા, ગૂઢતા અને ગહનતા, સરળતા અને રહસ્યમયતા માટે સુવિખ્યાત છે. ભારતીય સંસ્કૃતિ જ્ઞાન અને દર્શનના અનેક સ્રોતો અસ્ખલિતપણે વહાવે છે. નવા નવા પાણી લે છે. પોતાના પાણી દૂર-સદૂર પર્યંત પ્રસરાવે છે. સદાય પોતાની તાજગી પ્રગતિ જાળવી રાખે છે. અનેક પ્રકારની વિચારસરણી, પરંપરા, ધર્મ તથા પંથને ભારતીય સંસ્કૃતિની ગોદમાં ફૂલવા ફાલવા મળ્યું છે. "અનેકતામાં એકતા અને એકતામાં અનેકતા" ભારતીય સંસ્કૃતિની વિશિષ્ટતા છે. વટવૃક્ષ સમી ભારતીય સંસ્કૃતિ એક વિરાટ પ્રયોગ પરંપરા તરીકે ઓળખાવી શકાય.[૧૨]

ભારતીય સંસ્કૃતિના અનેકવિધ રૂપોમાં બે પરંપરા એ સંસ્કૃતિના ઈતિહાસ ઉપર ઉંડી છાપ પાડી છે.

પ્રાચીન ભારતની મુખ્યત્વે બે પરંપરા રહી છે.

૧. વૈદિક અથવા બ્રાહ્મણ પરંપરા

૨. અવૈદિક અથવા શ્રમણ પરંપરા

**પ્રાચીન ભારતીય પરંપરા**




## ૧.૩ વૈદિક પરંપરા

જે મનુષ્યનો ધર્મ અને દર્શન મુખ્યત્વે વેદો પર આધારિત છે. તેમનો ધર્મ જીવનના બાહ્ય કર્મકાંડો પર આધારિત છે. તેઓ ઈશ્વરનું અસ્તિત્વ અને ઈશ્વર જ આ સૃષ્ટિના સર્જનહાર સંચાલક માને છે. તેવી માન્યતા ધરાવે છે. આમ વેદો પર આધારિત બ્રાહ્મણ પરંપરાના લોકો હિંદુ કહેવાયા.

હિન્દુ ધર્મની વ્યાખ્યામાં કોઈ એક વર્ણ કે જાતિ નથી. તેની બૃહદ વ્યાખ્યામાં હિન્દુ સમાજ ચાર વર્ણ અને ચાર આશ્રમ થી સંકળાયેલો છે.

ચાર વર્ણ : બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર

ચાર આશ્રમ : બ્રહ્મચર્યાશ્રમ, ગૃહસ્થાશ્રમ, વાનપ્રસ્થાશ્રમ, સંન્યાસ

હિન્દુધર્મ જીવનના ચાર ધ્યેય સ્વીકારે છે.

ધર્મ, અર્થ, કામ, મોક્ષ

આમાના ત્રણ ધર્મ અર્થ અને કામને પુરુષાર્થ કહ્યા છે. અને ઉપનિષદમાં ચોથા મોક્ષને ઉમેરવામાં આવ્યો છે.

મોક્ષ મેળવવાના ચાર માર્ગ બતાવેલા છે.

જ્ઞાન, કર્મ, ભક્તિ, યોગ [૧૪]

### ૧.૩.૧ શ્રમણ પરંપરા

શ્રમણ પરંપરા માનવીના વ્યક્તિગત સ્વાર્થથી ભિન્નગુણોનું પ્રતિનિધિત્વ કરે છે. શ્રમણ પરંપરા સામ્ય- સમાનતા પર પ્રતિષ્ઠિત છે.[૧૫]

પ્રાકૃત શબ્દ 'સમ' પરથી '**समण**' પરંપરા કહેવાય છે. પ્રાકૃતમાં 'સમ્' શબ્દ એટલે સંસ્કૃત ભાષામાં શ્રમ, શમ્ અને સમ્ ના સમાન અર્થમાં વપરાય છે.જેના ત્રણ પર્યાય વાચી શબ્દો બને છે.

(૧) શ્રમણ (૨) સમન (૩) શમન.

**શ્રમણ** - શ્રમણનો અર્થ પરિશ્રમ થાય છે.

**સમન્** - સમાનતા અથવા સમાનપણું થાય છે.

**શમન** - 'શમન'નો અર્થ સંયમ અથવા આત્મ સંયમ થાય છે.[૧૬]

આ પ્રમાણે શ્રમણ સંસ્કૃતિના મૂળમાં શ્રમ-સમ્- શમ્ એ ત્રિવિધ તત્ત્વોનો સમાવેશ થાય છે.

શ્રમણ ધર્મ પુરુષાર્થ, આત્મસંયમ (જીવોની બધા જીવો પોતાના આત્મા સમાન છે. મન અને ચિત્તની સમતા અને સ્થિરતા) ના સિદ્ધાંતો ઉપર આધારિત છે.

શ્રમણ પરંપરામાં આત્મા એટલે કે વ્યક્તિને જ પરમાત્માનું સ્વરૂપ માનવામા આવ્યું છે. આ માન્યતા અનુસાર 'ઈશ્વર' અલગ અસ્તિત્વ ધરાવતો નથી. તે માનવીની અંદર જ છે. આથી આ માન્યતાનુસાર તપશ્ચર્યા. અને ઉચ્ચસાધના દ્વારા પરમેશ્વરત્વ પામી શકાય છે.[૧૭]

શ્રમણ પરંપરામાં ઘણા સંપ્રદાયો હતા. 'આજિવક' 'તાપસ', 'ગેરિક', 'શાકય' અને નિગ્ગંથ. પરંતુ તેમાંથી મુખ્યત્વે બે ધર્મો પોતાનું અસ્તિત્વ ટકાવી શક્યા છે.[૧૮]

(૧) બૌદ્ધ ધર્મ (૨) જૈન ધર્મ

**૧. બૌદ્ધધર્મ**

બૌદ્ધધર્મનાં સંસ્થાપક સિદ્ધાર્થ ગૌતમ ભગવાન મહાવીરના સમકાલીન હતાં. તેઓ ઈ.પૂ.૫૬૭ થી ઈ.સ.પૂર્વે ૪૭૭ દરમ્યાન થઈ ગયા. તેઓએ સંસારમાં એવા ચાર દૃશ્ય જોયા જેનાથી તેમને જીવનની શુન્યતાનું ભાન થયું. તેઓ એ

આ અનંતદુઃખ અને વિટંબણાઓથી મુક્તિ મેળવવા માટે સંન્યાસ લીધો. કઠોર સાધના દ્વારા જ્ઞાનની પ્રાપ્ત કરી. અને તેઓ 'બુદ્ધ' થયા. તેમણે પહેલો ઉપદેશ સારનાથમાં તેમનો પાંચ શિષ્યોને આપ્યો. અને 'ધર્મચક્ર પ્રવર્તન' કહેવાયું. ઈ.સ.પૂર્વે ૪૪૭માં તેઓ મહાપરિનિર્વાણ પામ્યા. ત્યાં સુધી તેમણે ધર્મનો ઉપદેશ આપ્યો. લોકોને દુઃખમાંથી મુક્તિ મેળવવાનો માર્ગ બતાવ્યો.

ગૌતમબુદ્ધના ઉપદેશને 'ચાર ઉત્તમ સત્ય' તરીકે ઓળખવામાં આવે છે. અને તે 'આર્ય અષ્ટાગિ' માર્ગ તરીકે ઓળખાય છે.

ગૌતમબુદ્ધ પોતાના ઉપદેશને તે સમયની લોકબોલી 'પાલીભાષા' માં આપતા હતા. તેમનો ધર્મમાર્ગ કઠોર અને આકરી તપર્શ્ચયાનો નહિ. પરંતુ કઠોર તપશ્ચર્યા અને અત્યંત ભોગોપભોગ જેવા અંતિમ છેડાની વચ્ચેનો મધ્યમ માર્ગ હતો. જે સામાન્ય મનુષ્યને ધર્માભિમુખ કરાવી શક્યો.[૧૯]

**૨. જૈનધર્મ**

ભારતનો ત્રીજો પ્રાચીનધર્મ 'જૈનધર્મ' છે. જૈન પરંપરા પ્રમાણે જૈનધર્મ કોઈ એક વ્યક્તિ કે વ્યક્તિ વિશેષે સ્થાપેલો ધર્મ નથી. તે અનાદિ અનંતકાળથી અસ્તિત્વ ધરાવે છે.

જૈનધર્મના ઈશ્વરજ્ઞાનના ખ્યાલો સ્પષ્ટ અને બુદ્ધિ યુક્ત છે. પૂર્ણ આનંદ કે જ્ઞાન વગેરે મૂળ ધર્મો જેમણે કહ્યા છે. એવા મુક્ત આત્માને જૈનધર્મ ઈશ્વર-જિનેશ્વર તીર્થંકર ભગવંતોને માને છે.[૨૦]

જૈન ધર્માનુસાર જીવમાત્રનું અસ્તિત્વ અનાદિ છે પણ આ ભવભ્રમણમાંથી તે મુક્ત થઈ શકે છે અને અનંત ઐશ્વર્યની સ્થિતિ પામી શકે છે માટે જૈનધર્મમાં જીવના પરમ વિકાસની સીમાને પરમાત્માદશા ગણી છે. અને તેની પ્રાપ્તિને ધર્મનું પરમ લક્ષ્ય ગણ્યું છે તે ટૂંકમાં જૈનધર્મનું લક્ષ્ય ઈશ્વરપ્રાપ્તિનું નહીં પણ ઈશ્વર બનવાનું છે.[૨૧]

આમ કહી શકાય કે 'જૈનધર્મ જિનોનો અથવા તિર્થંકરોએ દર્શાવેલી જીવન પદ્ધતિ છે. આ ધર્મ પોતાના અનુયાયીઓને (સાધારણ જીવમાત્રને) કર્મનો ક્ષયકરી પરમસુખની પ્રાપ્તિ કરવામાં મદદરૂપ થાય છે. સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન, સમ્યક્ ચરિત્ર આ રત્નત્રય મુક્તિ અથવા મોક્ષમાર્ગ છે.[૨૨]

● **જૈન શબ્દોનો અર્થ અને વ્યાખ્યા**

'જૈન' શબ્દ 'જિન ઉપરથી ઉદ્‌ભવેલો છે. "**जिन**" શબ્દ સંસ્કૃત ધાતુ "**जि-जय**" ઉપરથી ઉતરી આવેલો છે. તેથી તેનો અર્થ વિજેતા એવો થાય છે.

આમ જેઓ જિનેશ્વરોના અનુયાયીઓ છે તેમને 'જૈન' કહેવાય છે. અને જૈનો જે ધર્મ આરાધના કરે છે તેને જૈનધર્મ કહેવાય છે.[૨૩]

## ૧.૪ જૈન ધર્મના પાયાના સિદ્ધાંતો

જગતમાં ધર્મો તો ઘણા છે. સૌ ધર્મો સત્ય પામવા માટે મથે છે. સુખનો માર્ગ દર્શાવે છે. સાધક વત્તે ઓછે અંશે તેને અનુસારે છે. અને આધ્યાત્મિક માર્ગદર્શન મેળવવા મંથન કરે છે. આમ જોઈએ તો દરેક ધર્મ પોતે પોતાની આધ્યાત્મિક ધારણા ઉપર ઉભો છે. આ ધારણા જેટલી વાસ્તવિક અને વૈજ્ઞાનિક તેટલે અંશે તે ધર્મ વધારે સાતત્યતાયુક્ત લાગે છે. અને બુદ્ધિને વધારે સ્વીકાર્ય બને છે. આજે જગતમાં જૈન ધર્મ પ્રતિ જે જિજ્ઞાસા જોવા મળે છે. કારણ કે ધર્મની મૂળભૂત ધારણાઓ વધારે વૈજ્ઞાનિક છે.[૨૪]

જૈન ધર્મના પાયાના સિદ્ધાંતો નીચે પ્રમાણે છે.

● **જૈન આચારમાં વ્રતો**

### ૧.૪.૧ અહિંસા

અહિંસા એ જૈનધર્મ નો સૌથી પહેલો અગત્યનો સિદ્ધાંત છે. જૈનધર્મમાં સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકા માટે પાંચ મહાવ્રતો અને અણુવ્રતની પ્રરૂપણા તીર્થંકરોએ કરી.

અહિંસા એટલે હિંસાનો અભાવ પાંચ વ્રતોમાં અહિંસા પહેલું વ્રત છે. અહિસા એટલે હિંસાનો અભાવ. બે કે તેથી વધુ ઈન્દ્રિયો ધરાવતા ત્રસ્ત અથવા જીવિત પ્રાણીની ઈરાદાપૂર્વક, બીજા મારફત કે અનુમતિ આપીને હિંસા કરવામાંથી જે અટકે છે તે અહિંસા મહાવ્રત નું પાલન કરે છે. જૈન ચિંતકોનું કહેવું છે કે અહિંસા પરમધર્મ છે.[૨૫]

દયાને સર્વ પ્રાણીઓની કલ્યાણમયી માતા સાગર સાગરમાં, દુઃખમાં ભટકતા પ્રાણીઓનું અમૃત કરે છે.[૨૬] શ્રીસમંતભંદ્ર કહે છે અહિંસા જગતનાં પ્રાણીઓ માટે પરબ્રહ્મ સમાન છે.[૨૭]

જૈનધર્મમાં માંસાહારનો નિષેધ કરવામા આવ્યો છે. દિવસ કરતાં રાત્રે સ્થૂલ તથા વિશેષતઃ સૂક્ષ્મ જીવોની હિંસાની વધારે શક્યતા હોવાથી જૈનધર્મમાં રાત્રિભોજનનો પણ નિષેધ કરવામાં આવ્યો છે.[૨૮]

### ૧.૪.૨ સત્ય

સત્યનું સ્વરૂપ સમજી શકાય તેવું છે. શ્રીઉમાસ્વામી કહે છે કે જે પ્રસંશનીય નથી તેને બોલવું તે અસત્ય.[૨૯]

સત્ય હંમેશા વિજયી નીવડે છે. તેથી સત્યના આદર્શને વળગીને રહેવું જોઈએ.[૩૦]

સત્યના આધારે જ જગત ટકી રહ્યું છે. વ્યવહાર અને ધર્મના પાયામાં સત્ય રહેલું છે. માટે સત્યવચન બોલવું જોઈએ.[૩૧] સત્યએ સાધુનું બીજુ મહાવ્રત અને શ્રાવકનું બીજુ અણુવ્રત છે.

### ૧.૪.૩ અચૌર્ય

શ્રી ઉમાસ્વામી ચોરીની વ્યાખ્યા એ પ્રમાણે આપે છે. "જે આપવામાં નથી આવ્યું તેને લેવું તે ચોરી છે. ન આપેલી વસ્તુ લેવી તે ચોરી કર્યા બરાબર છે.[૩૨] અચૌર્યનો અર્થ અસ્તેય, ચોરી ન કરવી.[૩૩]

### ૧.૪.૪ બ્રહ્મચર્ય

અબ્રહ્મચર્ય એટલે દરેક પ્રકારનો જાતિય સંબંધ હિંસાત્મક છે. આત્મોન્નતિમાં બાધક છે. આ વ્રત પાળવું કઠિન છે. ઈન્દ્રિયોના સુખભોગની લાલસામાંથી ઘણા અનર્થોજન્મે છે. અને અશુભ કર્મો બંધાય છે.[૩૪]

બ્રહ્મચર્ય શારીરિક આરોગ્યમાં તેમજ આધ્યાત્મિક સાધનામાં ઉપકારક છે.

### ૧.૪.૫ અપરિગ્રહ

શ્રી અમૃતચન્દ્ર સૂરિ પરિગ્રહની વ્યાખ્યા આ પ્રમાણે કરે છે. "પરિગ્રહ એટલે આસક્તિ તે મોહ અથવા મોહનીય કર્મના પરિણામે ઉત્પન્ન થાય છે. પરિગ્રહની બધી ભાવનાનો ત્યાગ તે અપરિગ્રહ. પરિગ્રહ અથવા સંપત્તિ પ્રત્યેની આસક્તિ બે પ્રકારની છે." બાહ્ય પરિગ્રહ અને અભ્યંતર પરિગ્રહ.[૩૫]

આ વ્રતનો ઉદ્દેશ એ છે કે પ્રત્યેક ગૃહસ્થે માલિકીની વસ્તુઓ (સજીવ અને નિર્જીવ) ના સ્વરૂપ તેમજ વિસ્તાર અંગે અંકુશો રાખવા જોઈએ. જેથી લોભ

કાબુમાં રહે, ત્યાગ એ જીવન જીવવાનો સાચો માર્ગ છે. પણ દરેક માટે તેનું અનુસરણ શક્ય નથી. આથી અપરિગ્રહ પર જાતે મર્યાદા નક્કી કરવી જરૂરી છે.

આસક્તિમાં જ પરિગ્રહનું પાપ રહેલું છે. ચીજવસ્તુઓનો અનાવશ્યક સંગ્રહ કે પરિગ્રહ સામાજિક અપરાધ છે અને અશાંતિનું મૂળ છે. માટે ગૃહસ્થે પણ પોતાની ચીજવસ્તુઓ મર્યાદિત પ્રમાણમાં રાખવી જોઈએ.[૩૬]

## ૧.૫ અનેકાંતવાદ

અનેકાંતવાદ એ જૈનધર્મનો એક મહત્ત્વનો સિદ્ધાંત છે. કોઈપણ વસ્તુના અનેક અંત એટલે કે ગુણધર્મો હોય છે. વસ્તુના પ્રત્યેક ધર્મને ગુણને અંતને પૂરીરીતે તપાસી તેમાંથી સમગ્ર પણે સત્ય તારવવું જોઈએ. કોઈપણ વિષય, વિચાર, વસ્તુ, પરિસ્થિતિ ઈત્યાદિને વધુમાં વધુ દૃષ્ટિકોણથી વધુમાં વધુ વિગતોથી અને વધુમાં વધુ ઉંડાણથી તપાસવા અને તેમાં દેખાતાં પરસ્પર વિરોધી એવા તત્ત્વોનો સમન્વય કરીને સત્ય તારવવું તે અનેકાંતવાદ, સત્ય એક છે પરંતુ તેના સ્વરુપ અનંત હોઈ શકે છે. એ સ્વરૂપોનું જુદી જુદી અપેક્ષાએ દર્શન કરવું તે અનેકાંતવાદ.'

અનેકાંતવાદ માટે પારિભાષિક શબ્દ છે. 'સ્યાદ'. 'સ્યાત્' એટલે કથંચિત એટલે કે કેટલુંક જાણવા મળ્યુ છે. પરંતુ ઘણું જાણવાનું બાકી છે. અનેકાંતવાદ સિદ્ધાંત છે અને એ સિદ્ધાંતને અમલમાં મુકવાની રીતિ, પદ્ધતિ કે શૈલી તે સ્યાદ્રાદ છે એને સમજવા માટે અંધહસ્તીન્યાયનું ઉદાહરણ સુપ્રસિદ્ધ છે.[૩૭]

અનેકાંતવાદને જીવનમાં ઉતારવાથી રાગદ્વેષ ઘટે છે. વિસંવાદ દૂર થાય છે. કલેશ ઓછો થાય છે. સમભાવ જન્મે છે. મિત્રતા વિકસે છે. અને સંવાદ તથા શાંતિ સ્થપાય છે. આથી જ કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વમાં સમાધાન, શાંતિ અને સંવાદ સ્થાપવા માટે અનેકાંતવાદ ઉત્તમ ફાળો આપી શકે.[૩૮]

## ૧.૬ કર્મનો સિદ્ધાંત

આ વિશ્વ તરફ નજર કરતાં પ્રથમ ક્ષણે જ આશ્ચર્ય ની સાથે પ્રશ્ન થાય છે. આ સંસારમા આટલી બધી વિચિત્રતા કેમ ! માનવી સમાન હોવા છતાં કોઈ દુઃખી, કોઈ સુખી, કોઈ ધનવાન, કોઈ નિર્ધન, એક જ માતાની કુક્ષીમાં જન્મેલ બે બાળકોમાં પણ કેટલો બધો તફાવત ? આ બધી વિષમતાનું કારણ શું ?

વીતરાગ સર્વજ્ઞે પોતાના જ્ઞાનમાં તેનું કારણ જોઈને દર્શાવ્યું છે કે આ બધા વિષમભાવોનું કારણ એક જ છે. અને તે છે જીવે પોતે બાંધેલા કર્મ.[૩૯]

કર્મ સંસારી જીવોને હોય છે. જીવો આ સંસારમાં વિવિધ યોનીમાં શુભાશુભ ઉદયે પરિભ્રમણ કર્યા કરે છે. 'ઉત્તરાધ્યયનું સૂત્ર'માં કર્મને નીચે પ્રમાણે સમજાવ્યું છે.

જીવના પોતાના જ પરિણામથી કર્મબંધ થાય છે. કર્મ કર્તાને અનુસરે છે. કરેલા કર્મો ભોગવ્યા સિવાય આ જીવનો તેમાંથી છૂટકારો થતો નથી આમ કર્મનો કર્તા તથા ભોક્તા જીવ પોતે છે તે જ રીતે તેમાંથી મુક્ત થનાર પણ જીવાત્મા પોતે જ છે.[૪૦]

કર્મબંધનું કારણ અજ્ઞાનતા છે. શરીર અને આત્માનો ભેદ ન સમજવાના. મન, વચન, કાયાના પ્રવૃત્તિઓથી કર્મના મુખ્ય પાંચ કારણ છે. મિથ્યાત્વ, અવ્રત, કષાય, પ્રમાર્દ, અશુભ યોગ.[૪૧]

કર્મો આઠ પ્રકારના છે.

૧. જ્ઞાનાવરણીય કર્મ, ૨. દર્શનાવરીણય કર્મ, ૩. મોહનીય કર્મ, ૪. વેદનીયકર્મ, ૫. આયુષ્યકર્મ, ૬.નામકર્મ, ૭. ગોત્રકર્મ, ૮. અંતરાયકર્મ.[૪૨]

● **કર્મચક્ર**

ભૂતકાળમાં બાંધેલા કર્મનો ઉદય-સારા/શુભ અથવા નરસા/ અશુભ ફળ આપે- ફળ ભોગવતી વખતે આત્માના પરિણામો શુભ અથવા અશુભ- નવા કર્મોનો બંધ- કર્મોનો ઉદય (આત્માના અજ્ઞાનને લઈને) આ ચક્રનો નાશ કેમ થાય ?

આ કર્મ ચક્રનો નાશ કરવાનો અને આત્માને સદા માટે મુક્ત કરવાનો માર્ગ.

જે જીવને પોતાના મૂળસ્વરૂપનું જ્ઞાન થયું હોય તે જીવ બાંધેલા કર્મો ઉદયમાં આવે ત્યારે નવા કર્મો ન બંધાય તે માટે સજાગ રહે છે.

ઉદયમાં આવેલા કર્મોના ફળ રાગ-દ્વેષ વગર સમભાવે ભોગવે છે. અને તેથી નવા કર્મો નથી બંધાતો ઉદયમાં આવેલા કર્મો ફળ આપી નિર્જરી જાય છે. આ રીતે આવેલા કર્મ ફળ આપી નિર્જરી જાય છે. આ રીતે સાચું જ્ઞાન સાચી શ્રદ્ધા અને સચા આચરણથી આત્મા કર્મચક્રમાંથી મુક્ત બને છે.[૪૩]

## ૧.૭ મોક્ષમાર્ગ

સર્વ કર્મોના ક્ષયથી આત્માના શુદ્ધ અવિચલિત સ્વરૂપની પ્રાપ્તિ થવી તે મુક્તિ કહેવાય છે. આવી મુક્તિ પ્રાપ્ત કરવા માટેનો ધોરી માર્ગ છે. સમ્યક દર્શન, સમ્યક જ્ઞાન, સમ્યક્ ચરિત્ર આ ત્રણ ગુણોની પ્રાપ્તિ થવી. આ ત્રણ ગુણો રત્ન તુલ્ય હોવાથી તે ત્રણ ગુણ તે 'રત્નાત્રયી' કહેવાય છે.

૧. વીતરાગ સર્વજ્ઞ એવા તીર્થંકર ભગવંતોએ બતાવેલા તત્ત્વો ઉપર રુચિ-પ્રીતિ-વિશ્વાસ કરવો. તે જ સંપૂર્ણ સત્ય છે. એમ માનવું તે સમ્યક દર્શન કહેવાય છે.

૨. તેઓએ બતાવેલા જીવ-અજીવ આદિ તત્ત્વોનું શ્રદ્ધાપૂર્વક યથાર્થ જ્ઞાન કરવું તે સમ્યક્ જ્ઞાન કહેવાય.

૩. તેઓના વચનોને અનુસરે હેય વસ્તુના ત્યાગપૂર્વક અને આત્માને હિતકારી અને ઉપાદેય વસ્તુના સ્વીકારપૂર્વક જીવન પવિત્ર બનાવવું તે અર્થાત્ ભોગોને અસાર સમજી વૈરાગ્યપૂર્વક તેનો ત્યાગ કરવો તે સમ્યક્ ચારિત્ર છે

આ જગતમાં પ્રાણીઓ માટે દુર્લભ પરમ મુલ્યવાન ચાર વસ્તુઓ છે. માનવજન્મ, સાચા ધર્મનો ઉપદેશ, શ્રદ્ધા અને આત્મનિગ્રહની પ્રબળ શક્તિ, (પુરુષાર્થ) સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન અને સમ્યક ચારિત્ર અને તપશ્ચર્યાનો માર્ગ સ્વીકારવાથી મોક્ષ પ્રાપ્ત થાય.[૪૪]

જ્યારે આત્મા આઠે પ્રકારના બધા કર્મોના બંધનથી છૂટી જાય છે ત્યારે મુક્તિ પામે છે. મુક્ત થયેલો જીવ એના મૂળ સ્વભાવની ઉર્ધ્વગતિથી લોકના એકદમ ઉપરના ભાગમાં સિદ્ધ ક્ષેત્રમાં પહોંચે છે. અને હંમેશ માટે ત્યાં શુદ્ધ આત્માના સ્વરૂપમાં સ્થાયી થઈને રહે છે. આ સિદ્ધના જીવો અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતશક્તિ ધરાવે છે.[૪૫]

આ ઉપરાંત અનિશ્વરવાદ, અધ્યાત્મવાદ, અસ્થિત્વવાદ નવતત્વ, ષટ્દ્રવ્ય, પાંચ પ્રકારના જ્ઞાન વિગેરે પણ જૈન ધર્મના અગત્યના સિદ્ધાંત છે.

ઉપરના બધા જ સિદ્ધાંતો તીર્થંકર દ્વારા પ્રરૂપિત છે. એવા જ તર્થંકર પરમાત્માનો પરિચય તથા તેમના લક્ષણો આગળના પ્રકરણમા દર્શાવેલ છે. લોગસ્સસૂત્રમાં તીર્થંકરોની સ્તુતિનું વિશેષ મહત્ત્વ છે તેથી તીર્થંકરોનો વિગતવાર અભ્યાસ કરેલ છે.

# પ્રકરણ-૧

## પાદટીપ

૧. પ્રા.ટી.કે. તુકોલ "જૈનદર્શન, પૃષ્ઠ-૧

૨. સ.પન્યાસ શ્રી મહાબોધિવિજયજી ગણિધર, અરિહંત પરમાત્માની ઓળખાણ, પૃ.૧

૩. એજન, પૃ.૧

૪. પ્રા.ટી.કે. તુકોલ, જૈનદર્શન, પૃ.૧

૫. પ્રો.ઝવેરચંદ વિઠ્ઠલરાય કોઠારી, જૈનદર્શન પૃ.૩

૬. ભ્રૂદ્રબાહુ વિજય, જૈનધર્મ, પૃ.૨

૭. એજન, પૃ.૨

૮. સુનંદાબેન વોરા, જૈન સિદ્ધાંતિક શબ્દ પરિચય, પૃ.૧૧૮

૯. મુનિશ્રી ન્યાયવિજયજી, જૈનદર્શન પૃ.૧

૧૦. ડૉ.નગીન જી.શાહ, જૈનદર્શન, હિન્દી પૃ.૪

૧૧. ભદ્રબાહુ વિજય, જૈનધર્મ, પૃ.૨

૧૨. પ્રા.ઝવેરચંદ વિઠ્ઠલદાસ કોઠારી, જેનદર્શન, પૃ.૮

૧૩. એ.એલ.બાસમ, સર્ટીફિકેટ કોર્સ ઈન જૈનલોજી પૃ.૧

૧૪. એજન પૃ.૨

૧૫. પ્રો.ઝવેરચંદ વિઠ્ઠલદાસ કોઠારી, જૈનદર્શન, પૃ.૪

૧૬. એજન, પૃ.૯

૧૭. એજન, પૃ.૩

૧૮. એ.એલ.બાસમ, સર્ટીફિકેટ કોર્સ ઈન જૈનલોજી પૃ.૨

૧૯. એજન, પૃ.૩

૨૦. પ્રા.ટી.કે.તુકોલ, જૈનદર્શન, પૃ.૨

૨૧. ચંદ્રહાસ ત્રિપાઠી, જૈનધર્મનું હાર્દ, પૃ.૨

૨૨. પ્રા.ટી.કે.તુકોલ જૈનદર્શન, પૃ.૩

૨૩. પ્રો.ઝવેરચંદ વિઠ્ઠલદાસ કોઠારી, જૈનદર્શન, પૃ.૧૦

૨૪. ચંદ્રહાસ ત્રિપાઠી, જૈનધર્મનું હાર્દ, પૃ.૨

૨૫. પ્રા.ટી.કે.તુકોલ, જૈનદર્શન, પૃ.૧૫૩

૨૬. એજન, પૃ.૧૫૮

૨૭. ૨૬. એજન, પૃ.૧૫૮

૨૮. રમણલાલ સી.શાહ જૈનધર્મ, પૃ.૧૬

૨૯. પ્રા.ટી.કે.તુકોલ, જૈનદર્શન, પૃ.૧૫૮

૩૦. એજન, ૧૬૦

૩૧. રમણલાલ સી શાહ જૈનધર્મ, પૃ.૧૭

૩૨. પ્રા.ટી.કે.તુકોલ, જૈનદર્શન, પૃ.૧૬૧

૩૩. સુનંદાવોરા, જૈન સૈદ્ધાંતિક શબ્દ પરિચય, પૃ.૫

૩૪. પ્રા.ટી.કે.તુકોલ, જૈનદર્શન, પૃ.૧૬૨

૩૫. એજન, પૃ.૧૬૪, ૧૬૫

૩૬. રમણલાલ સી.શાહ, જૈનધર્મ, પૃ.૧૯

૩૭. ચંદ્રકાન્ત દોશી, સર્ટીફિકેટ કોર્સ ઈન જૈનોલોજી, પૃ.૭૯

૩૮. રમણલાલ સી.શાહ, જૈનધર્મ, પૃ.૨૮-૨૯

૩૯. શ્રી વિનાતાબાઈ મહાસતીજી, સચિત્ર જૈનતત્ત્વદર્શન, ભાગ-૧,પૃ.૧૫

૪૦. એજન, પૃ.૧૫

૪૧. એજન, પૃ.૧૫

૪૨. ચંદ્રકાન્ત દોશી, સર્ટીફિકેટ કોર્સ ઈન જૈનોલોજી, પૃ.૬૬

૪૩. એજન, પૃ.૬૭

૪૪. પ્રા.ટી.કે.તુકોલ, જૈનદર્શન, પૃ.૨૧૭

૪૫. ચંદ્રકાન્ત દોશી, સર્ટીફિકેટ કોર્સ ઈન જૈનોલોજી, પૃ.૬૬

# પ્રકરણ-૨
# તીર્થંકર અને તેના લક્ષણો


૨.૧ જૈનધર્મમાં કાળચક્ર

૨.૨ તીર્થંકરનું આગમન

૨.૩ તીર્થંકરો ચોવીસ જ શા માટે ?

૨.૪ તીર્થ અને તીર્થંકર

૨.૫ તીર્થંકરની વિશેષતાઓ

૨.૬ તીર્થંકર નામગોત્ર

૨.૭ તીર્થંકરના ગુણો

૨.૮ તીર્થંકરના અતિશયો

૨.૯ તીર્થંકરના અષ્ટ મહાપ્રાતિહાર્ય

૨.૧૦ અઢારદોષ રહિત એવા તીર્થંકર

૨.૧૧ તીર્થંકરના પંચ કલ્યાણક

૨.૧૨ તીર્થંકરના લાંછન

# પ્રકરણ-૨
# તીર્થંકર અને તેના લક્ષણો

ઉચ્ચ આદર્શ પુરુષો, ઉચ્ચ આદર્શ જીવનસરણી અને ઉચ્ચ આદર્શ સિદ્ધાંત જોઈએ તો જ આભામાંથી અનાદિની ઠાંસીને ભરેલી મલિનતા દૂર થઈ જાય અને આત્મામાં એ ઉચ્ચ આદર્શો, પવિત્રતા, પુરુષાર્થ વગેરે ઝગમગતા તથા જીવનવ્યાપી બની જાય. આમ જીવાત્માને આત્મામાંથી પરમાત્મા બનાવવાનો અણમોલ ઉપદેશ તીર્થંકર પરમાત્માએ આપ્યો.

દરેક અવસર્પિણી અને ઉત્સર્પિણીમાં છ-છ આરામાં ફક્ત ચોવીસ તીર્થંકર થાય છે. સાધુ-સાધ્વી, શ્રાવક, શ્રાવિકા રૂપ ચર્તુવિધસંઘ- તીર્થની સ્થાપના કરવાનું પદ તીર્થંકરો જ પ્રાપ્ત કરે છે. તેઓ સાધારણ જીવની જેમ જ જન્મ લે છે. પરંતુ ઉચ્ચ સાધના તથા તપશ્ચર્યા દ્વારા સ્વયંબુદ્ધ બને છે. ત્યારબાદ તેઓ જૈનધર્મના પ્રચાર પ્રસાર કરે છે. અને ધર્મની સમજ લોકોને આપે છે. તેઓ નવા ધર્મની સ્થાપના કરતા નથી. પરંતુ ધર્મમાં કાળક્રમે પ્રવેશેલી શિથિલતાને દૂર કરી નવચેતના રેડે છે.[૧]

તીર્થંકર શબ્દ જૈનદર્શન અને સાહિત્યનો આગવો પારિભાષિક શબ્દ છે. જૈનદર્શનનું સાહિત્ય એવા આગમો, આગમેતર ગ્રંથો તથા વિવિધ શ્લોકો, ગાથાઓ અને પ્રાર્થનામાં 'તીર્થંકર' શબ્દ વ્યાપક રીતે ઉલ્લેખ થયેલો જોવા મળે છે.[૨]

### ૨.૧ જૈનધર્મમાં કાળચક્ર

જૈન પરંપરા અનુસાર સૃષ્ટિ અનાદિ ગતિશીલ છે. તેને કોઈ આદિ નથી કે કોઈ અંત નથી.[૩]

જૈન દર્શનની સ્પષ્ટ અવધારણા છે. આ દશ્યમાન પરિણામી નીત્ય છે. દ્રવ્ય નિત્ય છે ધ્રુવ છે પરંતુ પર્યાયની અપેક્ષાએ તે પ્રતિક્ષણ પરિવર્તનશીલ છે. જેવી રીતે રાત્રિ પછી દિવસ અને દિવસ પછી રાત્રિ આવે છે. વર્ષમાં છ વાર ઋતુ બદલાય છે. અને તે એક નિશ્ચિત સમયમર્યાદા સાથે પરિવર્તન થતી રહે છે. તેવી જ રીતે કાળનો ક્રમ પણ નિરંતર બદલાતો રહે છે. સપ્તાહ, પખવાડિયું, મહિનો, વર્ષ, યુગ વિગેરે રૂપ.[૪]

*આ પરિવર્તન વડે જ સૃષ્ટિનું સંચાલન ચાલી રહ્યું છે.* આમા ન ક્યારેય સર્વથા વિનાશ થાય છે કે ન ક્યારેય એકલી ઉત્પત્તિ થાય છે. સૃષ્ટિ પોતાના મૂળ તત્ત્વોના સંયોજન વિઘટન દ્વારા સતત ગતિશીલ રહે છે. જીવોની ક્યારેક દુઃખની તો ક્યારેક સુખની પરંપરા ચાલે છે.[૫]

આ ઉન્નતિ અને અવનતિ સમયની અપેક્ષાએ છે. વ્યક્તિની અપેક્ષાએ નથી"[૬] આમ કાળની અપેક્ષાએ સામુહિક પરિવર્તન થાય છે.[૭]

જૈનદર્શન પ્રમાણે કાળને એક ચક્રની ઉપમા આપવામાં આવી છે. જે ઘડિયાળના કાંટા પ્રમાણે વર્તુળકારે ફરે છે. આ વર્તુળનો સરખા બે વિભાગમાં વહેંચવામા આવે છે. જ્યારે કાંટો ઉપરથી નીચે તરફ આવે છે ત્યારે તેને અવસર્પિણીકાળ કહેવામાં આવે છે. અને જ્યારે કાંટો નીચેથી ઉપર તરફ આવે છે. ત્યારે તેને ઉત્સર્પિણીકાળ કહેવામાં આવે છે. આમ જેમ ચક્રમાં આરા છે તેમ "કાળચક્રમાં પણ ૧૨ આરા માનવામાં આવે છે. આ ૧૨ આરા બે વિભાગમાં વિભાજિત કરવામાં આવે છે. અવસર્પિણી અને ઉત્સર્પિણીકાળને સરખા ૬-૬ આરામાં વિભાજીત કરવામાં આવ્યા છે."[૮] "આવા એક કાળચક્રને કલ્પ કહેવામાં આવે છે."[૯]

**કાળચક્ર**

| **અવસર્પિણીકાળ** | **ઉત્સર્પિણીકાળ** |
|---|---|
| ૧. સુષમા-સુષમા (સુખમ-સુખમ) | દુષમા-દુષમા |
| ૨. સુષમા (સુખમ) | દુષમા |
| *૩. સુષમા- દુષમા (સુખમ-દુખમ)* | દુષમા-સુષમા |
| ૪. દુષમા-સુષમા (દુઃખમ્- સુખમ્) | સુષમા-દુષમા |
| ૫. દુષમા (દુઃખમ્) | સુષમા |
| ૬. દુષમા-દુષમા (દુઃખમ્ -દુઃખમ) | સુષમા-સુષમા |

**કાળચક્રનું ચિત્ર પરિશિષ્ટ-૧માં આપેલ છે.**

અવસર્પિણી કાળ દરમ્યાન શુભ સારા પુદ્ગલોની સંખ્યા ક્રમશઃ ઘટતી જાય છે. જ્યારે ઉત્સર્પિણીકાળમાં તેનાથી ઉલટું થાય છે તે દરમ્યાન અશુભ પુદ્ગલો ઓછા થાય છે. ને શુભપુદ્ગલો ક્રમવાર વધતા જાય છે.[૧૦]

## ૨.૨ *તીર્થંકરનું આગમન*

કાળચક્રના અવસર્પિણી કાળના ત્રીજા આરાના અંતભાગમાં ૮૪ લાખ પૂર્વ અને ૮૯ પક્ષ બાકી હોય ત્યારે ધર્મચક્રની પ્રવૃત્તિ કરનાર પ્રથમ તીર્થંકર નો જન્મ થાય છે. રાજચક્રની વ્યવસ્થા કરનાર પ્રથમ ચક્રવર્તી થાય છે. ત્યાર પછી ચોથા આરામાં બાકીના ૨૩ તીર્થંકરો, ૧૧ ચક્રવર્તી, ૯ બળદેવ, ૯ વાસુદેવ અને ૯ પ્રતિવાસુદેવ વગેરે શલાખા પુરુષોનો જન્મ થાય છે. આમ ત્રીજા આરાના અંતે અને ચોથા આરામા મળીને કુલ ત્રેષઠ શલાખા પુરુષો ઉત્પન્ન થાય છે. જ્યારે પહેલા, બીજા, પાંચમા અને છઠ્ઠા આરામાં આવા કોઈ પુરુષો ઉત્પન્ન થતા નથી.

આજ પ્રમાણે ઉત્સર્પિણીકાળમાં પણ ત્રીજા અને ચોથા આરામાં જ તેવા વિશિષ્ટ એટલે કે ત્રેષઠ શલાખા પુરુષો જેવા કે ચોવીસ તીર્થંકરોનું આગમન થાય છે.

"આના પરથી જૈન પરંપરામાં જણાવાયું છે કે અત્યંત સુખની દશામાં કે અત્યંત દુઃખની દશામાં મહાપુરુષોના તેમાં પણ સર્વશ્રેષ્ઠ એવા તીર્થંકર ભગવંતોના જન્મનો અવકાશ નથી તેમ ફલિત થાય છે. પરંતુ જ્યારે સુખ દુઃખ મધ્યમ પ્રમાણમાં હોય છે ત્યારે તેઓ જન્મ લે છે. અને ધર્મ પ્રવર્તન કરે છે."[૧૧]

## ૨.૩ તીર્થંકરો ચોવીસ શા માટે ?

જૈનદર્શન પ્રમાણે તેની ભૂગોળમાં અઢીદ્વીપક્ષેત્રનું વર્ણન છે.

૧. જંબુદ્વીપક્ષેત્ર, ૨. ઘાતકી ખંડ, ૩. અર્ધપુષ્કર દ્વીપ

આ અઢી દ્વીપક્ષેત્રોમાં પંદર કર્મભૂમિ છે. તેમાં પાંચ ભરત પાંચ ઐરાવત અને પાંચ મહાવિદ્યેહ ક્ષેત્ર છે. તેમના ૧૭૦ ભૂભાગ એવા છે કે જ્યાં તીર્થંકર બનીશકે. એક જ સમયે ઓછામા ઓછા વીસ અને ઉત્કૃષ્ટા (વધુમા વધુ) એકસો સીત્તેર તીર્થંકર થઈ શકે."[૧૨]

મહાવિદેહ ક્ષેત્રમાં કાળનું પ્રમાણ હંમેશા અંક જેવું જ હોય છે. ત્યાં ઉત્સર્પિણી અને અવસર્પિણીકાળ બદલાતો નથી. પરંતુ સદા અવસર્પિણીકાળના ચોથા આરા સમાન સ્થિતિ હોય છે. ત્યાં તીર્થંકરની વિદ્યમાનતા છે. ત્યાં ધર્મનું સ્થાયી સ્વરૂપ રહે છે.

### ૨.૪ તીર્થ અને તીર્થંકર

*તીર્થ શબ્દની વ્યુત્પત્તિ* **व्युत्पति तीर्यडेनन इति तीर्थम्** *જેના વડે તરાય* તે તીર્થ એ પ્રમાણે થાય છે.[૧૩]

આવશ્યક નિર્યુક્તિમાં કહેવાયું છે કે તીર્થના અનેક પ્રકારનો છે. નામ તીર્થ, સ્થાપના તીર્થ, દ્રવ્યતીર્થ, ભાવતીર્થ વગેરે.[૧૪]

**'तीर्थ करोति इसि तीर्थवीर'** તીર્થંકરનો સામાન્ય અને વ્યાપક અર્થ થાય છે તીર્થ.

મુનિ સુમેરમલજી જણાવે છે.

" જે સંસાર સમુદ્ર તરવામાં યોગભૂત બને છે. તે તીર્થ અર્થાત્ પ્રવચન હોય છે તે પ્રવચનને સાધુ-સાધ્વી, શ્રાવક શ્રાવિકા ધારણ કરે છે. આ ચતુર્વિધ સંઘ પણ તીર્થ સમાન છે. અને તેનાં સ્થાપક તીર્થંકર કહેવાય છે."[૧૫]

"જે તારે તે 'તીર્થ' અને જે તીર્થ પ્રર્વતાવે તે 'તીર્થંકર'"[૧૬]

આ ઉપરાંત 'અર્હત', 'જિન', 'વિતરાગ', 'સર્વજ્ઞ', પરમેષ્ઠિ વગેરે પણ તીર્થંકર માટે જૈનસાહિત્યમાં વપરાતા પર્યાયવાચી શબ્દ છે.[૧૭]

### ૨.૫ તીર્થંકરની વિશિષ્ટતાઓ

જૈન પરંપરા પ્રમાણે કોઈપણ સાધારણ આત્મા વિશિષ્ટ અને ઉચ્ચસાધના તથા તત્ત્વ દ્વારા પરમાત્મા પદ પ્રાપ્ત કરી શકે છે.

જૈન દર્શનુસાર 'તીર્થંકર' બનનાર આત્મા મોક્ષની પ્રાપ્તિ કરી શકે છે. પછી સંસારમાં ફરી અવતરતા નથી.

તીર્થંકરના નામગોત્ર, અતિષયો, મહાપ્રાતિહાર્યોના વિશેષ સ્વરૂપનું વર્ણન પ્રાચીનગ્રંથો સમવાયાંગ સૂત્ર, મહાનિસીથ સૂત્ર, વીતરાગ સ્તવ, અભિધાન ચિંતામણી, કલ્પસૂત્ર, લોકપ્રકાશ વગેરેમાં વિસ્તારપૂર્વક છે.

### ૨.૬ તીર્થંકરપદ- નામગોત્ર

તીર્થંકર તેઓ જ બને છે. જેમણે પૂર્વભવમાં તીર્થંકર નામ કર્મની પ્રકૃતિનું ઉપાર્જન કર્યું હોય. આ પૂણ્યકર્મની ઉત્કૃષ્ટ પ્રકૃતિ છે. જૈન આગમ જ્ઞાતાધર્મકથામાં તેના બંધના વીશ કારણો બતાવ્યા છે.

(૧) અરિહંતની ઉત્કૃષ્ટ ભક્તિ (૨) સિદ્ધની ઉત્કૃષ્ટ ભક્તિ (૩) જિન-પ્રવચન

(ઉપદેશ) પ્રત્યે ઉત્કૃષ્ટ શ્રદ્ધા (૪) ગુરુની ઉપાસના (૫) સ્થવિરની ઉપાસના (૬) જ્ઞાનની ઉપાસના (૭) તપસ્વીની ઉપાસના (૮) જ્ઞાન મેળવવા માટે અવિરત ધ્યાન (૯) દોષ વગરની સામાયિકની આરાધના (૧૦) ગુણવાનનું સન્માન કરવાથી (૧૧) પ્રતિક્રમણ કરવાથી (૧૨) બ્રહ્મચર્ય વગેરે વ્રતોનું ઘણા જ ખંતથી ધ્યાનપૂર્વક પાલન કરવાથી (૧૩) ધાર્મિક ક્રિયાઓમાં સંપૂર્ણ જાગૃતિ (૧૪) આત્મ સંયમ (૧૫) પ્રાયશ્ચિત/તપશ્ચર્યા (૧૬) રોગ/બિમાર સાધુઓની મનપૂર્વક વૈયાવચ્ચ/ચાકરી (૧૭) બીમાર સાધુઓને આરામમાં રાખવાથી (૧૮) ઉંડા જ્ઞાન માટે અભ્યાસ કરવાથી (૧૯) અર્હતના ઉપદેશમાં, દૃઢ શ્રદ્ધા રાખવાથી (૨૦) જૈન શાસનને ઉજ્જવળ બતાવવાથી એનું ગૌરવ વધારવાથી"[૧૮]

આમાંથી કોઈપણ એક અથવા વધારે પ્રકારની ઉત્તમ આરાધના અર્થાત્ ઉચ્ચભાવના આરાધનાથી 'તીર્થંકર નામ કર્મનો બંધ થાય છે. તીર્થંકર પદ માટે પૂર્વભવમાં વિશિષ્ટ આરાધના કરવી જરૂરી છે. આમ જૈનદર્શનની માન્યતા પ્રમાણે કોઈપણ જીવાત્મા ઉપર દર્શાવેલ પુરુષાર્થ દ્વારા તીર્થંકર નામ ગોત્ર બાંધી શકે છે.

## ૨.૭ તીર્થંકરના ગુણો :

ઘાતીકર્મોનો ક્ષય કરવાથી તીર્થંકરપદની પ્રાપ્તિ થાય છે. તે તીર્થંકર પરમાત્માના ૧૨ ગુણ, ચોત્રીસ અતિષય, પાંત્રીસ વાણીના ગુણો પ્રાપ્ત કરે છે. અને તેઓ અઢાર દોષ રહિત હોય છે. જેનું વિસ્તૃત વર્ણન આ પ્રમાણે છે.

**અરિહંતના ૧૨ ગુણો**

(૧) અનંત જ્ઞાન
(૨) અનંત દર્શન
(૩) અનંત ચારિત્ર
(૪) અનંત તપ
(૫) અનંતબલવીર્ય
(૬) અનંત ક્ષાયક સમ્યક્ત્વ
(૭) વજ્રઋષભ નારાચ સંઘયણ
(૮) સમચતુરસ્ત્ર સંસ્થાન
(૯) ચોત્રીષ અતિશય
(૧૦) પાત્રીસ વાણીના ગુણો
(૧૧) એક હજાર આઠ ઉત્તમ લક્ષણના ધારણહાર
(૧૨) ચોસઠ ઈન્દ્રોના પૂજનીય

આ બાર ગુણોથી યુક્ત તીર્થંકર ભગવંત હોય છે. અન્ય રીતે તીર્થંકર ૧૨ ગુણો :[૧૯]

**અનંત ચતુષ્ટય :**

(૧) અનંત જ્ઞાન (૨) અનંતદર્શન (૩) અનંત સુખા (૪) અનંતવીર્ય

**અષ્ટ પ્રાતિહાર્ય :**

(૧) અશોકવૃક્ષ (૨) સિંહાસન (૩) ત્રણ છત્ર (૪) ચોસઠ જોડ ચામરની (૫) પ્રભા મંડળ (૬) અચેત પૃષ્પવૃષ્ટિ (૭) દિવ્ય ધ્વનિ (૮) અંતરિક્ષમાં સાડાબાર ક્રોડગેબી વાજા. એમ મળીને પણ ૧૨ ગુણ થાય.[૨૦]

**૨.૮ તીર્થંકરના અતિશયો :**

અતિશય શબ્દની ઉત્તમ વ્યાખ્યા શ્રી અભિધાન ચિંતામણીની સ્વોપજ્ઞ ટીકામાં મળે છે. જે ગુણો વડે તીર્થંકર ભગવંત સમસ્ત જગત કરતાં પણ અતિશયી-ચડિયાતા છે. તે ગુણોને અતિશય કહેવામાં આવે છે.

આવા અરિહંતોના યથાર્થ અને અસાધારણ (બીજામાં ન હોય તેવા) મૂળગુણો ચાર છે.

આચાર્ય શિરોમણીથી હરિભદ્રસૂરિ અને 'કાતજય પતાકા' ગ્રંથની સ્વોપજ્ઞ વ્યાખ્યામાં કહે છે.

**गुणः मुलातिशयाश्वतारः तद्यथा अपानयापत्रमातिशम,**

**ज्ञानातिशय, पूजातिशय, वागतिराश्च //**

**૧. અપાયાગમ અતિશય :** રાગ આદિ દોષો જીવને હાનિકારક હોવાથી અપાય કહેવાય છે. અપગમન એટલે ક્ષય રાગ વગેરેનો અપગમ થવાથી તીર્થંકરને સ્વરૂપનો લાભ મળે છે. આ અપાયાગમ અતિશય છે.

**૨. જ્ઞાનાતિશય :** નિર્મળ તથા પૂર્ણ એવા કેવળજ્ઞાનથી લોક અને અલોકના સંપૂર્ણ સ્વભાવનું અવલોકન કરી રહ્યા છે આ 'જ્ઞાનાતિશય' છે.

**૩. પૂજાતિયશય :** સર્વ દેવતાઓ, અસૂરો અને મનુષ્યોએ કરેલ તીર્થંકરની પૂજાની પરાકાષ્ટા તે તીર્થંકરનો 'પૂજાતિશય' છે.

**૪. વચનાતિશય :** સર્વ જીવોને અભયદાન આપવામાં સમર્થ અને સર્વ ભાષાઓમાં પરિણમતી જે તીર્થંકરની ધર્મવાણીને તીર્થંકરનો વચનાતિશય છે આ વચનાતિશય વડે તીર્થંકર સર્વ જીવોનું પાલન કરનારા છે.

શાસ્ત્રોમાં જ્યાં તીર્થંકરોના ચાર ગુણ જણાવ્યા હોય ત્યાં ચાર

મૂલાતિશયો અને જ્યાં ૧૨ ગુણ કહ્યા હોય ત્યાં આઠ મહાપ્રાતિહાર્યો અને ચાર મૂલાતિશયો જાણવા.[૨૧]

**चहतीस अट्ठसजुआ अट्ठ-महापडिहेर-काय सोहा**

**तित्थयरा गयमोहा झाहअव्वा पयतेणं ॥**

તિજયયહતુ સ્ત્રોત- ગાથા નં.૧૦ ચોત્રીસ અતિષયોથી યુક્ત આઠ મહાપ્રતિહાર્યોથી શોભતા અને મોહથી રહિત, એવા તીર્થંકરોનું સ્તુતિ સ્તવનના, ધ્યાન થાય છે. [૨૨]

આ સર્વ ગ્રંથોના પ્રમાણ્યથી એ વાત નક્કી થાય છે કે તીર્થંકર ભગવંતોના મૂલાનિશયો તથા મહાપ્રાતિહાર્યો કાલ્પનિક નથી. પણ વાસ્તવિક છે. કારણ કે પ્રાચીન આગમ ગ્રંથોમાં ગણધર આચાર્ય ભગવંતો દ્વારા લખાયેલી વાણીમાં તીર્થંકર ભગવંતના અવાસ્તવિક ગુણોનું વર્ણન કદાપિ કરતા નથી, કારણ કે તેથી ખોટું બોલવાનું પાપ લાગે છે. તેથી આ ચાર મૂલાતિશયો તથા અન્ય અતિશયો યથાર્થ વાસ્તવિક, યથાભૂત અને સત્ એવા ગુણો કહેવામાં આવે છે.

તીર્થંકરોના અતિશયોને જૈનાચાર્યોએ નીચે પ્રમાણે ત્રણ વિભાગમાં વિભાજિત કયા છે.

(૧) સહજ અતિશય (૨) કર્મક્ષય જ અતિશય (૩) દેવકૃત અતિશય

**૧. સહજ અતિશય**

ચોવીસ અતિશયોના ચાર અતિશયો તીર્થંકર ભગવંતને જન્મથી જ હોય છે. આ ચાર અતિશયો સહજ-સ્વાભાવિક અતિશયો કહેવાય છે. આ ચાર સહજ અતિશયો આ પ્રમાણે છે.

(૧) જિનભગવંતનું રૂપ જન્મથી જ અદ્‌ભૂત હોય છે. શરીર સુગંધી તથા રોગ,મલ અને પરસેવાથી રહિત હોય.

(૨) ભગવંતનો શ્વાસોશ્વાસ પદ્મકમલ જેવો સુગંધી હોય.

(૩) તીર્થંકરના રક્ત અને માંસ જન્મથી જ ગાયના દૂધ જેવા શ્વેત અને દુર્ગંધથી રહિત હોય.

(૪) તીર્થંકરના આહાર અને નિહારની એટલે કે મલવિસર્જનની ક્રિયા ચર્મચક્ષુવાળા જીવો જોઈ શકતા નથી. માત્ર અવધિજ્ઞાની જ જોઈ શકે.[૨૩]

**૨.૮.૩ કર્મક્ષય જ અતિશય :**

કર્મક્ષય જ અતિશય કે જે જ્ઞાનાવરણીય કર્મ વગેરે ચાર ધાતીકર્મોના (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાયકર્મ) ક્ષયથી ઉત્પન્ન થાય છે. ભગવંતના ધાતીકર્મોનો ક્ષય થતાં જ ભગવંતને કેવળ જ્ઞાનની પ્રાપ્તિ સાથે જ કર્મક્ષય જ અગિયાર અતિશય ઉત્પન્ન થાય છે.

**(૧) યોજનમાત્ર ક્ષેત્રમાં મનુષ્યો, દેવ અને તિર્યંચોની ક્રોડાક્રોડી સંખ્યામાં સમાવેશ**

ભગવંતના સમવસરણમાં યોજન માત્ર ભૂમિમાં મનુષ્યો, દેવો અને તિર્યંચો ગમે તેટલી મોટી સંખ્યામાં સમાઈ જાય છે. તેઓ વિના હરકતે સૌ કોઈ સુખેથી ભગવંતની વાણી દેશના સાંભળી શકે છે.

**(૨) વાણી સર્વભાષી સંવાદિની અને યોજનગામિની :**

ભગવંતની વાણી એક યોજન પર્યંત સંભળાય તેવી હોય ભગવંતની વાણી સર્વ ભાષાઓમાં પરિણમન પામનારી હોય જેથી સો જીવો પોતપોતાની ભાષામાં સમજી જાય.[૨૪]

**पणतीसं सच्चचणादूसेसा ॥**

અર્થાત્ ભગવંતના સત્યવચનના ૩૫ અતિશયો છે. તે નીચે પ્રમાણે છે.

**૩૫ વચનાતીશય**

(૧) સંસ્કારતત્ત્વ (૨) ઔદાત્ય (૩) ઉપચાર પરીનતા (૪) મેઘગંભીર ઘોષ (૫) પ્રતિસાદ વિધાવિતા (૬) દક્ષિણત્વ (૭) ઉપનીત રાગત્વ (૮) મહાર્થતા (૯) અવ્યાહતવ્ય (૧૦) શિષ્યત્વ (૧૧) સંશયોનો અસંભવ (૧૨) નિરાકૃતાન્યોતરત્વ (૧૩) હૃદયગમતા (૧૪) મિથઃ શાકાંક્ષતા (૧૫) દેશકાલાવ્યતીતત્વ (૧૬) તત્ત્વનિષ્ઠત (૧૭) અપ્રકીર્ણ પ્રસૃત્વ (૧૮) અસ્વશ્લાધાન્યનિન્દતા (૧૯) આભિભત્ય (૨૦) અતિ સ્નિગ્ધમધુરત્વ (૨૧) પ્રશસ્યતા (૨૨) અનર્મવિધિતા (૨૩) સૌદાર્ય (૨૪) ધર્માર્થપ્રતિબદ્ધતા (૨૫) કારકાદ્યવિપર્યાસ (૨૬) વિભ્રમાહિતવિયુક્તતા (૨૭) ચિત્રકૃત્વ (૨૮) અદ્ભૂતત્વ (૨૯) અનતિ વિલંબતા (૩૦) અનેક જાતિ વૈચિત્ર્ય (૩૧) આરોપિત વિશેષતા (૩૨) સત્વપ્રધાનતા (૩૩) વર્ણ-પદ-વાક્ય વિવિક્તા (૩૪) અવ્યુચ્છિતિ (૩૫) અખેદિત્વ.[૨૫]

૩. **ભામંડલ :** ભગવંતના મસ્તકની પાછળ અપૂર્વ તેજોરાશિથી યુક્ત ભામંડલની રચના થાય.[૨૬]

૪. **રોગોની વિલિનતા :** તીર્થંકર ભગવંત જ્યાં જ્યાં વિચરતા હોય ત્યાં ત્યાં આસપાસના સવાસો યોજન સુધી અન્ય જીવોને પણ કોઈ રોગ આવતો નથી.[૨૭]

૫. **અવૈર :** તીર્થંકર ભગવંતના વિહરમાન પ્રદેશમા એકસો પચ્ચીસ યોજન સુધી લોકોમાં પરસ્પર વૈરઝેર શમી જાય. તેમના સમવસરણમાં વાઘ, બકરી, બિલાડી, વિગેરે પોતાના જન્મજાત પૂર્વભવના વૈર ભૂલી જાય અને સાથે બેસી શકે.[૨૮]

૬. **ઈતિઓના અનાવિર્ભાવ :** ઈતિ એટલે કે ધાન્ય વગેરેને હાનિ પહોંચાડનાર અતિ પ્રમાણમાં ઉંદરો, તીડ, કીડા, પોપટો જેવા પંખીઓ વગેરે સવાસો યોજન સુધી ખેતરના પાકને નુકશાન કરે નહિં.

૭. **માર (મરકી) અસંભવ :** ભગવંત વિચરતા હોય તેની આસપાસ સવાસો યોજન સુધી કોલેરા, મરકી, પ્લેગ, ઈન્ફ્લ્યુએન્ઝા જેવા ચેપી જીવલેણ રોગચાળા ફાટે નહિ.

૮. **અતિવૃષ્ટિ :** ભગવંત વિચરતા હોય તે પ્રદેશમાં સવાસો યોજન સુધી અતિવૃષ્ટિનો કુદરતી પ્રકોપ થતો નથી.

૯. **અનાવૃષ્ટિ :** એકસો પચીસ યોજન સુધી અનાવૃષ્ટિ અર્થાત્ સર્વથા વરસાદનો અભાવ ન હોય.[૨૯]

૧૦. **દુર્લિક્ષ (દુષ્કાળ) :** તીર્થંકરની વિહારભૂમિમાં એકસો પચીસ યોજન વિસ્તારમાં દુષ્કાળ ન હોય તેમના વિહાર પૂર્વે ઉત્પન્ન થયેલ દુષ્કાળ નાશ પામે નવો ઉત્પન્ન ન થાય.[૩૦]

૧૧. **ભયનો અભાવ :** તીર્થંકરની આસપાસ સવાસો યોજન સુધીના વિસ્તારમાં સ્વરાષ્ટ્રથી ભય(બળવો, હુલ્લડ વગેરે) તથા પરરાષ્ટ્ર ભય વગેરે હોતા નથી.[૩૧]

અતિશય ૪ થી ૧૧માં જ્યાં જ્યાં ભગવાન વિચરતા હોય ત્યાંથી સવાસો યોજનમાં રોગ આદિ ઉપદ્રવોનો અભાવ હોય.

### ૨.૮.૩ દેવકૃત અતિશયો

તીર્થંકરના ચોત્રીસ અતિશયોમાં દેવકૃત અતિશયો ઓગણીશ છે. આ બધા જ અતિશયો કરે છે દેવતાઓ પણ થાય છે ભગવંતના પ્રભાવથી.

આ બધા જ અતિશયોમાં ભગવંતનું ઉદય પ્રાપ્ત 'તીર્થંકર' નામ કર્મ *મુખ્ય છે તેનો જ બધો દેવકૃત મહિમા છે, અને તીર્થંકર માટે જ દેવતાઓ ઉંચામાં* ઉંચી ભક્તિ કરે છે.

શ્રી તીર્થંકર ભગવંત, સિવાયના બીજા જીવો તેવા પ્રભાવશાળી ન હોવાથી તેઓ વિશે તેવા ઉત્તમ ભક્તિભાવ દેવતાઓના મનમાં ન જાગવાથી, બીજા જીવોને કદાપિ તીર્થંકર નામ કર્મનો ઉદય ન હોવાથી, બીજા જીવોમાં એવી લોકોત્તમ પાત્રતા ન હોવાથી અને બીજા જીવોએ એવું સર્વોત્તમ શુભકર્મ કરેલું ન હોવાથી, બીજા જીવોને આ અતિશયમાંનો એક પણ અતિશય કે પ્રાતિહાર્યોમાંનુ એકપણ પ્રાતિહાર્ય ત્રણે કાળમાં કદાપિ હોતું નથી.

આથી જ જેને આ અતિશયો કે આ પ્રાતિહાર્યો હોય તે જ તીર્થંકર ભગવંત બીજા કોઈ કદાપિ અતિશયયુક્ત થઈ શકતા નથી.[૩૨]

(૧) **ધર્મચક્ર :** તીર્થંકરની આગળ આકાશમાં દૈદીપ્યમાન ધર્મચક્ર હોય છે. અને ચંદ્રમાંથી ફેલાતું તેજ અંતરીક્ષમાં દશે દિશાઓને પ્રભાવિત કરે છે.[૩૩]

(૨) **ચામરો :** તીર્થંકર જ્યારે ચાલતા હોય છે. ત્યારે તેમની આગળ ઉપર આકાશમાં ચામરો ચાલે છે અને તીર્થંકર જ્યારે બેસે ત્યારે તીર્થંકરની બંને બાજુ દેવતા ચામરો વિંઝતા હોય છે.

(૩) **સિંહાસન :** તીર્થંકર જ્યારે વિહાર કરતાં હોય ત્યારે પાદપીઠથી સહિત એવું નિર્મળ સ્ફટિક રત્નનું બનાવેલું ઉજ્વલ સિંહાસન તીર્થંકરની આગળ ઉપરની બાજુ આકાશમાં ચાલતું હોય છે. અને તીર્થંકર બેસે ત્યારે તે તીર્થંકરના બેસવાના સ્થાને ઉચિત રીતે ગોઠવાઈ જાય છે.

(૪) **ત્રણ છત્ર :** તીર્થંકર જ્યારે ચાલતા હોય ત્યારે તીર્થંકરની ઉપર ત્રણ છત્ર ચાલે અને તીર્થંકર બેસે ત્યારે ત્રણ છત્ર તીર્થંકરના મસ્તકની ઉપર થોડેક દૂર સમુચિત સ્થાને ગોઠવાઈ જાય.[૩૪]

(૫) **રત્નધ્વજ (ઈન્દ્રધ્વજ, ધર્મધ્વજ) :** તીર્થંકર જ્યારે વિહાર કરે છે ત્યારે ભગવંતની આગળ આકાશમાં જમીનથી અદ્ધર-રત્નમય ધ્વજ ચાલે છે. તીર્થંકરના સમવસરણમાં તે યોગ્ય સ્થાને ગોઠવાઈ જાય છે.

શ્રી સમવાયાંગ સૂત્રમાં જણાવ્યા મુજબ 'તીર્થંકર ભગવાનની ઉપર આકાશમાં અત્યંત ઉંચા હજારો નાની નાની પતાકાઓથી સુશોભિત અને મનોહર એવો ઈન્દ્રધ્વજ તીર્થંકર આગળ ચાલે છે.[૩૫]

(૬) **અવસુવર્ણકમળોની શ્રેણી :** તીર્થંકર ચાલતા હોય ત્યારે જયાં જયાં તેમના પગ પડે ત્યાં ત્યાં દેવતાઓ તે પગ પડે તેના પૂર્વે જ તેની નીચે સોનાના કમળો ગોઠવી દે છે. આવા નવ સુવર્ણના કમળોની શ્રેણી હોય છે. તેમાં પહેલા બે કમળો પર તીર્થંકરના ચરણ કમળ હોય છે. જ્યાં તીર્થંકર આગળ પગ ઉપાડે કે સૌથી છેલ્લું કમળ અનુક્રમે આગળની બાજુ ગોઠવાતું જાય છે. આ રીતે તીર્થંકરની સાથે સાથે કમળો પણ પંકિત બદ્ધ ચાલે છે.[૩૬]

(૭) **ત્રણ મનોહર ગઢ :** તીર્થંકરના સમવસરણમાં રત્નત્રય, સુવર્ણમય, અને રજતમય એમ ત્રણ મનોહર ગઢ હોય છે.

આ ત્રણ ગઢમાં ત્રણ જગત છે.

દેવજગત, મનુષ્ય જગત, તિર્યંચ જગત છે. સારાંશ કે દેવજગતના પ્રતિનિધિ દેવો સમસરણમાં છે. તેવાં જ મનુષ્યો અને તિર્યંચો વિશે પણ સમજવું.[૩૭]

આ સમસરણની રચના દેવતા કરે છે. જે સમયે તીર્થંકરને કેવળ જ્ઞાન ઉત્પન્ન થાય છે. અત્યંત આનંદિત મનવાળા તે ઈન્દ્રો સહુ દેવગણ સાથે કેવળ જ્ઞાનના સ્થળે આવે છે. અને તે દેવતાઓ ત્રણ ગઢવાળા મનોહર સવસરણની રચના કરે છે.[૩૮]

**સમવસરણનું ચિત્ર પરિશિષ્ટ- નં.૧ માં આપ્યું છે.**

(૮) **ચતુર્મુખાંગતા :** સમવસરણમાં તીર્થંકર ચાર મુખવાળા અને ચાર દિશામાં વિરાજમાન હોય છે. આ ચાર શરીરોમાં તીર્થંકરનું મૂળ શરીર પૂર્વ દિશામાં હોય છે. બાકીના ત્રણ શરીરોની રચના દેવતા કરે છે. પણ તે શરીરોમાં તીર્થંકરના રૂપ જેવું જ રૂપ તીર્થંકરના પૂણ્યાતિશયના પ્રભાવથી થઈ જાય છે. આનાથી સમવસરણમાં દેશના સાંભળવા આવેલ સર્વે જીવોને એમ લાગે છે કે સ્વયં તીર્થંકર જ અમને ધર્મ કહી રહ્યા છે.[૩૯]

(૯) **ચૈત્યવૃક્ષ (અશોક વૃક્ષ) :** સમવસરણમાં મધ્યભાગમાં હોય છે. તેનો ઉપરનો

ભાગનો વિસ્તાર યોજન જેટલો હોય છે. તે સંપૂર્ણપણે સમવસરણ ઉપર છત્ર જેવો શોભે છે. અને વિહાર વખતે તે તીર્થંકરની સાથે સાથે ઉપર આકાશમાં ચાલે છે આને ચૈત્યવૃક્ષ પણ કહે છે. આ દેવતા દ્વારા રચિત હોય છે.[૪૦]

તીર્થંકરને અશોકવૃક્ષની નીચે કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ હોય તે વૃક્ષ 'ચૈત્યવૃક્ષ' તરીકે રચાઈ જાય છે.

(૧૦) **કાંટાઓનું અધોમુખ થવું :** તીર્થંકર ચાલતા હોય ત્યારે માર્ગમાં રહેલા કાંટાઓ તથા આજુબાજુના કાંટાળા છોડ ઉપરના કંટકો અધોમુખ થઈ જાય છે.[૪૧]

(૧૧) **વૃક્ષોનું નમવું :** તીર્થંકર ચાલતા હોય, વિહાર કરતા હોય ત્યારે માર્ગની બંને બાજુ રહેલા વૃક્ષો નમી જાય છે. જાણે તીર્થંકરને વંદન કરી રહ્યા હોય.[૪૨]

(૧૨) **દેવ દુદંભિનાદ :** તીર્થંકર ચાલતા હોય ત્યારે દેવતાઓ આકાશમાં ઉંચેથી દુદુંભિનો નાદ કરે છે. તે નાદ સર્વ દિશાઓમાં વ્યાપી જાય છે.[૪૩]

(૧૩) **વાયુનું અનુકૂળ થવું :** તીર્થંકરના પ્રભાવથી પવન અનુકૂળ થાય છે. સૌને સુખકારક લાગે એ રીતે વહે છે.

સમવાયાંગસૂત્રમાં કહ્યું છે કે "તીર્થંકર જયારે વિચરતા હોય ત્યારે સંવર્તક નામના શીતલ, સુખ સ્પર્શવાળા, અને સુગંધી પવનથી એક યોજન પ્રમાણ ભૂમિ સર્વ બાજુએથી શુદ્ધ થાય છે.[૪૪]

(૧૪) **પક્ષીઓ પ્રદક્ષિણામાં ફરે :** તીર્થંકર જે રસ્તે વિહાર કરતાં હોય તે રસ્તે ઉપર આકાશમાં જતા ઉત્તમ પક્ષીઓની પંગતિ, પ્રદક્ષિણાના રૂપમાં ઉડે છે. પોપટ, ચાસ, મોર વગેરે પક્ષીઓ દક્ષિણાવર્તમાં પ્રદિક્ષણા આપે છે. શુકલ શાસ્ત્રની દષ્ટિએ આને ઉત્તમ શુકન કહેવામાં આવે છે.[૪૫]

(૧૫) **ગંધોદક વર્ષા :** જે સ્થળે તીર્થંકર બિરાજમાન હોય તે સ્થળે ધૂળ (રજ) ને સમાવવા માટે ઘનસાર વગેરે ઊંચા સુગંધી દ્રવ્યોથી યુક્ત એવા જલની ગંધોદકની વૃષ્ટિ મેઘકુમાર દેવતા કરે છે. આમ ભગવંતના વિચરણની ભૂમિની આસપાસની યોજન પ્રમાણભૂમિ ઉચિત રીતે ઝરમર, ઝરમર વરસાદ વરસતાં સુગંધિત થઈ ઉઠે છે. અને પવનથી આકાશમાં ઉડતી રજ અને રોગ રહિત બને છે.[૪૬]

(૧૬) **બહુવર્ણ પુષ્પવૃષ્ટિ :** તીર્થંકર જ્યાં વિચરતા હોય ત્યાં ચારેબાજુ દેવતાઓ અનેક વર્ણવાળા મનોહર અને સુગંધી એવા દિવ્ય પંચરંગના પુષ્પોથી વૃષ્ટિ કરે છે.[૪૭]

**(૧૭) કેશ, રોમ, દાઢી અને નખોની અવસ્થિતતા :** દીક્ષા સમયથી તીર્થંકરના કેશ, રોમ, દાઢી અને હાથ-પગના નખ વધતાં નથી. સદા એક સરખા રહે છે.[૪૮]

**(૧૮) ઓછામાં ઓછા એક કરોડ દેવતાઓનું સદા સાથે રહેવું :** કેવળ જ્ઞાન ઉત્પન્ન થતાંની સાથે જ તીર્થંકરની સાનિધ્યમાં ઓછામાં ઓછા એક કરોડ દેવતાઓ તેમની સેવા માટે હજાર હોય છે. ઉપરાંત મનુષ્યો તેમની શંકાના સમાધાનાર્થે તીર્થંકર પાસે આવન-જાવન કરતા હોય છે.[૪૯]

**(૧૯) ઋતુઓ અને ઈન્દ્રિયાર્થોનું અનુકૂલપણું :** વસંત વગેરે છએ ઋતુઓ પોત પોતાની પુષ્પાદિ સામગ્રીથી સર્વદા અનુકૂલ થાય છે. અને મનોહર સ્પર્શ, રસ, ગંધ, રુપ અને શબ્દરૂપી ઈન્દ્રિયોના પ્રશસ્ત અર્થોનો પ્રાદુભાવ કરે છે.[૫૦]

**૨.૯ આઠ મહાપ્રાતિહાર્ય સહ બિરાજમાન તથા વિહરમાન તીર્થંકર પરમાત્માનું ચિત્ર પરિશિષ્ટ નં.૧ માં આપેલ છે.**

આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ કૃત અનેકાન્તજય પતાકામાં આઠ પ્રાતિહાર્યના નામ નીચે પ્રમાણે વર્ણીત છે.

૧. અશોક વૃક્ષ ૨. સુરપુષ્પવૃષ્ટિ ૩. દિવ્ય ધ્વનિ ૪. ચામર
૫. સિંહાસન ૬. ભામંડલ ૭. દુદુંભિનાદ ૮. ત્રણ છત્ર

આ આઠ શ્રી જિનેશ્વરોના સત્પ્રાતિહાર્યો છે. સત્ એટલે વિદ્યમાન, વાસ્તવવિક. તીર્થંકરના પ્રાતિહાર્યો દેવનિર્મિત હોય છે.

દેવકૃત સર્વ અતિશયો અને અપેક્ષાએ સર્વ પ્રાતિહાર્યો પણ તીર્થંકરના પૂજાતિશયમાં સમાઈ જાય છે. તીર્થંકરના વચનને લગતા અતિશયો છે તે વચનાતિશયમાં સમાઈ જાય છે. તીર્થંકરના અસ્તિત્વ માત્રથી તેમનાં સંનિધાનમાં જીવોના જે સંચયો એકી સાથે સમકાળે નાશ પામે છે. તે જ્ઞાનાતિશયનો મુખ્ય ગુણ છે. પ્રાયઃ કર્મક્ષય જ સર્વ અતિશયો અપાયાપગમ અતિશયમાં સમાઈ જાય છે.

ટૂંકમાં તીર્થંકરનું સમગ્ર ઐશ્વર્ય એટલે ભકિત અતિ નમ્ર બનેલા દેવેન્દ્રો વડે શુભાનુબંધી (પુણ્યાનુબધી) એવા આઠ મહાપ્રાતિહાર્યોની રચના. જેના દ્વારા લોકોને ભગવંતની સંપૂર્ણતાના દર્શન થાય છે.

આ આઠેય મહાપ્રતિહાર્યનું વર્ણન દેવકૃત અતિશયોમાં સમાવિષ્ટ છે. જેનું વર્ણન આગળ આપી દીધેલ છે.

**૨.૧૦ અઢાર દોષ રહિત એવા તીર્થંકર**

જૈન પરંપરામાં તીર્થંકરોના કેવળજ્ઞાન પ્રાપ્તિ બાદ ચારઘાતી કર્મનો નાશ થઈ જવાથી તેઓ નીચે પ્રમાણે અઢાર દોષ રહિત બને છે તે નીચે પ્રમાણે છે.

(૧) **મિથ્યાત્વ :** જે વસ્તુ જેવી છે તેવી ન માનવી એનાથી ઉલટું માનવું તે મિથ્યાત્વ છે. તીર્થંકર અનંત ક્ષાયક સમ્યક્ત્વી હોવાથી આ દોષથી રહિત થાય છે. તેથી જગતના પદાર્થ જેવા છે તેવા જ તીર્થંકર સ્વીકારે છે.

(૨) **અજ્ઞાન :** વસ્તુનું અજાણપણું અથવા વિપરિતપણું જાણવું તે અજ્ઞાન છે. તીર્થંકર કેવળજ્ઞાની હોવાથી સર્વ લોકાલોક અને સર્વ પદાર્થોનું યથાર્થ સ્વરૂપ જાણે છે અને જુએ છે.

(૩) **મદ :** પોતાના ગુણનો ગર્વ તે મંદ. તીર્થંકર સર્વ ગુણ સંપન્ન હોવાથી કિંચિત માત્ર પણ મદ કરતાં નથી. ગર્વ ન કરવો તે જ સંપૂર્ણતાનું ચીન્હ છે. આ ઉપરાંત તીર્થંકર વિનયના સાગર હોવાથી છતાં પણ કોઈની આગળ લઘુતા બતાવતા નથી.

(૪) **ક્રોધ :** તીર્થંકર ભગવંત દયાના સાગર અને કરુણા ક્ષમાના સાગર હોય છે. તેઓ કોઈપણ પ્રકારનો ક્રોધ કરતા નથી.

(૫) **માયા-કપટ :** તીર્થંકર ભગવંત બહુ જ સરળ સ્વભાવી હોય છે. તેથી માયા કપટ રહીત હોય છે.

(૬) **લોભ ઈચ્છા :** તેઓ ઈચ્છા-તૃષ્ણા રહિત હોય છે. પોતે મેળવેલી રિદ્ધિ-સિદ્ધિ, વૈભવ, સંપત્તિ, રાજપાટ એટલે સુધી કે ચક્રવર્તીપણું સર્વ છોડીને દીક્ષા અંગીકાર કરે છે.

(૭) **રતિ :** એટલે આનંદ-ખુશી, તીર્થંકર ભગવંતને જ્યારે સર્વ વસ્તુ પ્રાપ્ત થાય છે. અકષાયી અને વિતરાગી હોવાથી લેશમાત્ર તેનાથી લેપાતા નથી.

(૮) **અરતિ :** અપ્રસન્નતાના પ્રસંગોમાં તથા દુઃખદ પ્રસંગોમાં, પરિસહ, ઉપસર્ગ પ્રાપ્તિ સમયે પણ તીર્થંકર ભગવંતો લેશમાત્ર પણ દુઃખ-શોક પામતા નથી.

(૯) **નિદ્રા :** તીર્થંકર ભગવંતનું દર્શનાવરણીકર્મ ક્ષય થયું હોવાથી નિરંતર જાગૃત જ રહે છે.

(૧૦) **શોક :** તીર્થંકર ભગવંત ત્રિકાળના જ્ઞાની હોવાથી એક પણ પ્રસંગ કે વસ્તુ માટે આશ્ચર્ય કે શોક પામતા નથી.

**(૧૧) અસત્ય :** એટલે કે ખોટું બોલવું, તીર્થંકર નિસ્પૃહી હોવાથી કદી કિંચિત પણ ખોટું બોલતા નથી કે વચન પલટતા નથી. એકાંત સત્યનું જ પ્રતિપાદન કરે છે.

**(૧૨) ચોરી :** માલિકની આજ્ઞા વગર કોઈ વસ્તુને ગ્રહણ કરે છે તે ચોરી. તીર્થંકર ઈચ્છારહિત હોવાથી માલિકની આજ્ઞા વગર કદી પણ કોઈ વસ્તુને ગ્રહણ કરતાં નથી.

**(૧૩) મત્સર-ઈર્ષા :** પોતાનાથી વધારે ગુણીને જોઈને ઈર્ષા ઉત્પન્ન થાય પરંતુ તીર્થંકર કરતા વધારે ગુણી કોઈ હોતું નથી. છતાં કોઈ વ્યક્તિ પોતાને ચડિયાતો દર્શાવે તો તીર્થંકર તેના પ્રત્યે ઈર્ષાભાવ ધારણ કરતાં નથી.

**(૧૪) ભય- બીક :** ૧. ઈહલોક ભય તે મનુષ્યનો, ૨. પરલોક ભય તે દેવતા અને નિર્યચનો ૩. આદાન ભય તે ધન આદિનો, ૪. અકસ્માત ભય, ૫. આજીવિક ભય, ૬. મૃત્યુ ભય, ૭. પૂજા પ્રશંસાભય.

આમ વિવિધ પ્રકારના ભયમાં તીર્થંકર અનંતબલી હોવાથી ભયરહિત હોય છે. તેઓને કોઈની બીક હોતી નથી.

**(૧૫) હિંસા :** છકાયના જીવોની હિંસા નિવારવા તીર્થંકર સ્થાવર અને ત્રસ સર્વજીવોની હિંસાથી નિવૃત્ત હોય છે. તેઓ બીજાઓને પણ અહિંસાનો જ ઉપદેશ આપે છે.

**(૧૬) પ્રેમ :** તીર્થંકર શરીર, સ્વજન, ધન અને સ્નેહનો ત્યાગ કરી દીધો હોવાથી સર્વ પર સમભાવ રાખે છે.

**(૧૭) ક્રીડા :** તીર્થંકર સર્વ પ્રકારની ક્રીડાના ત્યાગી છે. નાચવું, ગાવું, રાસ ખેલવો, મંડપ રચવો, રોશની કરવી ઈત્યાદિ ભોગોપભોગની સામગ્રીથી તીર્થંકર મોહ પામતા નથી.

**(૧૮) હાસ્ય :** કોઈ અપૂર્વ વસ્તુ જોઈને હસવું અથવા અન્યની મશ્કરી માટે હાસ્ય ભર્યા વચનો કહેવા વગેરે દોષોથી તીર્થંકર મુક્ત હોય છે.

આ પ્રમાણે તીર્થંકર ભગવંતો અઢાર દોષોથી સર્વથા રહિત છે.[૫૧]

તીર્થંકરો કેવળ જ્ઞાન થયા પછી તીર્થની સ્થાપના કરે. દેવતાઓ તેમને માટે સમવસરણની રચના કરે તેમાં ધર્મતીર્થ ચતુર્વિધ સંઘની ગણધર પદની સ્થાપના કરે.

**૨.૧૧ તીર્થંકરના પંચકલ્યાણક**

તીર્થંકર પદને પ્રાપ્ત કરનારો આત્મા મનુષ્યલોકમાં ૧૫ કર્મભૂમિના ક્ષેત્રમાં, આર્યદેશમાં ઉત્તમ કુલ ધારણ કરે છે. આ તમામ તીર્થંકરોના પાંચ પાંચ કલ્યાણક ઉજવાય છે.

૧. ચ્યવન કલ્યાણક, ૨. જન્મ કલ્યાણક, ૩. દીક્ષા કલ્યાણક,૪. કેવળજ્ઞાન કલ્યાણક ૫. નિર્વાણ કલ્યાણક,

**૧. ચ્યવન કલ્યાણક :** તીર્થંકરોનો આત્મા જે સમયે માતાની કુક્ષીમાં અવતરે છે. તેને 'ચ્યવન કલ્યાણ' કહે છે. જ્યારે તીર્થંકર માતાની કૃક્ષીમાં અવતરે ત્યારે માતા ચૌદ ઉત્તમ મહાસ્વપ્ન જુએ છે. આ ચૌદ ઉત્તમ મહાસ્વપ્ન તીર્થંકર બનનાર આત્માનો ચ્યવનનો સંદેશો આપે છે.

**૨. જન્મ કલ્યાણક :** "તીર્થંકરનો જે દિવસે જન્મ થાય તે શુભ દિવસને 'જન્મ કલ્યાણક' કહે છે. "તીર્થંકરનો જન્મ પ્રાય : મધ્યરાત્રિએ થાય છે."[૫૨]

**૩. દીક્ષા કલ્યાણક :** તીર્થંકરના દીક્ષાકાળનો સમય નજીક આવ્યો જાણી, લોકાન્તિક દેવો તેમની સમક્ષ ઉપસ્થિત થઈ તેમને પ્રવજયા લેવા માટે પ્રાર્થના કરે છે. તીર્થંકરો એક વર્ષ સુધી કરોડ સુવર્ણ મુદ્રાનું દાન કરે છે. જેને વર્ષીદાન કહેવામાં આવે છે. ત્યારબાદ સૌ ઈન્દ્રો તથા દેવી-દેવતાઓ આવી તેમને 'અભિનિષ્ક્રમણ મહોત્સવ' મનાવે છે. આ દીક્ષા-તિથિને જે તે તીર્થંકરનું 'દિક્ષા કલ્યાણક' તરીકે ઓળખવામાં આવે છે.

**૪. કેવળ જ્ઞાન કલ્યાણક :** તીર્થંકર જ્યારે પોતાની સાધના દ્વારા કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે. તે સમયે સ્વર્ગમાંથી ઈન્દ્ર અને દેવમંડળ આવીને 'કેવળ મહોત્સવ' મનાવે છે. તીર્થંકર પ્રભુના જ્ઞાનાવરણીય આદિ ચાર કર્મ ક્ષય થવાથી કેવળજ્ઞાન પ્રગટે છે. તેઓ તીર્થની સ્થાપના કરે છે. આ સમયે દેવતાઓ તીર્થંકરની ધર્મસભા માટે સમવસરણની રચના કરે છે. તેને 'કેવળજ્ઞાન કલ્યાણક' કહેવાય છે.

**(૫) નિર્વાણ કલ્યાણક :** તીર્થંકર ભગવંત સર્વે કર્મોનો ક્ષય થવાથી આયુષ્ય કર્મપૂર્ણ થવાથી પરિનિર્વાણને પ્રાપ્ત કરે છે. ત્યારે દેવતાઓ દ્વારા તેમના સ્થૂળ શરીરના દાહ-અગ્નિસંસ્કાર કરવામાં આવે છે. આને તીર્થંકરનું 'નિર્વાણ કલ્યાણક' તરીકે ઓળખવામાં આવે છે.

આ પાંચયે પ્રસંગો ત્રણે લોકના જીવો માટે અત્યંત કલ્યાણકારી છે. જ્યારથી તીર્થંકર બનનાર આત્મા માતાની કુક્ષીમાં પ્રવેશે છે. ત્યારથી નિર્માણ કલ્યાણક સુધીના પ્રસંગોમાં ત્રણે લોકમાં પ્રકાશ પથરાય છે.

તીર્થંકરોના નિવાર્ણ કલ્યાણ સમયે ત્રણે લોકમાં ક્ષણિક પ્રકાશ ફેલાય છે સર્વજીવો- નારકીના જીવો સહિત ક્ષણિક સુખ અનુભવે છે. માટે તે કલ્યાણકારી જ છે. આ પ્રસંગો જગતના લોકો મહોત્સવ તરીકે ઉજવે છે. અને તેથી જ આ પ્રસંગોને 'કલ્યાણક' તરીકે ઓળખવામાં આવે છે. આ પંચ કલ્યાણકો ફક્ત તીર્થંકર બનનાર આત્માના જ હોય છે.[૫૩]

**તીર્થંકરના પંચ કલ્યાણકનું ચિત્ર પરિશિષ્ટ નં.-૧ માં આપેલ છે.**

**૨.૧૨ તીર્થંકરનો લાંછન**

'લાંછન' શબ્દ સંસ્કૃત શબ્દ છે. તેનો અર્થ થાય છે નિશાની અથવા ચિન્હ. લાંછન શબ્દ જૈનદર્શનમાં તીર્થંકરોની બાબતમાં શ્રેષ્ઠ ચિન્હના અર્થમાં વપરાય છે. જે વ્યક્તિ પુણ્યશાળી કે અતિ ભાગ્યવાન હોય એના શરીર ઉપર અસામાન્ય એવાં અનેક શુભ બ્રાહ્ય લક્ષણો હોય છે. તેમાંથી કોઈ એક વિશિષ્ટ લક્ષણને સૌથી મહત્ત્વનું ગણવામાં આવે છે. એ રીતે 'લાંછન' એ તીર્થંકરને ઓળખવા માટેનું એક વિશિષ્ટ લક્ષણ છે.[૫૪]

શરીરના અંગોમાં વધુ ઉત્તમ લક્ષણો હોય તેમ વ્યક્તિ વધુ ભાગ્યશાળી મનાય છે. બત્રીસ કે વધુ ૧૦૮ કે ૧૦૦૮ ઉત્તમ લક્ષણો ગણાવવામાં આવે છે. એવા ઉત્તમ લક્ષણો જેમનામાં હોય તેવી વ્યક્તિ શ્રેષ્ઠતર શ્રેષ્ઠતમ ગણાય છે. જૈન માન્યતાનુસાર તીર્થંકર ભગવંતોમાં તથા ચક્રવર્તીઓમાં એવા ૧૦૦૮ ઉત્તમ લક્ષણો હોય છે.[૫૫]

તીર્થંકરનું સર્વશ્રેષ્ઠ અંગભૂત લક્ષણ અને અર્થ, ભાવ તથા જીવનની દૃષ્ટિએ સર્વથા અનુરૂપ એવું કોઈ એક લક્ષણ તે 'લાંછન' તરીકે ઓળખાય છે. પ્રાચીન ગ્રંથો વાંચતા એવું માલુમ પડે છે કે દરેક તીર્થંકરમાં પોતાની જાંઘ ઉપર અથવા શરીરના જમણા અંગ ઉપર આવું એક લાંછન ચિન્હાકૃતિ રોમરૂપે જન્મથી જ હોય છે.[૫૬]

દરેક તીર્થંકરને એક લાંછન અવશ્ય હોય જ છે. વળી દરેક તીર્થંકરના

અલગ-અલગ લાંછનના લક્ષણોમાં વિવિધતા હોય છે.

**૨૪ તીર્થંકરોના લાંછન અને વર્ણનું કોષ્ટક પરિશિષ્ટમાં-૨માં આપેલ છે.**

જૈનદર્શનમાં આત્મા સર્વથા કર્મમુક્ત આત્મશક્તિથી સંપન્ન એવા તીર્થંકરો પૂર્ણતા અને સર્વજ્ઞતા પ્રાપ્ત કરીને મુક્ત જીવો અર્થાત્ સિદ્ધ બન્યા હોય છે. તે આત્મા, શરીર, જન્મ-મરણ, ભૌતિક સુખ દુઃખથી મુક્ત છે. જૈન સાધના પદ્ધતિનું અંતિમ લક્ષ મોક્ષ પ્રાપ્તિ જ છે. અર્હત્ જૈનધર્મના મુખ્ય ધુરી હોય છે. તેઓ ચાર ઘાતિકર્મોને ક્ષય કરીને સર્વજ્ઞની ભૂમિકા પ્રાપ્ત કરે છે.[૫૭]

તીર્થંકરો જન સાધારણ ને સામાન્ય માનવીને સિદ્ધ થવાનો, સિદ્ધત્વ પામવાનો માર્ગ દર્શાવે છે. સમજાવે છે. તેઓ મનુષ્ય જીવનની અગત્યતા અને સાતત્યતા સમજાવે છે. કર્મ બંધન કેમ તોડવા અને મુક્તિ મેળવી સિદ્ધ કેમ બનવું તે સમજાવે છે. આમ સિદ્ધ ભગવંતો કરતાં પણ તીર્થંકર ભગવંતોનું પ્રથમ મહત્ત્વ જૈનદર્શનમાં ખૂબ જ યથાર્થરૂપે છે.

આવા અનંત ઉપકારી તીર્થંકર ભગવંતોનું સ્તુતિ સ્તવના નામસ્મરણ અવધારણા એટલે જ લોગસ્સ સૂત્ર- આગળના પ્રકરણમા લોગસ્સ સૂત્ર વિશે વિશિષ્ટ સમજૂતી આપેલ છે.

## પ્રકરણ-૨

## પાદટીપ

૧. પ્રો. ઝવેરીલાલ વિઠ્ઠલદાસ કોઠારી, જૈનદર્શન, પૃ.૨

૨. મુનિ.સુમેરમલજી, તીર્થંકર ચરિત્ર, પૃ.૮

૩. પ્રો.ટી.કે. તુકોલ, જૈનદર્શન, પૃ.૨૦

૪. મુનિ સુમેરમલજી, તીર્થંકર ચરિત્ર, પૃ.૩

૫. એજન

૬. પ્રો.ઝવેરીલાલ વિઠ્ઠલદાસ કોઠારી, જૈનદર્શન, પૃ.૩

૭. ભદ્રબાહુ વિજય, જૈનધર્મ, પૃ.૪

૮. આ. અમોલખજી ઋષિજી, શ્રી જૈનતત્ત્વ પ્રકાશ, પૃ.૫૩

૯. દિનેશ જે ખમાસીયા, જૈનધર્મ, પૃ.૧૩૩

૧૦. મુનિ સુમેરમલજી તીર્થંકર ચરિત્ર, પૃ.૪

૧૧. એ.એલ. બાસમ, (સર્ટીફિકેટ કોર્સ ઈન જૈનોલોજી) પૃ.૪૧

૧૨. દલસુખ માલવણિયા, સ્થાનાંગ સમવાયાંગ, પૃ.૬૯૪

૧૩. પૂજ્ય પન્યાસ શ્રી ભદ્રંકર વિજયગણી, પૂ.મુનિશ્રી પ્રભાવિજયજી,પ્રોબોધ ટીકા ભાગ-૧ પૃ.૧૩૬

૧૪. શ્રી ભદ્રબાહુ વિજય, આવશ્યનિજ્જુતિ, ૯૦૬૪

૧૫. મુનિ સુમેહમલજી, તીર્થંકર ચરિત્ર, પૃ.૮

૧૬. સાધ્વી સુબોધિકા, ચરિતાનુવલી, પૃ.૧

૧૭. ભદ્રબાહુ વિજય, જૈનધર્મ, પૃ.૪

૧૮. સ.કાન્તિલાલ જગજીવનદાસ ગાંધી, જશવંતલાલ શાંતિલાલ શાહ, શ્રીબૃહદ જૈન થોક સંગ્રહ, જાન્યુઆરી-૨૦૦૦

ચંદ્રકાન્ત દોશી, સર્ટિફિકેટ કોર્સ ઈન જૈનોલોજી

૧૯. શિવકૃપા ઓપસેટ, શ્રાવક સામાયિક પ્રતિક્રમણ સૂત્ર, પૃ.૧૫૭

૨૦. ચંદ્રકાન્ત દોશી, સર્ટીફિકેટ કોર્સ ઈન જૈનોલોજી પૃ.૮૪

૨૧. મુનિ તત્યાનંદ વિજયજી અરિહંતોના અતિષયો, પૃ.૪૩

૨૨. એજન, પૃ.૬૧

૨૩. એજન, પૃ.૬૧

૨૪. એજન, પૃ.૬૧

૨૫. એજન, પૃ.૯૫, ૯૬, ૯૭

૨૬. એજન, પૃ.૯૯

૨૭. એજન, પૃ.૧૦૨

૨૮. એજન, પૃ.૧૦૩

૨૯. એજન, પૃ.૧૦૧

૩૦. એજન, પૃ.૧૦૨

૩૧. ધીરજલાલ ટોકરશી શાહ, લોગસ્સ મહાસૂત્ર, પૃ.૧૪૭

૩૨. એજન, પૃ.૧૦૭

૩૩. એજન, પૃ.૧૦૭

૩૪. એજન ,પૃ.૧૧૧

૩૫. એજન, પૃ.૧૧૨

૩૬. એજન, પૃ.૧૧૩

૩૭. એજન, પૃ.૧૧૬

૩૮. એજન ,પૃ.૧૧૯

૩૯. એજન, પૃ.૧૨૪

૪૦. એજન, પૃ.૧૪૪

૪૧. એજન, પૃ.૧૩૦

૪૨. એજન, પૃ.૧૩૧

૪૩.એજન, પૃ.૧૩૨

૪૪. એજન, પૃ.૧૩૨

૪૫. એજન, પૃ.૧૩૩

૪૬.એજન, પૃ.૧૩૪

૪૭. એજન, પૃ.૧૩૫

૪૮. એજન, પૃ.૧૩૬

૪૯. એજન, પૃ.૧૩૮

૫૦. એજન, પૃ.૧૪૦

૫૧. અમેલખ ઋષિજી, શ્રી જૈનતત્વ પ્રકાશ, પૃ.૯

૫૨. સાધ્વી સુબોધિકા ચરિતાનુવલી, પૃ.૭

૫૩. ડૉ.રમેશચંદ્ર ગુપ્ત,તીર્થંકર બુદ્ધ ઔર અવતાર, પૃ.૩૭,૩૮

૫૪. રમણલાલ ચી.શાહ, જિનતત્ત્વ ભાગ-૨, પૃ.૧,૨

૫૫. એજન, પૃ.૩

૫૬. એજન, પૃ.૬

૫૭. મુનિ સુમેરમલજી, તીર્થંકર ચરિત્ર, પૃ.૨

# પ્રકરણ-૩
# જૈન સાહિત્યમાં લોગસ્સ સૂત્રની ઉપલબ્ધિ


૩.૧ જૈન પરંપરામાં સાહિત્યનું મહત્ત્વ

૩.૨ જૈન સાહિત્યનું વર્ગીકરણ અને તેમાં લોગસ્સ સૂત્રનું સ્થાન

૩.૩ લોગસ્સ સૂત્ર અંગે સાહિત્ય

૩.૩.૧ લોગસ્સ સૂત્ર અંગે ઉલ્લેખો તથા વિવેચન પ્રાચીન ગ્રંથો તથા ગ્રંથકારના નામ.

૩.૩.૨ પાંચદંડક સૂત્રમાં લોગસ્સનું સ્થાન

૩.૩.૩ ચૈત્યવંદનમાં તેમજ દેવવંદનના અધિકારમાં લોગસ્સ સૂત્રની વ્યવસ્થા

૩.૪ લોગસ્સ સૂત્રનું બંધારણ

૧. ભાષા

૨. છંદ

૩. પદ્યાત્મક રચના

૩.૫ લોગસ્સ સૂત્રના પદો, સંપદા તથા અક્ષરો

૩.૬ લોગસ્સ સૂત્રના પર્યાયવાચક નામો

૩.૭ લોગસ્સ સૂત્રના પાઠ

૩.૭.૧ લોગસ્સ સૂત્રનો મૂળપાઠ

૩.૭.૨ લોગસ્સ સૂત્રની સંસ્કૃત છાયા

# પ્રકરણ-૩
# જૈન સાહિત્યમાં લોગસ્સસૂત્ર

જૈન પરંપરા પ્રમાણે જૈન સાહિત્ય અતિ પ્રાચીન જુનામાં જૂનું ધાર્મિક સાહિત્ય છે. તેનું ધ્યેય છે એક વ્યક્તિના આત્માને ઉચ્ચ આધ્યાત્મિક સ્તરે લાવી સંસારના દુઃખોમાંથી મુક્તિ અપાવવી.[૧]

નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુ આચાર્ય લખે છે કે "તપ, નિયમ, જ્ઞાનરૂપી વૃક્ષ પર આરૂઢ થઈને અનંત જ્ઞાની કેવળી તીર્થંકર ભવ્યાત્માના બોધ માટે જ્ઞાન કુસુમોની વૃષ્ટિ કરે છે. ગણધર ભગવંતો પોતાના બુદ્ધિપટ્ટમાં બધા કુસુમો લઈને પ્રવચન માળા ગુંથે છે તે છે આગમ"[૨]

### ૩.૧ જૈન પરંપરામાં સાહિત્યનું મહત્ત્વ

જૈન પરંપરામાં જીનાગમો ભારતીય સાહિત્યમાં અણમોલ ઉપલબ્ધિ છે. જ્ઞાન અને વિજ્ઞાનનો અક્ષય ભંડાર છે. અક્ષરદેહથી તે જેટલું વિશાળ છે. તેનાથી અનેકગણું તેનું સૂક્ષ્મ અને ગંભીર સ્વરૂપ છે. જૈન આગમોનું પરિશિલન (જાણવાથી) સહજજ્ઞાન થાય છે. અહીં કેવલ કલ્પનાના ગગનમાં વિહરણ નથી કે બુદ્ધિનો ખિલવાડ પણ નથી કે મતમતાન્તરોનું માત્ર નિરાકરણ નથી. પરંતુ જીનાગમો સજીવ, યથાર્થ અને ઉજગણ દષ્ટિકોણ પ્રસ્તુત કરે છે. જીવનોત્થાનની પ્રબળ પ્રેરણા આપે છે. આત્માની શાશ્વત સત્તાનો ઉદ્‌ઘોષ કરે છે. આત્માની સર્વોચ્ચ શુદ્ધિનો પથ પ્રદર્શિત કરે છે.

ડૉ.હાર્મન જેકોબી, ડૉ.સબ્રીગ જેવા પ્રશ્ચાતાપ વિચારકો એ એક સ્વરથી સ્વીકાર કર્યો છે કે, "જીનાગમોમાં દર્શન અને જીવનનો આધાર અને વિચારોનો, ભાવના અને કર્તવ્યનો સુંદર સમન્વય થયો છે."

સાહિત્ય શબ્દના અર્થમાં કે તેની પરિભાષામાં જે કઈ સમાઈ શકે તે બધુ ભારતીય સાહિત્યમાં જોવા મળે છે. કાવ્યો, નાટકો, ચરિત્ર, કથાઓ, ધાર્મિક કાવ્યો, ભજનો પરિકથાઓ, નવલકથાઓ, ટૂંકીવાર્તા આ બધાનો સમાવેશ થાય છે. જગતના સાહિત્યમાં ભારતીય સાહિત્યનો મોટો ફાળો છે.

ભારતીય સાહિત્યમાં જૈન સાહિત્યનું અગત્યનું સ્થાન છે. તેના મુખ્ય બે કારણો છે.

૧. ભારતીય સાહિત્યમાં ભાગ્યે જ કોઈ વિભાગ એવો હશે કે જેમાં જૈન લેખકોએ લખ્યું ન હોય દળદાર ચરિત્રકથાઓ, મહાકાવ્યો, ભજન, છંદ, પ્રાર્થના વગેરેમાં જૈન લેખકોએ ઘણા ઊંચા પ્રકારનું સાહિત્ય આપ્યું છે.

૨. ભારતીય ભાષાઓના ઈતિહાસની દૃષ્ટિએ પણ જૈન સાહિત્ય ઘણું અગત્યનું સ્થાન ધરાવે છે. ભારતની પ્રાચીન તેમજ અર્વાચીન ભાષાઓ જેવી કે પ્રાકૃત, સંસ્કૃત અપભ્રંશ, કન્નડ, તેલુગુ, તામિલ, મરાઠી, ગુજરાતી, રાજસ્થાની વગેરે ભાષાઓમાં જૈનદર્શન અને જૈનધર્મના પુસ્તકો લખાયેલા છે. જૈનલેખકોએ હંમેશા આમ જનતાને ધ્યાનમાં રાખીને લખ્યું છે.

જૈન ધર્મનો ઉપદેશ આપવા અને આચરણ કરવા જૈન સાહિત્ય બહુ જરૂરી છે તે ઉપરાંત ઐતિહાસિક પુરાવાઓ માટે પણ આ અભ્યાસ જરૂરી છે. જૈન સાહિત્યમાંથી જુદા જુદા સમયની સામાજિક, રાજકીય, ભૌગોલિક અને આર્થિક પરિસ્થિતિમાં માહિતી મળે છે.

## ૩.૨ જૈન સાહિત્યનું વર્ગીકરણ અને લોગસ્સ સૂત્રનું તેમાં સ્થાન



જીનાગમો પિસ્તાલીસ પૈકી આવશ્યક સૂત્રનું બીજુ અધ્યયન તે લોગસ્સ સૂત્ર છે.[૪] જેને ચતુર્વિંશતિસ્તવ કહેવામાં આવે છે. આવશ્યક સૂત્રની વ્યાખ્યા પ્રમાણે જે ક્રિયા જરૂરી છે. અને જે પુરેપુરી જાગૃતિથી અને સમજણપૂર્વક કરવામાં આવે છે તે ક્રિયા તેને આવશ્યક પણ કહેવાય છે.[૫]

સૂત્રોમાં આવશ્યક ક્રિયા બે રીતે કરવામાં આવે છે.

પહેલી રીત : ૧. દેવપૂજા, ૨. ગુરુપસ્તિ, ૩. સ્વાધ્યાય, ૪. સંયમ ૫. તપ

બીજી રીત : ૧. સામાયિક, ૨. ચતુર્વિંશતિસ્તવ, ૩. વંદના, ૪. પ્રતિક્રમણ, ૫. કાર્યોત્સર્ગ, ૬. પ્રત્યાખ્યાન

આમ આવશ્યક ક્રિયામાં ચતુર્વિંશતિસ્તવ યાને લોગસ્સ સૂત્રનું બીજું સ્થાન છે.[૬]

તેમાં વર્તમાન અવસર્પિણીકાળમાં થઈ ગયેલા ચોવીસ તીર્થંકરોની સ્તુતિ-સ્તવના કરવામાં આવી છે.

જૈન પરંપરામા સાધુ-સાધ્વી-શ્રાવક શ્રાવિકાના જે દૈનિક ષટ્-આવશ્યક-કર્તવ્ય બતાવવામાં આવ્યા છે. તેમાં બીજા ક્રમમાં ચતુર્વિશતિસ્તવનું નિરુપણ કરવામાં આવ્યું છે. તેના પરથી જ સ્તુતિ કે સ્તવનનું મહત્ત્વ સમજાઈ જાય છે.

**સ્તવ- સ્તુતિનો અર્થ**

દેવેન્દ્રસ્તવ આદિ સ્તવ છે. એક, બે યાવત્ સાત શ્લોકવાળી ઉત્કીતનાને સ્તુતિ કહેવાય છે.

એક, બે કે ત્રણ શ્લોકવાળા ગુણોત્કીર્તનને સ્તુતિ કહેવાય છે. એમ ત્રણથી વધારે શ્લોકવાળા ગુણોત્કીર્તન ને સ્તવ કહેવાય છે. કેટલાક આચાર્ય સાત શ્લોક સુધીના ગુણોત્કીર્તનને સ્તુતિમાન છે.[૭]

**સ્તવનના પ્રકાર :**

સ્તવનના બે પ્રકાર છે. દ્રવ્ય સ્તવ અને ભાવ સ્તવ કેટલાક માને છે કે દ્રવ્ય સ્તવ બહુગુણોવાળો છે. પરંતુ તે અજ્ઞાનીઓનું વચન છે કારણ કે તીર્થંકર ષટ્ જીવનિકાયની રક્ષાનો ઉપદેશ આપે છે. અને દ્રવ્ય સ્તવમાં જીવહિંસાનો પ્રસંગ આવે છે.[૮]

**સ્તુતિના પ્રકાર :** સ્તુતિના બે પ્રકાર છે.

૧. પ્રણામરૂપ સ્તુતિ અને ૨. અસાધારણ ગુણોત્કીર્તન સ્તુતિ

પ્રણામરૂપ સ્તુતિ સામાર્થ્યગમ્ય છે. ગુણોત્કીર્તન રૂપ સ્તુતિ સ્વાર્થ અને પરાર્થ, સંપદાની પ્રતિપાદિકા છે. સ્વાર્થ સંપદાથી સંપન્ન વ્યક્તિ પરાર્થને સાધવા સમર્થ હોય છે.[૯]

**૩.૧ લોગસ્સ સૂત્ર અંગે સાહિત્ય**

**૩.૩.૧ લોગસ્સ સૂત્ર અંગે ઉલ્લેખો તથા વિવેચન નીચે દર્શાવેલ પ્રાચીન ગ્રંથોમાં પ્રાપ્ત થાય છે.**

| ગ્રંથનું નામ | ગ્રંથકાર |
|---|---|
| ૧. મહાનિસીહસૂત | શ્રી સુધર્માસ્વામી ગણધર |
| ૨. ઉત્તરજઝયણસૂત | શ્રી સુધર્મા સ્વામી ગણધર |
| ૩. ચઉસરણ પઈન્નય | શ્રુત સ્થવિર |
| ૪. નંદિસુત્ત | શ્રી દેવવાચક |
| ૫. આવસ્સયનિજ્જુત્તિ | શ્રી ભદ્રબાહુ સ્વામી |
| ૬. અણુયોગ દ્વારા | શ્રી શ્રુત સ્થવિર |
| ૭. આવસ્સય ચુહિણ | શ્રી જિનદાસ ગણિ મહત્તર |
| ૮. આવસ્સયભાસ | શ્રી ચિરંતનાચાર્ય |
| ૯. આવસ્યયની ચરિભદ્રીય ટીકા | શ્રી હરિભદ્રસૂરિ |
| ૧૦. લલિતવિસ્તરા | શ્રી હરિભદ્રસૂરિ |
| ૧૧. ચેઈયવંદણ મહાભારત | શ્રી શાંતસૂરિ |
| ૧૨. યોગશાસ્ત્ર વિવરણ | શ્રી હેમચંદ્રસૂરિ |
| ૧૩. દેવવંદન ભાસ્ય | શ્રી દેવેન્દ્રસૂરિ |
| ૧૪. વન્દારુવૃત્તિ | શ્રી દેવેન્દ્રસૂરિ |
| ૧૫. આચાર દિનકર | શ્રી વર્ધમાન સૂરિ |
| ૧૬. ધર્મસંગ્રહ | શ્રીમાન વિજય ઉપાધ્યાય[૧૦] |

અનુવાદ : લોગસ્સ સૂત્રનો અનુવાદ ગુજરાતી, મરાઠી તેમજ હિન્દી ભાષામાં થયેલો જાણવામાં આવ્યો છે તે ઉપરાંત જર્મન અને અંગ્રેજી ભાષામાં પણ તેનો અનુવાદ થયેલો છે.

### ૩.૩.૨ પાંચદંડક સૂત્રોમાં લોગસ્સ સૂત્રનું સ્થાન

નિમ્નોક્ત પાંચ દંડકસૂત્રોમાં લોગસ્સ સૂત્ર એ તૃતીય દંડક છે.

૧. શક્રસ્તવ (નમોત્થુંણ સૂત્ર)

૨. ચૈત્યસ્તવ (અરિહંતચેઈયાણ સૂત્ર)

૩. નામસ્તવ (લોગરસ સૂત્ર)

૪. શ્રુતસ્તવ (પુકખરવરદીવઢે સૂત્ર)

૫. સિદ્ધસ્તવ (સિદ્રાણ બુદ્ધાણં સૂત્ર)[૧૧]

### ૩.૩.૩ ચૈત્યવંદનમાં તેમજ દેવવંદનમાં અધિકારોમાં લોગસ્સસૂત્રની વ્યવસ્થા

ચૈત્યવંદનની વિધિ સૌથ પ્રથમ આચાર્ય શ્રી હરિભદ્ર સૂરીશ્વરજીના ગ્રંથોમાં મળે છે. એમ આગમોદ્ધારક આચાર્યશ્રી આનન્દ સાગરસુરીશ્વરજીનું મંતવ્ય છે. લલિતવિસ્તારમાં લોગસ્સસૂત્રનો એ વિધિના એક ભાગ તરીકે ઉલ્લેખ છે.

દેવ વંદનના બાર અધિકારો છે.

**(१) नमोत्थुणं (२) जे अ अईया सिद्धा (३) अरिहंतचइयाण (४) लोगस्स उज्जोअगरे (६) सव्वलोए अरिहंत (६) पुकरवरदी (७) तमतिमिरपडल (८) सिद्धाण बद्धाणं (९) जा देवाण व देवो (१०) उज्जितसेलसिहरे (११) चतारी अट्ठ दसदोय (१२) वेयावच्चगराण**

તેમાં ચોથો અધિકાર લોગસ્સસૂત્રનો છે. તેમાં નામાજિનને વંદના છે.[૧૨]

### લોગસ્સ સૂત્રનું બંધારણ

આ લોગસ્સ સૂત્ર સાત ગાથાનું છે. તેના ત્રણ ખંડ છે.

૧. **ભાષા :** લોગસ્સ સૂત્ર એ આવશ્યક સૂત્રનો એક અંશ હોવાથી એની ભાષા અર્ધમાગધી અથવા આર્ષ પ્રાકૃત છે. દિગંબરો પણ આ સૂત્રને ભાષાનાં ભેદ સિવાય તેજ સ્વરૂપે સ્વીકારે છે.[૧૩]

૨. છંદ : લોગસ્સ સૂત્રની ગાથાઓનો છંદની દૃષ્ટિએ વિચાર કરીએ તો સિલોગ અને ગાહા છંદમાં છે.

'સિલોગ'-પ્રથમ પદ્ય 'સિલોગ' છંદમાં છે સિલોગ એ પ્રાકૃત ભાષાનો અતિ પ્રાચીન છંદ છે. પ્રથમ તેના ત્રણ ચરણો આઠ અક્ષરના અને ચોથું ચરણ આઠ કે નવ અક્ષરનું રહેતું. સિલોગ છંદના ભેદો અનેક હોવાથી તેના બોલવા

અંગે છંદવિદો કંઈ જણાવતા નથી. પરંતુ સાંભળવામાં મધુર લાગે તે પ્રમાણે બોલી શકાય છે. તે પ્રતિજ્ઞાનો નિર્દેશ કરે છે.[૧૪]

**ગાહા છંદ :** બીજી, ત્રીજી, ચોથી ગાથાના બીજો ખંડ જે ગાહા છંદમાં છે ગાહા એ પણ પ્રાકૃત ભાષાનો અતિ પ્રાચીન છંદ છે. જૈન આગમો તથા અન્ય સૂત્રાદિમાં મહર્ષિઓ દ્વારા વિપુલ પ્રમાણમાં વપરાયેલો હોવાથી પવિત્ર મનાય છે. સંસ્કૃત સાહિત્યમાં તેને આર્યાછંદ કહે છે. તેમાં ચતુર્વિશતિ જિનના નામ સ્મરણ તથા વંદના છે.[૧૫]

પાંચી, છઠ્ઠી અને સાતમી ગાથાનો ત્રીજો ખંડ જે પણ ગાહા છંદમાં છે. તેને શ્રી સુબોધ સામાચારીમાં પ્રણિધાન ગાથા ત્રિક કહેવામાં આવેલ છે.[૧૬]

ગાહાના ચાર ચરણો કલ્પીને તેનું લક્ષણ સ્થાપ્યું છે. પહેલા ચરણમાં બાર માત્રા બીજા ચરણનો અઢાર માત્રા ત્રીજા ચરણમાં બાર માત્રા અને ચોથાના પંદર માત્રા.

ગાથાના બોલવા અંગે છંદશાસ્ત્રીઓનું સૂચન એવું છે કે

- પહેલું પદ હંસની પેઠે ધીમેથી બોલવું.
- બીજુ પદ સિંહની ગર્જનાની પેઠે ઉંચેથી બોલવું.
- ત્રીજુ પદ ગજગતિની જેમ લલિતપણે ઉચ્ચારવું.
- ચોથુ પદ સર્પની ગતિની જેમ ડોલતા ગાવું.[૧૭]

૩. **પદ્યાત્મક રચના :** લોગસ્સ સૂત્ર સર્વાંસે પદ્યાત્મક રચના છે. તેમાં એકંદર પદ્યો છે. આ પદ્યોને સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિએ આવસ્સયનિજ્જુતિ ઉપરની પોતાની વૃત્તિમાં સૂત્રગાથા રૂપે દર્શાવ્યા છે.[૧૮]

લોગસ્સ સૂત્ર એક શ્લોકમાં અક્ષર મેળની તથા છ ગાથામાં માત્રા મેળની રચના સુંદર રીતે કરવામાં આવી છે.[૧૯]

પહેલી ગાથામાં અરિહંત ભગવંતના ચાર વિશેષણોનું વર્ણન કરેલું છે.

બીજી-ત્રીજી-ચોથી ગાથામાં વર્તમાન ચોવીસીના નામો અહી આપવામાં આવ્યા છે. અને તેમને વંદન-ભાવવંદના કરવામાં આવી છે. વંદના તો આનાદિ ભવથી થતી આવે છે. પરંતુ જે મોક્ષ ને મેળવવામાં અનન્ય કારણ ભૂત હોય તેવી વંદના કરવાથી જીવને અર્ધપુદ્ગલ પરાવર્તનથી અધિક સંસારભ્રમણ રહેતું નથી.

પાંચમી-છઠ્ઠી-સાતમી ગાથા આ ગાથાઓને પ્રણિધાનગાથાત્રિકરૂપે દર્શાવવામાં આવે છે.

પાંચમી ગાથામાં પરમાત્માઓ પ્રસન્ન થાઓ એવી સ્તુતિ છે.

છઠ્ઠી ગાથામાં આરોગ્યની યાચના છે.

સાતમી ગાથામાં ઈષ્ટફળની (મોક્ષપ્રાપ્તિની) સિદ્ધિ માટેની યાચના કરવામાં આવે છે.[૨૦]

**૩.૫ લોગસ્સ સૂત્રનાં પદો, સંપદા તથા અક્ષરો**

લોગરસ્સ સૂત્ર એક શ્લોક તથા છ ગાથાના માનવાળું છે. તેમાં ૨૮ પદોમાં, ૨૮ સંપદા છે.૧૬ અને અક્ષરો ૨૫૬ છે તે નીચે મુજબ છે.

| | |
|---|---|
| પ્રથમ શ્લોકમાં | ૩૨ |
| બીજી ગાથામાં | ૩૯ |
| ત્રીજી ગાથામાં | ૩૬ |
| ચોથી ગાથામાં | ૩૫ |
| પાંચમી ગાથામાં | ૪૧ |
| છઠ્ઠી ગાથામાં | ૩૬ |
| સાતમી ગાથામાં | ૩૭ |
| | ૨૫૬ |

એક એવો પણ મત છે કે જે લોગસ્સ સૂત્રના ૨૬૦ અક્ષરો છે એમ જણાવે છે. પરંતુ તે મત દેવવંદનની વિધિનો પ્રથમ સ્તુતિ બાદ લોગસ્સ સૂત્ર બોલાયા પછી બોલાતા સવ્વ લોએ 'અરિહંત ચેઈયાણં સૂત્રના સવ્વલોએ' એ ચાર અક્ષરોની ગણતરી લોગસ્સ સૂત્ર ભેગી કરે છે.[૨૧]

**૩.૬ લોગસ્સસૂત્રના પર્યાયવાચક નામો**

**(પ્રાકૃત નામો)**

| **નામ** | **આધારસ્થાન** |
|---|---|
| ૧. ચઉવીસત્થય | સિરિમહાનિસીહસુત્ત |
| | ઉત્તરજ્ઝયણસુત્ત પત્ર ૫૦૮ અ |
| | અણુઓગદ્દારસુત્ત, સૂત્ર ૫૯, પત્ર ૪૪ અ |
| | ચેઈયવંદણમહાભાસ ગાથા ૫૩૭, પૃ.૯૮ |

| | |
|---|---|
| | પાક્ષિક સૂત્રવૃત્તિ, પત્ર ૭૨ આ |
| ૨. ચઉવીસત્થય (દંડ) | યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ, પત્ર ૨૪૮ અ |
| ૩. ચઉવીસત્થવ | નંદિસુત, સૂત્ર ૪૪, પત્ર ૨૦૨ અ |
| ૪. ચઉવીસઈત્થય | આવસ્સયનિજ્જુતિ, ગાથા ૧૦૫૬, પત્ર, ૧૯૧ અ ૪૯૧ અ |
| ૫. ચઉવીસજિણત્થય | ચેઈયવંદણ મહાભાસ, ગાથા ૩૮૯, પૃ.૭૦ |
| ૬. ઉજ્જોઅ | યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ, પત્ર ૨૪૮ આ |
| ૭. ઉજ્જોઅગર | યોગશાસ્ત્ર સ્વોયજ્ઞ વિવરણ, પત્ર ૨૪૮ આ |
| ૮. ઉજ્જોયગર | પાક્ષિક સૂત્રવૃત્તિ, પત્ર ૭૨ અ |
| ૯. નામજય | દેવનંદન ભાષ્ય, પૃષ્ઠ, ૩૨૦ |
| ૧૦. નામજિણત્થય | ધર્મસંગ્રહ, પત્ર ૧૫૮ અ |
| ૧૧. ચતુર્વિશતિસ્તવ | આયારંગતણસુત્ત ટીકા, પત્ર ૭૫ આ<br>ઉત્તરજ્ઝયણસુત ટીકા, પત્ર ૫૦૪ આ<br>અણુઓગદ્વાર વૃત્તિ પત્ર ૪૪ આ<br>લલિતવિસ્તરા, પૃ ૪૨,<br>યોગશાસ્ત્ર સ્વોયજ્ઞવિવરણ, પત્ર ૨૨૪ આ<br>વન્દારુવૃત્તિ, પૃષ્ઠ ૪૦ આ<br>દેવવંદન ભાષ્ય, પૃષ્ઠ-૩૨૦<br>ધર્મસંગ્રહ, પત્ર ૧૫૮ અ |
| ૧૨ચતુર્વિશતિ જિનસ્તવ | દેવનંદન ભાષ્ય, પૃષ્ઠ-૩૨૭ |
| ૧૩ નામસ્તવ | દેવનંદન ભાષ્ય, પૃષ્ઠ-૩૨૧[૨૨] |

લોગસ્સસૂત્રમાં નામપૂર્વક તીર્થંકરોની સ્તવના કરેલ છે. તેથી તેનું બીજું 'નામ નામસ્તવ' છે.[૨૩]

લોગસ્સ સૂત્રની ગાથા અનુસાર ચિત્ર પરિશિષ્ટ-નં.૫માં આપેલ છે. અને તેની સમજૂતી પરિશિષ્ટ-૨માં આપેલ છે.

## ૩.૭ લોગસ્સ સૂત્રનો પાઠ

૩.૭.૧

### १. चउवीसत्थव सुत्तं

### (चतुर्विशति-जिन-स्तवः)

### લોગસ્સ સૂત્ર

### (૧) મૂલપાઠ

लोगस्स उज्जोअगरे, धम्मतित्थयरे जिणे ।
अरिहंते कितइस्सं, चउवीसं पि केवली ॥१॥
उसभमजिअं च वंदे, संभवमभिणदणं च सुमइं च ।
पउमप्पह् सुपासं, जिणं च चंदप्पहं वंदे ॥२॥
सुविहिं च पुष्फदंतं, सीअल-सिज्जंस-वासुपूज्जं च ।
विमल मणंतं च जिणं, धम्मं संतिं च वंदामि ॥३॥
कुंथुं अरं च मल्लि, वंदे मुणिसुव्वयं नमिजिणं च ।
वंदामि रिट्ठनेमिं, पास तह वद्धमाणं च ॥४॥
एवं मए अभिथुआ, विहुय-रय-मला- पहीण-जर-मरणा ।
चउवीसं पि जिणवरा, तित्थयरा मे पसीयंतु ॥५॥
कित्तिय-वंदिय-महिया, जे ए लोगस्स उत्तमा सिद्धा ।
आरुग्ग-बोहि-लाभं, समाहिवरमुत्तमं दितुं ॥६॥
चंदेसु निम्मलयरा, आईच्चेसु, अहियं पयासयरा ।
सागरवरगंभीरा, सिद्धा सिद्धि मम दिसंतु ।७॥[२४]

## (૨) સંસ્કૃત છાયા

लोकस्य उद्योतकरान, धर्मतीर्थकरान् जिनान् ।

अर्हतः कीर्तियिष्यामि, चतुर्विशतिमपि केवलिन : ॥१॥

ऋषभमजितं च वन्दे, सम्भवमभिनन्दनं च सुमतिं च ।

*पद्मप्रभं सुपाश्व, जिनं च चन्द्रप्रभं वन्दे ॥२॥*

सुविधि च पुष्पदन्त, शीलत-श्रेयांस वासुपूज्यान् च ।

विमलमनन्तं च जिनं, धर्म शान्ति च वन्दे ॥३॥

कुन्थुमरं च मल्लिं, वन्दे मुनिसुव्रतं नमिजिनं च ।

वन्दे अरिष्टनेमि, पाश्व तथा वर्धमान च ॥४॥

एवं मया अभिष्टुताः, विधूतरजोमलाः प्रक्षीणजरामरणा :।

चतुर्विशतिरपि जिनवराः, तीर्थंकरा : मे प्रसीदन्तु ॥५॥

कीर्तितवन्दतमहिताः ये एते लोकस्य उत्तमा : सिद्धाः ।

आरोग्यबोधिलाभं, समाधिवरमुत्तमं ददतु ॥६॥

चन्द्रेभ्यो निर्मलराः, आदित्येभ्योऽधिकं प्रकाशकरा :।

सागरवरगम्भीराः, सिद्धाः सिद्धि मम (मह्यं) दिशन्तु ॥७॥[२५]

**દિગંબર સંપ્રદાયાનુસાર લોગસ્સ સૂત્રનો પાઠ, સ્થાનકવાસી મુનિ ધર્મસિંહકૃત, ગુજરાતી છાયા, અંગ્રેજી લોગસ્સ સૂત્રના પાઠ તથા લોગસ્સ સૂત્રની ગાથાના શબ્દસહ તીર્થંકરનું ચિત્ર પરિશિષ્ટ-૧ માં આવે છે. તથા ચિત્ર જોવાની સમજણ પરિશિષ્ટ-૨ માં આપેલ છે.**

આવા જ પવિત્ર લોગસ્સ સૂત્રના શબ્દાર્થ તથા તેની વિસ્તારપૂર્વક સમજૂતી આગળના પ્રકરણમાં વર્ણવી છે.

## પ્રકરણ-૩

## પાદટીપ

૧. એ.એલ.બાસમ, સર્ટીફિકેટ કોર્સ ઈન જૈનલોજી, પૃ.૨૧

૨. શ્રી ભદ્રબાહુ સ્વામી, આવસ્સયનિજ્જુતિ, પૃ.૮૯-૯૦

૩. એ.એલ.બાસમ, સર્ટીફિકેટ કોર્સ ઈન જૈનોલોજી, પૃ.૧૧૯

૪. ચદ્રકાન્ત દોશી, સર્ટિફિકેટ કોર્સ ઈન જૈનોલોજી, પૃ.૯૦

૫. એજન, પૃ.૯૦

૬. એજન, પૃ.૯૦

૭. शान्त्याचार्य उत्तराध्ययन बृहदबत्ति પૃ.૭૯૩

૮. એજન, પૃ.૭૧૪

૯. એજન, પૃ.૭૧૪-૭૧૬

૧૦. શ્રી અમૃતલાલ કાલિદાસ દોશી, લોગસ્સસૂત્ર સ્વાધ્યાય, પૃ.૬૮

૧૧. એજન, પૃ.૬૫

૧૨. એજન, પૃ.૬૫

૧૩. એજન, પૃ.૭૩

૧૪. એજન, પૃ.૭૪

૧૫. એજન, પૃ.૭૪

૧૬. એજન, પ્રાક્કથન પૃ.૩૨, ૩૩

૧૭. એજન, પૃ.૭૫

૧૮. એજન, પૃ.૭૩

૧૯. એજન, પૃ.૮૪

૨૦. એજન, પ્રાક્કથન પૃ.૩૩,૩૪

૨૧. એજન, પૃ.૬૬

૨૨. એજન, પૃ.૬૧, ૬૨

૨૩. શ્રીમદ યશોદવિજયજી શ્રી પંચ પ્રતિક્રમણસાર્થ, પૃ.૩૯

૨૫. શ્રી અમૃતલાલ કાલિદાસ દોશી લોગસ્સ સૂત્ર, સ્વાધ્યાય, પૃ.૧

સં.૫. પૂજ્ય પન્યાસ શ્રી ભદ્દંકર વિજયજીગણિ, ૫. પૂજ્ય મુનિશ્રી કલ્યાણપ્રભ

વિજયજી, **श्रीश्राद्ध प्रतिक्रमणसूत्र** પ્રબોધ ટીકા ભાગ-૧, પૃ.૧૩૧

સાધ્વીશ્રી પ્રશમિતાશ્રીજી, સૂત્ર સંવેદના, પૃ.૧૩૫

૨૫. શ્રી અમૃતલાલ કાલિદાસ દોશી, લોગસ્સસૂત્ર, સ્વાધ્યાય પૃ.૨

સં.પ. પૂજ્ય પન્યાસ શ્રી ભદ્રંકર વિજયજીગણિ, પ. પૂજ્ય મુનિશ્રી કલ્યાણપ્રભ વિજયજી, શ્રી **श्राद्ध प्रतिक्रमणसूत्र** પ્રબોધ ટીકા ભાગ-૧, પૃ.૧૩૧

સાધ્વીશ્રી પ્રશમિતાશ્રીજી, સૂત્ર સંવેદના, પૃ.૧૩૫

# પ્રકરણ-૪
# લોગસ્સ સૂત્રનું વિવરણ

| | |
|---|---|
| ૪. | લોગસ્સ સૂત્રની સમજૂતી-અન્વય અને શબ્દાર્થ |
| ૪.૧ | લોગસ્સ સૂત્રની પહેલી ગાથાના શબ્દાર્થ |
| ૪.૨ | લોગસ્સ સૂત્રની બીજી ગાથાના શબ્દાર્થ |
| ૪.૩ | લોગસ્સ સૂત્રની ત્રીજી ગાથાના શબ્દાર્થ |
| ૪.૩.૧ | લોગસ્સ સૂત્રની ચોથી ગાથાના શબ્દાર્થ |
| ૪.૩.૨ | લોગસ્સ સૂત્રની પાંચમી ગાથાના શબ્દાર્થ |
| ૪.૪ | લોગસ્સ સૂત્રની છટ્ઠી ગાથાના શબ્દાર્થ |
| ૪.૫ | લોગસ્સ સૂત્રની સાતમી ગાથાના શબ્દાર્થ |
| ૪.૬ | લોગસ્સ સૂત્રની અર્થસંકલના |

# પ્રકરણ-૪
# લોગસ્સ સૂત્રનું વિવરણ

## ૪. લોગસ્સ સૂત્રની સમજૂતી, શબ્દાર્થ અને અન્વય

તીર્થંકરો લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાન અને કેવળદર્શનના બળે વિશ્વની વસ્તુસ્થિતિને પ્રકાશિત કરનારા સત્ સિદ્ધાંતોનું નિરૂપણ કરે છે. તેમાંથી સદ્‌ગ્રંથો રચાય છે. સદ્‌ગ્રંથોમાં સુયુક્તિઓ ગૂંથાય છે, અને સુયુક્તિઓના બળે સુવિકલ્પો ફેલાય છે. તેથી સન્માર્ગની પ્રશંસા અને ઉન્માર્ગની ઉપેક્ષા થાય છે. વંદનીયની વંદના અને પૂજનીયની પૂજાઓ પ્રચલિત થાય છે. તથા પાપકર્મો અટકે છે અને પુણ્યકર્મો વધે છે. એ બધું સદ્‌વિકલ્પો અને સદ્‌વિચારોનું ફળ છે સદ્ વિચારોની પ્રેરક સુયુક્તિઓ છે. સુયુક્તિઓના સંપાદક સદગ્રંથો છે. એવા જ ગ્રંથોમાં લોગસ્સ સૂત્રનું નામ સ્મરણ છે.[૧]

નામના ઉચ્ચારણ સાથે નામીની ઉપસ્થિતિનો અનુભવ થવો તે નામાભ્યાસની પ્રગતિમાં મહત્ત્વપૂર્ણ અને અસંદિગ્ધ લક્ષણ છે.[૨]નામના ઉચ્ચારણથી નમસ્કાર કરવાનો પરિણામરૂપ પ્રકાશ આત્મામાં પ્રકટે છે. અગ્નિના ઉષ્ણગુણને જાણનારો અગ્નિ શબ્દના ઉચ્ચારણ સાથે જેમ ઉષ્ણગુણોને સ્મરણ કરનારો થાય છે. અથવા અગ્નિના આકારને ચિંતવતો થાય છે. તેવી જ રીતે શ્રી તીર્થંકરોના પ્રશમરસાનિમગ્નાદિ આકારને જાણવાવાળા આરાધક તેમના નામના ઉચ્ચારણ સાથે પ્રશમરસાનિમગ્નાદિ અથવા સમવસરણ સ્થિતાદિ આકૃતિને ચિંતવ્યા વિના રહેતો નથી.[૩]

નામ શબ્દ છે અને આકૃતિ અર્થ છે. અર્થની જાણકારી વગર સૂત્રને શાસ્ત્રકારો સુતેલું જ (सुत-सुत्य) ગણે છે. અર્થ જાણયા વિનાનું સૂત્રાધ્યયન પણ મંત્રાક્ષરોની માફક ફળ દેવાવાળું તો છે જ પણ આત્માના અધ્યવસાયો જેમ જેમ શુભ થાય તેમ તેમ નિર્જરા વધારે થાય અધ્યવસાયનું શુભ થવું તે શુભ વિચારને આધીન છે. શુભ વિચારોની ઉત્પત્તિ એકલા સૂત્રાધ્યયનથી થાય તેના કરતાં અર્થના વિચારો સાથે સૂત્રાધ્યયનથી ઘણી જ વધારે થાય તે સ્વાભાવકિ છે. તેથી સૂત્રના ઉચ્ચારણ સાથે અર્થની અને તેના ઉપયોગની અતિ આવશ્યકતા છે.[૪]

લોગસ્સ સૂત્રના ગાથા પ્રમાણે અર્થ નીચે દર્શાવ્યા છે.

૪.૧ પહેલી ગાથા : लोगस्स उज्जोअगरे, धम्मित्थयरे जिणे ।

अरिहंते कित्तईस्सं, चउवीसं पि केवली ॥१॥

● **લોગસ્સ સૂત્રની પ્રથમ ગાથાનો અર્થ અને અન્વય, ટિપ્પણ:**

लोगस्स-(लोकस्य)-લોકના, સંપૂર્ણ લોકમાં-જગતમાં. "પ્રમાણથી જે જોવાય છે તે લોક છે. તે 'લોક' શબ્દથી અહીં 'પંચાસ્તિકાયાત્મક લોક' ગ્રહણ કરવો એમ 'આવસ્સયનિજ્જુતિ'ની હારિયભદ્રીય ટીકામાં સૂચવ્યું છે.[૫]

તદ્દુપરાંત લલિતવિસ્તરા, ચેઈયવંદણમહાભાસ, યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ, દેવવંદન ભાષ્ય, વંદારૂપવૃત્તિ તથા ધર્મસંગ્રહ- આ ગ્રંથોમાં પણ ઉપર્યુક્ત અર્થને જ માન્ય રાખવામાં આવ્યો છે. માત્ર આચાર દિનકરમાં 'લોક' શબ્દથી 'ચૌદ રાજલોક' અર્થને સ્વીકારવામાં આવ્યો છે.[૬]

લોકશબ્દથી પંચાસ્તિકાયાત્મક લોક- સમજવાનો છે[૭]

૧.ધર્માસ્તિકાય, ૨. અધર્માસ્તિકાય, ૩. આકાશાસ્તિકાય, ૪. પુદ્ગલાસ્થિકાય, ૫. જીવ. આ પાંચ દ્રવ્યો અસ્તિકાય છે અને લોકમાં સર્વત્ર વ્યાપ્ત છે. તેથી 'લોક'ને પંચાસ્તિકાયાત્મક કહેવાય છે.

તે 'લોક'નો સામાન્ય પરિચય ત્રણ વિભાગથી અને વિશેષ પરિચય ચૌદ વિભાગથી થાય છે. ત્રણ વિભાગ તે ઉર્ધ્વલોક, મધ્યલોક અને અધોલોક ચૌદ વિભાગ તે ચૌદ રાજલોક છે.

ચૌદ 'રાજલોક' ના આકાર કે બન્ને હાથ રાખી પગ પહોળા કરી ટટ્ટાર ઉભેલા પુરુષ જેવો છે.

તેમાં પગથી કેડ સુધીનો ભાગ તે 'અધોલોક' છે.

નાભિપ્રદેશ તે મધ્યલોક છે.

અને તેના ઉપરનો ભાગ ઉર્ધ્વલોક છે.

તે તમામ ઉંચાઈના ચૌદ ભાગ કલ્પવા તે ચૌદ 'રાજ' અથવા 'રજ્જુ' કહેવાય છે.

ચૌદ રાજલોકમાં સૌથી ઉપર 'સિદ્ધશીલા' છે.તેની નીચે પાંચ 'અનુત્તર વિમાનો', તેની નીચે 'નવ ગ્રૈવેયક' તેની નીચે 'બાર દેવલોક', તેની નીચે 'જ્યોતિષ ચક્ર' (ચન્દ્ર-સૂર્યાદિ) તેની નીચે 'મનુષ્યલોક' છે. આટલાં સ્થાનો સાથ

રાજલોકમાં સમાયેલા છે. તેની નીચે અનુક્રમે 'વ્યતંર', વાણવ્યંતર અને 'ભવનપતિ' દેવોના સ્થાનો અને ધર્મા પૃથ્વીના પ્રતરો એકબીજાને આંતરે છે અને તેની નીચે 'વંશા,શૈલા, અંજના, રિષ્ટા, મધા, મઘાવતી' નામના વિભાગો છે. જેમાં અનુક્રમે સાત નરકો સમાયેલા છે. 'ધર્મા' પહેલું નરક છે યાવત માઘાવતીમાં સાતમું નરક છે.

આ રીતે લોક શબ્દ ષ્ટદ્રવ્યનો પ્રદર્શક હોવા સાથે પંચાસ્તિકાય કે ચૌદ 'રાજલોક' નો પણ પ્રદર્શક છે.[૮]

**ચૌદરાજ લોકનું ચિત્ર પરિશિષ્ટ-નં ૧ માં આપેલ છે.**

**उज्जोअगरे (उषद्योतकरात्)** પ્રકાશ કરનારાઓને.

ઉજ્જયોગરે- ઉદ્યોત કરનાર, કેવળ જ્ઞાનરૂપી દિપકથી પ્રકાશવન્ત કરનાર.[૯]

ઉદ્દ્યોત- બે પ્રકારનો છે.[૧૦]

૧. દ્રવ્યોદ્દ્યાત- અગ્નિ, સૂર્ય, મણિ વગેરે દ્રવ્ય ઉદ્દ્યોત છે.[૧૧]

૨. ભાવોદ્દ્યોત- જ્ઞાન તે ભાવઉદ્દ્યોત છે.[૧૨] જેના વડે યથાસ્થિતિ રીતે વસ્તુ જણાય તે શુદ્ધ જ્ઞાન છે.

તે જ્ઞાન એ જ ભાવઉદ્દ્યોત છે.[૧૩]

કેવળ જ્ઞાનથી ઉત્પન્ન થનારો ઉદ્દ્યોતને ભાવ ઉદ્દ્યોત છે.[૧૪]

પ્રકાશ કરવો એવો જેનો સ્વભાવ છે તે 'ઉદ્દ્યોતકર' કહેવાય.

"ઉદ્દ્યોતકર પણ બે પ્રકારે હોય છે.૧. સ્વઉદ્દ્યોતકર ૧. પર ઉદ્દ્યોતકર". શ્રી તીર્થંકર બંને પ્રકારે ઉદ્દ્યોત કરે છે. પોતાના આત્માને ઉદ્દ્યોતિત કરવા દ્વારા તેઓ 'સ્વદ્દ્યોતકર' છે. અને લોકમાં પ્રકાશ ફેલાવનાર વચનરૂપી દીપકની અપેક્ષાએ તેઓ બાકીના ભવ્ય વિશષો માટે ઉદ્દ્યોત કરનારા હોવાથી 'પર ઉદ્દ્યોતકર છે.[૧૫] ઉદ્દ્યોતના પૂર્વાક્ત બે ભેદોમાં ભાવોદ્દ્યોતનું સ્થાન અતિ મહત્ત્વનું છે. કારણ કે દ્રવ્યોદ્દ્યોતનો ઉદ્દ્યોત પુદ્ગલ સ્વરુપ હોવાથી તેમજ તેવા પ્રકારના પરિણામથી યુક્ત હોવાથી પરિમિત ક્ષેત્રમાં પ્રકાશિત કરે છે. જ્યારે ભાવોદ્દ્યોતનો ઉદ્દ્યોત લોક અને અલોકને પ્રકાશિત કરે છે.[૧૬]

કેવળજ્ઞાનના પ્રકાશરૂપી દીપકથી શ્રી તીર્થંકરો સર્વલોકમાં પ્રકાશ કરવાના સ્વભાવવાળા છે માટે તે ઉદ્દ્યોતકર છે.[૧૭]

केवलालोकदीपेन तत्पूर्वकवचनदीपेन वा प्रकाशनशीलान् ।[१८]

केवलालोकदीपेन उद्द्यातकरान् प्रकाशकरान् ॥[१९]

કેવળ જ્ઞાન પ્રકાશથી અથવા તો તે પ્રકાશપૂર્વકના વચનરૂપી દીપકથી શ્રીજિનેશ્વર ભગવંતો ઉદ્દ્યોત કરવાના સ્વભાવવાળા છે.

આ પ્રમાણે **'लोगस्स उज्जोअगरे'** એ બે પદો પંચાસ્તિકાયરૂપી લોકનો કેવલજ્ઞાનરૂપ સર્વોત્કૃષ્ટ ભાવોદ્દ્યોત (ભાવદીપક) વડે પ્રકાશ કરવાના સ્વભાવવાળા- એ અર્થમાં સિદ્ધ થાય છે. આ પદો વડે શ્રી તીર્થંકરોનો વચનાતિશય કહેવામાં આવ્યો છે.[૨૦]

**धम्मतित्थयरे- (धर्मतीर्थकरान्)**-ધર્મરૂપીતીર્થના સંસ્થાપક

ધમ્મતિત્થયરે- ધર્મરૂપ તીર્થના કરનારા [૨૧]

'ધર્મ' શબ્દમાં 'ધૃ' ધારણ કરવું અથવા 'ધા' મુકવું એ મૂળ શબ્દને લઈને આવા બે અર્થ થાય.[૨૨]

ધર્મની વ્યાખ્યા લલિતવિસ્તરામાં નીચે પ્રમાણે ટાંકવામાં આવી છે.

**दुर्गतिप्रसृताज्जीवान, यस्माद्धारयते ततः ।**

**धत्ते चैतान् शुभ स्थाने तस्माद्धर्म इति स्मृतः ॥१॥**

અર્થ-દુર્ગતિમાં પડતા જીવોને રોકીને એમને શુભ સ્થાનમાં સ્થાપિત કરે તે 'ધર્મ' કહેવાય છે.

ધર્મ બે પ્રકારનો છે. ૧. દ્રવ્ય ધર્મ ૨. ભાવધર્મ.[૨૩] અહીં ભાવ ધર્મ પ્રસ્તુત છે. ભાવધર્મ શ્રુતરૂપ અને ચારિત્રરૂપ છે.[૨૪]

**तीत्थ-(तीर्थ)**-તીર્થ

તીર્થ શબ્દની વ્યુત્પતિ **'तीर्यतेऽनेन इति तीर्थम्'** જેના વડે તરાય તે તીર્થ. તૃ શબ્દ પરથી તીર્થ શબ્દ બન્યો છે. અને તૃ એટલે તરવું. તરવાનું ભવસાગરથી છે કેમ કે ભવસાગર તર્યા એટલે દુઃખમાત્રનો, ભય માત્રનો અંત આવે છે.અને જન્મમરણાદિ વિટંબણા માત્રનો અંત આવે છે. એ સાચું તરવું કહેવાય.[૨૪]

**यर-(कर)**-કરનારા, કરવાનો સ્વભાવ છે જેમનો એવા એટલે **धर्म एव तीर्थ धर्मप्रधान वा तीर्थ धर्मतीर्थ तत्करणशीलान धर्मतीर्थकारन् ।**[२५]

ધર્મ એ જ 'તીર્થ' કે ધર્મ પ્રધાન એવું 'તીર્થ' તે 'ધર્મતીર્થ' તેને કરવાનો સ્વભાવ છે જેમનો તે 'ધર્મતીર્થંકર' તેવા ધર્મતીર્થંકરોને, તેનો વિશેષ અર્થ દેવો, મનુષ્યો, અને અસુરો સહિતની પર્ષદામાં સર્વજીવોની પોતપોતાની ભાષામાં પરિણામ પામનારી વાણી દ્વારા 'ધર્મતીર્થ'નું પ્રવર્તન કરનારાઓને છે.[२६]

આ પ્રમાણે **धम्मतित्थयरे** એ પદ - દુર્ગતિમાં પડતા પ્રાણીઓને રોકી રાખી સન્માર્ગે સ્થાપનાર અને સંસારસાગરથી તારનાર એવા ધર્મરૂપ ભાવતીર્થનું સર્વ ભાષામાં પરિણામ પામનારી સાતિશય વાણી દ્વારા પ્રવર્તન કરવાના સ્વભાવવાળા સિદ્ધ થાય છે.

આ પદ દ્વારા શ્રી તીર્થંકર ભગવંતનો પૂજાતિશય તથા વચનાતિશય દર્શાવવામાં આવ્યો છે.[२७]

શ્રી 'મહાનિસીહ' સૂત્રમાં ધર્મતીર્થંકર અંગે નીચે પ્રમાણે ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. હે ગૌતમ ! પૂર્વે જેનો શબ્દાર્થ વર્ણવામાં આવ્યો છે. એવા જે કોઈ ધર્મતીર્થંકર શ્રી અર્હંત ભગવંતો હોય છે. તેઓ પરમપૂજ્યોના પણ પૂજ્યતર હોય છે. કારણ કે તે સઘળાય લક્ષણોથી લક્ષિત હોય છે. તેઓ સકલ પદાર્થના જ્ઞાતા-દ્રષ્ટા હોય છે.

**जिणे (जिनान्)** જિનોને.

'જિન' શબ્દનો અર્થ જેમણે ક્રોધ, માન, માયા, લોભ જીત્યા છે-તે એવો કરવામાં આવ્યો છે.[२८]

*રાગ-દ્વેષ કષાયો, ઈન્દ્રિયો, પરિસહો, ઉપસર્ગો અને ચાર પ્રકારના ઘાતી* કર્મોને જિતનારા તે 'જિન' એમ કહેવાયું છે.[२९]

**'रागादिजेतारो जिनास्तान्'** રાગ આદિને જિતનારાને તે જિન એમ કહેવાયું છે.[३०]

જેમણે રાગ,દ્વેષ અને મોહને જીત્યા છે. તેઓ 'જિન' એમ કહેવાયું છે.[३१]

રાગ-દ્વેષ આદિને જીતનારાઓ 'જિન' તરીકે ઓળખાય છે.[३२]

આ રીતે **जिन** પદ રાગ-દ્વેષ, કષાયો, પરીસહો, ઉપસર્ગો અને ચાર પ્રકારના કર્મોને જીતનાર એ અર્થમાં સિધ્ય થાય છે.

આ પદ દ્વારા અપાયાગમ અતિશય દર્શાવાયો છે.[३३]

अरिहंते- (अर्हतः) અર્હતોને. અરિહંત શબ્દનો અર્થ નીચે મુજબ કરવામાં આવ્યો છે.

ઈન્દ્રિયો, વિષયો, કષાયો, પરિસહો અને ઉપસર્ગો આ અરિઓને શત્રુઓને હણનારા હોવાથી તેઓ અરિહંત કહેવાય છે. ઉપરાંત ચાર પ્રકારના કર્મ સર્વજીવો માટે અરીભૂત છે. તે કર્મરૂપી અરિને હણનારા હોવાથી તેઓ 'અરિહંત' કહેવાય છે. વંદન અને નમસ્કારને જેઓ યોગ્ય છે. અને સિદ્ધાગમનને જેઓ યોગ્ય છે તેઓ 'અરિહંત' કહેવાય છે.[૩૪]

અશોક આદિ આઠ પ્રાતિહાર્ય આદિ સ્વરૂપ પૂજાને જેઓ યોગ્ય છે તેઓ અર્હત કહેવાય છે.[૩૫]

કર્મરૂપી અરિને હણનારાઓને 'અરિહંત' શબ્દને અર્થ કર્યો છે.[૩૬]

લલિતવિસ્તરા, યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ ધર્મસંગ્રહ, વંદારૂવૃત્તિ આચારદિનકર, ચેઈયવંદણમહાભાસ આદિ ગ્રથો 'अरिहंत' પદને વિશેષ્ય માને છે.

અહી એક વાત ટાંકવી જરૂરી છે કે ધર્મસંગ્રહ ગ્રંથ અરિહંત પાઠને બદલે 'अरिहते' પાઠ જણાવે છે.[૩૭]

આ રીતે 'अरिहत' પદ-વંદન-નમસ્કારને, પૂજા સત્કારને તથા સિદ્ધગમનને જેઓ યોગ્ય છે. તેવા તેમજ ચારેય કર્મો, ઈન્દ્રિયો, વિષયો કષાય આદિ અરિઓને હણનારા એ અર્થમાં સિદ્ધ થાય છે.

कित्तइस्सं-(कीर्तयिष्ये)-કીર્તન કરીશ. નમોચ્ચારણપૂર્વક સ્તવીશ.

અહીં જે કીર્તન કરવાનું છે તે નામથી અને ગુણોથી કીર્તન કરવાનું છે. કીર્તન કરવાનું કારણ દેવતા, મનુષ્યો અને અસૂરો સહિત સમગ્ર લોક માટે કીર્તનીય એવા તે 'તીર્થકરોએ જ્ઞાન, દર્શન ચારિત્ર તથા તપરૂપ વિનય દર્શાવ્યો છે. તેમના આ ગુણોને ખ્યાલમાં રાખીને અહીં તેમનું કીર્તન કરવામાં આવે છે.[૩૮]

कित्तइस्सं રૂપ कीर्ति ધાતુનું ભવિષ્યકાળના પ્રથમ પુરુષ એક વચનનું છે.

कित्तइस्स પદનો સામાન્ય અર્થ 'હું કીર્તન કરીશ' એટલો જ થાય છે. પરંતુ તેના વિશેષ અર્થ "પોત પોતાના નામથી યા તો નામોના ઉચ્ચારણપૂર્વક હું સ્તવના કરીશ" થાય છે. એમ સમસ્ત ગ્રંથકારો જણાવે છે.[૩૯]

कित्तइस्स નો અર્થ कथयिष्ये કહીશ એ પ્રમાણે કરે છે.[૪૦]

**कितइस्स** રૂપ અંગે વિચારણા કરીએ તો સંસ્કૃત ભાષાના **किर्तयिष्ते** રૂપને પ્રાકૃતમાં ઢાળવામા આવતાં '**कीर्तयि**' એટલા અંશનું પ્રાકૃત વ્યાકરણના વર્ણવિકારોના નિયમ પ્રમાણે '**कीतई**' થાય. બાદ '**ष्ये**' પ્રથમ પુરુષના એક વચનનો સૂચક છે. તેને સ્થાને પ્રાકૃતમાં '**मि**' આવે અને એ '**मि**' ના સ્થાને વિકલ્પે '**स्स**' આદેશ થાય, આ રીતે પ્રાકૃત વ્યાકરણ નિયમાનુસાર જે '**कीत्तइस्स**' રૂપ સાધી શકાય છે.

આવસ્સ હારિભદ્રિયટીકા, લલિતવિસ્તરા, દેવવંદન ભાસ્ય. આ ગ્રંથો '**कीतईस्स**'નું સંસ્કૃત રૂપ '**कीर्तियिष्यामि**' કરે છે. જ્યારે યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ વંદારૂવૃત્તિ, ધર્મસંગ્રહ તથા આચારદિનકર '**कीर्तयिष्ये**' કરે છે.[૪૧]

આ રીતે '**क्त्तिईस्सं**' પદ નામોચ્ચારણપૂર્વક સ્તવીશ- એ અર્થમાં સિદ્ધ થાય છે.

**चउवीसं-(चतुर्विंशतिम्)**-ચોવીસને.

ચોવીસને એટલે કે ચોવીસ તીર્થંકરો 'ચોવીસ' એ સંખ્યા ઋષભ આદિ હવે પછી કહેવાનારા માટે છે.[૪૨] એટલે કે ભરતક્ષેત્રની વર્તમાન ચોવીસીમાં થયેલા શ્રી ઋષભથી આરંભી શ્રીવર્ધમાન પર્યંતના અર્હતો માટે '**चउवीसं**' શબ્દ વપરાયેલો છે.

**चउवीस** એ સંખ્યા ભારતવર્ષમાં થયેલા અર્હતો માટે છે.[૪૩]

ચોવીસથી ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા અર્હતો સમજવા.[૪૪]

આ પ્રમાણે **चउवीस** પદ ભરતક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા વર્તમાન ચોવીસીના અર્હતોને એ અર્થમાં સિદ્ધ થાય છે.

**पि-(अपि)**- અને, વળી (અર્થાત્ બીજાઓને પણ)

અહીં વપરાયેલ '**पि**' પદ કે જે '**अपि**' અવ્યય છે. તેના અનેક અર્થો છે.[૪૫] તે પૈકી અહીં 'સમુચ્ચય' અર્થ ઘટિત થાય છે એટલે '**चउवीसं पि**' નો અર્થ 'ચોવીસને અને' એ પ્રમાણે થાય 'અને' કહ્યા બાદ વાક્ય અધુરુ રહે છે તે માટે આવસ્સયતિજ્જુતિમાં સૂચવવામાં આવ્યું છે. તે '**अपि**' શબ્દના ગ્રહણથી ઐરવતક્ષેત્ર તથા મહાવિદેહક્ષેત્રમાં જે છે તેમનું ગ્રહણ સમજવું. એટલે નિજ્જુતિકારને '**अपि**' શબ્દથી બીજા બે ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા અર્હતો અભિપ્રેત છે.

**अविसहाओ वंदे महाविदेहाईपभवेडपि अपि** શબ્દથી 'મહાવિદેહ' આદિમાં થયેલા એમ જણાવે છે.[૪૭]

'**अपि**' શબ્દથી 'બીજાઓને પણ' એમ જણાવે છે.[૪૮]

*આ રીતે अपि શબ્દ ભરતક્ષેત્રની વર્તમાન ચોવીસીના ચોવીસ અર્હતોથી* અન્ય એવા ઐરાવત તથા મહાવિદેહ આદિ ક્ષેત્રોમાં થયેલા અર્હતોનો એ અર્થમાં સિદ્ધ થાય છે.

**केवली-(केवलिनः)**-કેવળજ્ઞાનીઓને.

**केवली'** શબ્દની વ્યુત્પત્તિ **केवल येषां विद्यते इति केवलिनः** એટલે કેવલ (કેવળજ્ઞાન) જેમને છે તે.

**'केवली'** શબ્દની વ્યાખ્યા આવસ્સયનિજ્જુત્તિમાં આ પ્રમાણે આપવામાં આવી છે. સંપૂર્ણ (પંચાસ્તિકાયાત્મક) લોકને જાણે છે તથા જુએ છે. અને જે કેવલ ચારિત્રી તથા કેવળજ્ઞાની છે તે કારણથી તે 'કેવલી' કહેવાય.[૪૯] અહીં 'જાણવું' એટલે વિશેષરૂપે જાણવું (કેવળજ્ઞાન) અને 'જોવું' એટલે સામાન્યરૂપે જાણવું (કેવલદર્શન) એમ સમજવાનું છે.[૫૦]

આવસ્સય હારિભદ્રીયટીકા તથા લલિતવિસ્તરામાં આચાર દિનકર માં કેવલીની વ્યાખ્યા 'કેવલજ્ઞાન જેમને છે તે' એટલી જ આપવામાં આવી છે.[૫૧]

'કેવલી'નો અર્થ "ઉત્પન્ન થયેલું છે કેવલજ્ઞાન જેમને એવા ભાવ અર્હત્" એ પ્રમાણે કરવામાં આવ્યો છે.[૫૨]

કેવલીનો અર્થ ભાવ અર્હતો એ પ્રમાણે કરાયો છે.[૫૩]

આ રીતે **'केवली'**-પદ-જેમને કેવલજ્ઞાન અને કેવલદર્શન ઉત્પન્ન થયું છે. અને તે દ્વારા જેઓ સંપૂર્ણ લોકને જાણે છે અને જુએ છે એવા સંપૂર્ણ ચરિત્ર અને જ્ઞાનવાળા, ભાવ અર્હતોને એ અર્થમાં સિદ્ધ થાય છે.

કેવલી પદ અહીં શા માટે મુકવામાં આવ્યું છે. તે અંગે ગ્રંથકારોમાં કેટલાક મતાન્તર પ્રવર્તે છે.

**'केवली'** એ વિશ્લેષણ એટલા માટે છે કે જેમને કેવળજ્ઞાન ઉત્પન્ન થયું છે. તેવા આત્માઓ જ લોકદ્દ્યોતકર, ધર્મતીર્થંકર, જિન એવા અર્હત હોય છે.બીજા નહિં એવો નિયમ કરવા દ્વારા સ્વરૂપ સમજાવવા પૂરતો જ આ પ્રયોગ છે.[૫૪]

છદ્મસ્થ અવસ્થામાં રહેલા જિનોનો અહીં સમાવેશ ન થાય તે માટે **'केवली'** પદ મુકવામાં આવ્યો છે.[૫૫]

## ૪.૨ લોગસ્સ સૂત્રની ગાથા બે, ત્રણ, ચારના શબ્દાર્થ

उसभमजिअं च वंदे, संभवमभिनंदण च सुमई च ।
पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ॥२॥
सुबिहिं च पुष्कदंत, सीयल सिज्जस वासुपूज्जं च ।
विमलमणंत च जिणं, धम्मं संति च वंदामि ॥३॥
कुंथुं अरं च मल्लि वंदे मुणिसुव्वयं नमिजिणं च ।
वंदामि रिट्ठनेमि पासं तह वद्धमाणं च ॥४॥

આ ત્રણ ગાથાઓમાં ચોવીસ તીર્થંકર ભગવંતોના અભિધાનો ના સામાન્ય તથા વિશેષ અર્થો છે. પ્રત્યેક તીર્થંકરના નામનો સામાન્ય અર્થ ચોવીસ તીર્થંકર દેવમાં ઘટિત થઈ શકે છે. અર્થાત્ એક તીર્થંકર ભગવંતના નામનો સામાન્ય અર્થ સર્વ તીર્થંકર ભગવંતને લાગુ પડે છે; જ્યારે પ્રત્યેક તીર્થંકર ભગવંતના નામનો વિશેષ અર્થ વિશિષ્ટ કારણને લઈને તેઓશ્રીના પુરતો જ મર્યાદિત હોય છે. અર્થાત્ માત્ર તેમને જ લાગુ પડે છે.

च-(च)[૫૬]-અને. અથવા ગાથા-બે , ત્રણ અને ચારમાં 'च' શબ્દનો પ્રયોગ અગિયાર વખત કરવામાં આવ્યો છે. જેમાં દશ च નો અર્થ 'અને' છે જ્યારે એક 'च'નો અર્થ 'અથવા' છે.

सुविहि च पुष्कदंतं પદમાં વપરાયેલ 'च'નો અર્થ અથવા છે જ્યારે બાકીના 'च' નો અર્થ અને છે.

ઉપરોક્ત ત્રણ ગાથામાં च ની ગોઠવણ નીચે પ્રમાણે છે.

પ્રથમ બે જિન - उसभमजिअं 'च'

પછી બે જિન - संभवमभिनंदणं 'च'

પછી એક જિન - सुमई 'च'

પછી બે જિન - पउम्मप्पहं सुपासं जिणं 'च'

પછી બે જિન - चंदप्पहं वंदे सुविहि 'च'

પછી ત્રણ જિન - (पुष्फदंत) सीअल सिज्जंस वासुपुज्ज 'च'

પછી બે જિન - विमलमणंतं 'च'

પછી બે જિન - धम्मं संति 'च'

પછી બે જિન    कुंथुं अरं 'च'

પછી ત્રણ જિન  *मल्लि वंदे मुणिसुव्वयं नमिजिणं 'च'*

પછી ત્રણ જિન  रिट्ठनेमि पासं तह वध्धमाणं 'च'

वंदे (वन्दे) વંદન કરું છું

ઉપર્યુક્ત ત્રણ ગાથામાં ત્રણ વખત 'वंदे' અને બે વખત 'वंदामि' પદનો પ્રયોગ નીચે જણાવેલ ક્રમથી કરવામાં આવ્યો છે. પ્રથમ બે જિન પછી *वंदे* ત્યારબાદ છ જિન પછી वंदे અને આઠ જિન પછી वंदामि.

આમ સૂત્રમાં વારંવાર જે વંદનાર્થક ક્રિયાપદનો પ્રયોગ કરાયો છે. તે આદર દર્શાવવા માટે છે અને તેથી તે પુનરુક્તિ, દોષકારક નથી.[૫૭]

जिणं-(जिन)-જિનને

ઉપર્યુક્ત ગાથામાં ત્રણ વખત 'जिण' પદ વપરાયેલ છે. અને 'સંપૂર્ણ લોગસ્સસૂત્ર'માં પાંચ વખત 'जिन' શબ્દ વપરાયો છે. સંપૂર્ણ સૂત્રમાં સૌથી વધુ વપરાયેલ કોઈ પણ શબ્દ હોય તો તે આ 'जिन' શબ્દ છે.

जिण પદ સાત સાત જિનના અંતરે એટલે કે સાતમાં જિન પછી, ચૌદમા જિન પછી અને એકવીસમા જિન પછી ગોઠવાયેલ છે.

तह-(तथा)-અને

'पासं तह वध्यमाणं च' એ પદમાં 'तह' શબ્દ પ્રયોગ કરાયો આ 'तह' નો અર્થ 'તથા' કરવામાં આવ્યો છે.

एवं-(एवं)-એ પ્રકારે.

एवं પદનો અર્થ અનન્તરોક્ત પ્રકાર વડે એમ કરે છે.[૫૮]

एवं પદનો અર્થ 'અનન્તરોહિત વિધિ વડે' એમ કરે છે.[૫૯]

एवं નો અર્થ 'કહેલી વિધિ' વડે એમ જણાવે છે.[૬૦]

एवं નો અર્થ 'પૂર્વોક્ત પ્રકારે' એમ કરે છે.[૬૧]

### ૪.૨.૧ પ્રથમ ગાથાના તીર્થંકર ભગવંતના સામાન્ય અને વિશેષ લક્ષણ

**૧. उसभ-ઋષભ :**

સામાન્ય અર્થ : જે પરમપદ પ્રત્યે ગમન કરે તે 'ઋષભ'. ઋષભ એનો વિકલ્પ 'વૃષભ' છે. એટલે દુઃખથી દાઝેલી દુનિયા ઉપર દેશના જલનું વર્ષણ

કરનાર કે સિંચન કરનાર.[62] પ્રાકૃત નિયમ પ્રમાણે 'वृ' ને બદલે 'उ' કરવાથી उसहो શબ્દ બને છે.

વિશેષ અર્થ : વિશેષ અર્થ બે રીતે થઈ શકે છે. ૧. જેમની માતાને ૧૪ સ્વપ્નના પ્રસંગે પ્રથમ સ્વપ્ન ઋષભનું આવ્યું હતું. ૨. જેમના બંને સાથળોમાં વૃષભ એટલે કે બળદનું ચિન્હ છે તે વૃષભ. તેઓ આદિદેવ કે આદિનાથના નામથી ઓળખાય છે.

હિન્દુ ધર્મમાં તેમને વિષ્ણુના એક અવતાર તરીકે ઓળખવામાં આવે છે. ચોવીસ અવતારોમાં તેમની ગણતરી દશમા અવતાર તરીકે છે.

શ્રી ઋષભદેવ આ અવસર્પિણીકાળના પ્રથમ તીર્થંકર છે.[63]

**૨. मजिअं-અજિત :**

સામાન્ય અર્થઃ પરિષહો અને ઉપસર્ગોથી ન જિતાયેલા તે 'અજિત'.

વિશેષ અર્થઃ તીર્થંકર ગર્ભમાં આવ્યા બાદ જેમનાં જનનીને દ્યુતક્રીડામાં પિતા જીતી શકયા નહીં માટે 'અજીત'.

**૩. संभव-સંભવ :**

સામાન્ય અર્થ - જેમનામાં ચોત્રીસ અતિશયો પ્રગટ થાય તે 'સંભવ'. જેઓની સ્તુતિ કરવાથી સ્તુતિ કરનારને સુખ અને શાંતિ થાય તે 'સંભવ'.

વિશેષ અર્થ - જે તીર્થંકર ગર્ભમાં આવ્યા બાદ દેશમાં અધિકાધિક ધાન્યની નિષ્પત્તિ થઈ માટે 'સંભવ.'[64]

**૪. मभिनंदणं-અભિનંદન :**

સામાન્ય અર્થ : દેવેન્દ્રો આદિથી અભિવાદન કરાય તે 'અભિનંદન'.

વિશેષ અર્થઃ આ તીર્થંકર ગર્ભમાં આવ્યા બાદ શકેન્દ્ર વારંવાર આવીને તેમનું અભિનંદન (સ્તુતિ) કર્યુ માટે 'અભિનંદન'.

**૫. सुमति-સુમતિ :**

સામાન્ય અર્થ : જેઓનું સું-સુંદર, મતિ-બુદ્ધિ જેમની મતિ સુંદર છે તે 'સુમતિ'.

વિશેષ અર્થ : આ તીર્થંકર ગર્ભમાં આવ્યા બાદ જેમના માતા સર્વ અર્થોના નિશ્ચિય કરવામાં સુંદર મતિસંપન્ન થયા. વિવાદમાં બે શોક્યો વચ્ચેના

ઝઘડાનું સમાધાન કર્યું માટે 'સુમતિ'.

૬. पउमप्पहं-પદ્મપ્રભ :

સામાન્ય અર્થ : નિષ્પંકતા ગુણને આશ્રયીને પદ્મ (કમલ)જેવી જેમની પ્રભા છે તે 'પદ્મપ્રભ'.

વિશેષ અર્થ : આ તીર્થંકર ગર્ભમાં આવ્યા બાદ માતાને કમલની શય્યામાં સુવાનો દોહદ થયો. જે દેવતાએ પૂર્ણ કર્યો. માટે પદ્મ અને તીર્થંકરની દેહની પ્રભા (કાંતિ) પદ્મ કમળ સમાન રાતી હોવાથી 'પદ્મ પ્રભ' નામ રાખ્યું.

૭. सुपासं-સુપાશ્વ :

સામાન્ય અર્થ : જેમનો પાર્શ્વભાગ (પડખા) સુંદર છે તે.

વિશેષ અર્થ : જે તીર્થંકર ગર્ભમાં આવ્યા બાદ માતાના પાશ્વભાગ (પડખાં) ગર્ભના પ્રભાવથી સુંદર થયા માટે 'સુપાર્શ્વ'.

૮. चंदप्पहं-ચંદ્રપ્રભ :

સામાન્ય અર્થ : ચંદ્ર જેવી સૌમ્યકાંતિ તથા પ્રભા શાંત લેશ્યાવાળી હોય તે 'ચંદ્રપ્રભ'.

વિશેષ અર્થ : જે તીર્થંકરની માતાને તીર્થંકર ગર્ભમાં આવ્યા બાદ ચંદનનું પાન કરવાનો દોહદ થયો. તેમજ ભગવાનની શરીરની પ્રભા ચંદ્ર સમાન ઉજ્જવળ હતી તેથી 'ચંદ્રપ્રભ.'

**બીજી ગાથાના તીર્થંકરનું ચિત્ર પરિશિષ્ટ નં. ૧ માં આપેલ છે.**

**૪.૨.૨ બીજી ગાથાના તીર્થંકર ભગવાનના સામાન્ય વિશેષ લક્ષણ**

૯. सुविहिं-સુવિધિ :

સામાન્ય અર્થ : સુંદર છે વિધિ એટલે સર્વકાર્યમાં કૌશલ્ય જેમનું છે તે

વિશેષ અર્થ : તીર્થંકર ગર્ભમાં આવ્યા બાદ તીર્થંકરના માતા સર્વ વિધિમાં વિશેષ પ્રકારે કુશલ બન્યા માટે 'સુવિધિ'.

पुष्फदंत-પુષ્પદંત : સુવિધિનાથ જેમનું બીજું નામ પુષ્પદંત છે. બધા તીર્થંકરના એક એક નામ છે પરંતુ નવમાં તીર્થંકરના બે નામ છે.

આવશ્યકનિજ્જુતિ, આવસ્સય હારિભદ્રીય ટીકા, વંદારૂવૃત્તિ તથા દેવવંદન ભાષ્ય આ ચાર ગ્રંથોમાં તો 'પુષ્પદંત' નામ મૂળ ગાથામાં હોવા છતાં પણ તેનું

વિવેચન કે તેનો નામોલ્લેખ સુદ્ધાં કરતાં નથી. જ્યારે ચેઈયવંદણ મહાભાસ, યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ, આચાર દિનકર તથા ધર્મસંગ્રહ તેનું વિવેચન કરે છે પણ તેમાં વિશિષ્ટ વિવેચન ચેઈયવંદણ મહાભાસ કરે છે.

**૧૦. सीयल-શીતલ :**

સામાન્ય : કોઈપણ પ્રાણીને સંતાપ નહીં કરનારા હોવાથી અને સૌને આનંદ ઉત્પન્ન કરનાર હોવાથી 'શીતલ'.

વિશેષ અર્થ : તીર્થંકરના પિતાને થયેલો પિત્તદાહ કે જે અનેક ઔષધોથી પણ શાંત નહોતો થતો, તે તીર્થંકર ગર્ભમાં આવ્યા બાદ તીર્થંકરના માતાએ તિર્થંકરના પિતાને સ્પર્શ કરવાથી શાંત થયો માટે 'શિતલ'.

**૧૧. सिज्जसं-શ્રેયાંસ :**

સામાન્ય અર્થ : સમસ્ત ભુવનનું શ્રૈયસ્ એટલે કલ્યાણ કરનારા તે 'શ્રેયાંસ'.

શ્રયાન એટલે કલાણકારી **अस्** એટલે ખભા. જેઓ છે તે. **श्रेय+अंश** = 'શ્રેયાંસ'.

વિશેષ અર્થ : તીર્થંકરના કુલમાં પરંપરાગત એક શય્યા હતી. જે દેવતાથી અધિષ્ઠિત હતી અને તેની હંમેશા પૂજા થતી હતી જે તેના ઉપર ચઢે તેને દેવતા ઉપસર્ગ કરતો હતો. તીર્થંકર ગર્ભમાં આવ્યા બાદ ભગવંતની માતાને તે શય્યા પર સુવાનો દોહદ થયો અને તેના પર માતા ચડ્યા કે દેવ ચીસ પાડીને ભાગ્યો. આ ગર્ભના પ્રભાવથી આ રીતે શ્રેય થયું માટે 'શ્રેયાંસ'.

**૧૨. वासुपुज्जं-વાસુપૂજ્ય :**

સામાન્ય અર્થ : વસુ જાતિના દેવોને ભગવંત પૂજ્ય હોવાથી વાસુપૂજ્ય.

વિશેષ અર્થ : તીર્થંકર જ્યારે ગર્ભમાં આવ્યા ત્યારે વાસવે (ઈન્દ્રે) વારંવાર માતાની પૂજા કરી માટે વાસુપૂજ્ય ૨. વસુ એટલે રત્નો તીર્થંકર ગર્ભમાં આવ્યા બાદ વૈશ્રમણે વારંવાર રત્નોથી તે રાજકુલને પૂજયું એટલે કે પૂર્ણ કર્યુ એટલે 'વાસુપૂજ્ય'.

**૧૩. विमल-વિમલ :**

સામાન્ય અર્થ : વિ. એટલે ગયો છે મલ. મલ એટલે મેલ જેમના મલ

ચાલ્યા ગયા છે. તે વિમલ અથવા જેમના જ્ઞાન આદિ નિર્મલ છે તે 'વિમલ'.

વિશેષ અર્થ : તીર્થંકર માતાના ગર્ભમાં આવ્યા બાદ તીર્થંકરની માતાનું શરીર અને બુદ્ધિ અત્યંત નિર્મલ થયાં માટે 'વિમલ.'

**૧૪. મળંત-અનન્ત :**

સામાન્ય અર્થ : અનંતકર્મોના અંશોને જિતે તે અનંત અથવા અનંતજ્ઞાનાદિ ગુણોથી જયવંતા છે તે 'અનાજિત.'

વિશેષ અર્થ : તીર્થંકર ગર્ભમાં આવ્યા બાદ તીર્થંકરની માતા એ સ્વપ્નમાં રત્નમય, અનંત (અતિશય મહાન) માલા જોઈ માટે 'અનંત'. આમ અનંતરત્નોની માળા દેખી એટલે અનંત અને ત્રણ જગતમાં જયવંતા છે. તેથી જીત, અનંત+જિત = 'અનંતજિત'.

**૧૫. ધમ્મં-ધર્મ :**

સામાન્ય અર્થ : દુર્ગતિમાં પડતાં પ્રાણીઓના સમૂહને ધારણ કરે તે 'ધર્મ'.

વિશેષ અર્થ : તીર્થંકર ગર્ભમા આવ્યા બાદ તેની માતાને વિશેષ પ્રકારે દાન,દયા આદિ (ધર્મવાળા) ધર્મમાં ઉદ્યમી બન્યા માટે 'ધર્મ'.

**૧૬. संति-શાંતિ :**

સામાન્ય અર્થ : ભગવાનને શાંતિનો યોગ હોવાથી, શાંતિનો યોગ કરાવનારા, શાંતિને કરનારા, અથવા શાંતિસ્વરુપ હોવાથી શાંતિ.

વિશેષ અર્થ : તીર્થંકર ગર્ભમાં આવ્યા તે પૂર્વે દેશમાં મરકીનો ઉપદ્રવ ચાલુ હતો જે તીર્થંકર ના ગર્ભમાં આવતા શાંત થયો માટે શાંતિ.

**ત્રીજી ગાથાના તીર્થંકર ભગવંતનું ચિત્ર પરિશિષ્ટ નં.૧ માં આપેલ છે.**

**૪.૨.૩ ત્રીજી ગાથાના ભગવંતના સામાન્ય તથા વિશેષ અર્થ**

**૧૭. कुंथुं-કુન્થું :**

સામાન્ય અર્થ : 'કુ' એટલે 'પૃથ્વી' તેમાં સ્થિત રહેલ તે 'કુન્થુ'.

*વિશેષ અર્થ : તીર્થંકર ગર્ભમાં આવ્યા બાદ માતાએ સ્વપ્નમાં મનોહર* ઊંચા મહાપ્રદેશમાં રહેલ રત્નમય સ્થૂભ જોયો માટે 'કુન્થું'.

**૧૮. अरं-અરં :**

સામાન્ય અર્થ : સર્વોત્તમ એવા મહાસત્યશાળી કુળમાં જે પેદા થાય અને તેની અભિવૃદ્ધિ માટે થાય તે 'અર'.

વિશેષ અર્થ : તીર્થંકર માતાના ગર્ભમાં આવ્યા બાદ માતાએ સ્વપ્નમાં સર્વ રત્નમય અતિ સુંદર અને મહાપ્રમાણવાળો ચક્રનો આરો જોયો તેથી 'અર'.

**૧૯. मल्लि-મલ્લિ :**

સામાન્ય અર્થ : પરિષહ આદિ મલ્લોને જીતે તે 'મલ્લિ'.

વિશેષ અર્થ : તીર્થંકર ગર્ભમાં આવ્યા બાદ તીર્થંકરની માતાને સર્વઋતુના શ્રેષ્ઠ સુગંધી પુષ્પોની માલાની શય્યામાં સુવાનો દોહદ થયો અને તે દેવતાએ પૂર્ણ કર્યો માટે 'મલ્લિ'

**૨૦. मुणिसुव्वं-મુનિસુવ્રત :**

સામાન્ય અર્થ : જગતની ત્રણે કાલની અવસ્થાને જાણે (અવસ્થાનું મનન કરે ) તે 'મુનિ' અને સુંદરવ્રતોને ધારણ કરે તે 'સુવ્રત' મુનિ હોવા સાથે સુવ્રત તે 'મુનિસુવ્રત.'

વિશેષ અર્થ : તીર્થંકર ગર્ભમાં આવ્યા બાદ તીર્થંકરની માતા અત્યંત સુવ્રત (સુંદર વ્રત સંપન્ન) બન્યા માટે 'મુનિસુવ્રત'.

**૨૧. नमि-નમિ :**

સામાન્ય અર્થ : પરિસહ અને ઉપસર્ગ આદિને નમાવે તે 'નમિ'.

વિશેષ અર્થ : દુર્દાન્ત એવા સીમાડાના રાજાઓએ તીર્થંકરના પિતાના નગરને ઘેરો ઘાલ્યો હતો. તીર્થંકર ગર્ભમાં આવ્યા ત્યારે ગર્ભના પુણ્યની શક્તિથી પ્રેરિત તીર્થંકરના માતાને અટ્ટાલિકા પર ચઢવાની ઈચ્છા થઈ અને તેઓ ચઢ્યા દુશ્મન રાજાઓ તેમને જોતાની સાથે ગર્ભના પ્રભાવથી નમી પડ્યા માટે 'નમિ'.

**૨૨. रिट्ठनेमिं-અરિષ્ટનેમિ :**

સામાન્ય અર્થ : ધર્મરૂપી ચક્રમાં નેમિ-ચક્રના ઘેરાવા જેવા તે 'નેમિ'.

વિશેષ અર્થ : તીર્થંકર ગર્ભમાં આવ્યા બાદ માતાએ રિષ્ટ રત્નમય અતિશય મહાન ચક્રનો નેમિ ઊડતો સ્વપ્નમાં જોયો માટે 'રિષ્ટ-નેમિ' અકાર અપમંગલના પરિહાર માટે હોવાથી 'અરિષ્ટનેમિ'.

**૨૩. पासं-પાર્શ્વ :**

સામાન્ય અર્થ : સર્વભાવોને જુએ તે પાર્શ્વ.

વિશેષ અર્થ : તીર્થંકર માતાના ગર્ભમા આવ્યા બાદ, સાત ફણવાળો

નાગ તીર્થંકરની માતાએ સ્વપ્નમાં જોયો હતો અને શય્યામાં રહેલ માતાએ સામેથી આવતા સર્પને અંધકારમાં પણ ગર્ભના પ્રભાવથી જોયો. શય્યાની બહાર રહેલ રાજાનો હાથ ખેંચી લીધો અને કહયું કે 'આ સાપ જાય છે.' રાજાએ પૂછયું કે 'તે કેવી રીતે જાણ્યું' ? રાણીએ કહ્યું કે 'હું જોઈ શકું છું' દીપક લાવીને જોયું તો સાપ જોયો. રાજાને થયું કે ગર્ભનો આ અતિશય પ્રભાવ છે કે જેથી આટલા અંધકારમાં પણ જોઈ શકે છે માટે 'પાર્શ્વ' નામ કર્યું.

**૨૪. वध्धमाणं-વર્ધમાન :**

સામાન્ય અર્થ : જન્મથી આરંભીને જ્ઞાન આદિથી વધે તે વર્ધમાન

વિશેષ અર્થ : તીર્થંકર ગર્ભમાં આવ્યા બાદ સમગ્ર જ્ઞાતકુળ ધનાદિથી વિશેષ પ્રકારે વધવા લાગ્યું. તે માટે વર્ધમાન.[૬૫]

**ચોથી ગાથાના તીર્થંકરનું ચિત્ર પરિશિષ્ટ નં. ૧ માં આપેલ છે.**

## ૪.૩ પાંચમી ગાથાનો સામાન્ય તથા વિશેષ અર્થ

**एवं मए अभिथुआ, विहुय-रय-मला- पहीण-जर-मरणा ।**
**चउवीसं पि जिणवरा, तित्थयरा मे पसीयतुं ॥१॥**

**एवं-(एवं)-** એ પ્રકારે

પદનો અર્થ આગળ સમજાવી દીધેલ છે.

**मए-(मया)**-મારા વડે.

**अभिथुआ-(अभिष्टुता)**-સ્તવાયેલા.

**अभिथुआ** પદનો અર્થ 'અભિમુખપણા વડે સ્તાયેલા'. એવા દરેક નામથી કીર્તન કરાયેલા'.

**अभिथुआ** નો અર્થ 'અભિમુખ ભાવથી સ્તવાયેલા એટલે કે અપ્રમત બનીને સ્તવાયેલા'.

**अभिथुआ** પદનો અર્થ 'આદરપૂર્વક સ્તવાયલા'.

**अभिथुआ** પદનો અર્થ 'નામ આદિથી કીર્તન કરાયેલા'.[૬૮]

**एवं मए अभिथुआ** આ પદનો અર્થ મેં આપને મારી સન્મુખ કલ્પીને નામ ગ્રહણપૂર્વક સ્તવ્યા એમ પણ થઈ શકે. ધ્યેય વસ્તુનું ધ્યાન તે જ શ્રેષ્ઠ કહેવામાં આવે છે. કે જેમાં ધ્યેય ધ્યાતા સમક્ષ માનસ કલ્પના દ્વારા જાણે સાક્ષાત્

સમુપસ્થિત થયું હોય તેમ ભાસે. આ રીતે સામે સાક્ષાત્ કલ્પવાથી ધ્યાનાવેશ તેમજ ભાવાવેશથી સિદ્ધિ શીઘ્ર થાય છે. ધ્યાનાવેશ દ્વારા તન્મયી ભાવને પામતું ધ્યાન જ સર્વશ્રેષ્ઠ ગણાય છે.

શાસ્ત્રોમાં કહ્યું છે કે ધ્યાન જ્યારે સ્થિરતાને ધારણ કરે છે. ત્યારે ધ્યેય નજીક ન હોવા છતાં પણ જાણે (સામે) આલેખિત હોય એવું અત્યન્ત સ્પષ્ટ ભાસે છે.

નામગ્રહણપૂર્વક સ્તવનાના વિષયમાં નામ આદિનું માહાત્મ્ય શાસ્ત્રોમાં આ રીતે કહેવાયું છે.

પરમાત્માનું નામ હૃદયમાં સ્થિર થતાં જ જાણે પરમાત્મા સામે સાક્ષાત્ દેખાતા હોય તેવું લાગે છે. જાણે હૃદયમાં પ્રવેશતા હોય તેવું લાગે છે જાણે મધુર આલાપ કરતા હોય તેવું લાગે છે. જાણે સર્વ અંગોમાં અનુભવાતા હોય તેવું લાગે છે. અને તન્મયભાવ પામતા હોય તેવું લાગે છે આવીજાતના અનુભવોથી સર્વ કલ્યાણોની સિદ્ધિ થાય છે.[૬૯]

**विहुय-रय-मला- विधूतरजोमलाः)**- દૂર કર્યા છે રજ અને મલ જેમણે.

**विधुतरंजो-मलाः** પદની વ્યુત્પત્તિ નીચે પ્રમાણે થાય છે.

**रजश्च मलश्च रजोमलौ विधूतौ यैस्ते विधतरजोमला : ।**

રજ મલની વ્યાખ્યા આવસ્યનિજ્જુતિ, લલિત વિસ્તરા, યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ, દેવવંદન ભાષ્ય, વંદારુવૃત્તિ તથા ધર્મસંગ્રહમાં નીચે પ્રમાણે પ્રાપ્ત થાય છે.

"બંધાતુ કર્મ તે રજ અને પૂર્વે બંધાયેલ કર્મ તે મલ અથવા તો કર્મ તે રજ અને નિકાચિત કરેલ કર્મ તે મલ અથવા ઈર્યાપથિક કર્મ તે રજ અને સામ્પરાયિક કર્મ તે મલ."[૭૦]

'બંધાતુ કર્મ રજ છે અને બંધાયેલું કર્મ મલ છે.'[૭૧]

આ રીતે **विहुयरयमल्ला** પદ જેમણે સર્વ પ્રકારના કર્મોને સંપૂર્ણ રીતે (વિશિષ્ટ પરાક્રમપૂર્વક) દૂર કરી નાખ્યા છે તેવા એ અર્થમાં સિદ્ધ થાય છે.

**पहीण-जर-मरणा-(प्रक्षीण जरमरणाः)**- પ્રકૃષ્ટ રીતે સંપૂર્ણ રીતે નષ્ટ થયા છે વૃદ્ધાવસ્થા અને મૃત્યુ જેમના એવા.

બધા ગ્રંથો **पहीणजरमरणा** પદની છાયા **प्रक्षीणजरमरणः** જ કરે છે.[૭૨]

ઉપરાંત **विहुयरयमला** અને **पहीजजरमरण** બે પદ વચ્ચે કાર્યકારણ સંબંધ યોજે છે. એટલે કે તીર્થંકરો વિધુતરજોમલ છે માટે પ્રક્ષીણજરામરણ છે એમ જણાવે છે.[૭૩]

**पहीणजर-मरण** પદ- તીર્થંકરોની વૃદ્ધાવસ્થા અને મરણ સંપૂર્ણ રીતે નષ્ટ થયેલા છે તેવા.-એ અર્થમાં સિદ્ધ થાય છે.

**चउवीसं-पि-(चितुविशतिरपि)**-ચોવીસ અને બીજા

અહીં **चउवीसं पि** પદ પ્રથમાના બહુવચનમાં વપરાયેલ છે. એટલે 'ચોવીસ અને બીજા' એપ્રમાણે અર્થ થાય

**जिणवरा-(जिनवरो)**-જિનવરો.

જિનોમાં વર એટલે શ્રેષ્ઠ તે 'જિનવર'-તીર્થંકર.

શ્રી જિન પ્રવચનમાં સામાન્ય રીતે વિશિષ્ટ શ્રુતધરો આદિ પણે જિને જ કહેવાય છે, અને તે રીતે શ્રુતજિનો, અવધિજિનો, મનઃપર્યાયજિનો તથા છદ્મસ્થ વિતરણ ભગવંતો.[૭૪]

અન્ય ગ્રંથકારો આજ પ્રમાણે કરે છે. પરંતુ પ્રધાનને સ્થાને 'પ્રકૃષ્ટ' શબ્દ વાપરે છે. આ રીતે સર્વગ્રંથાકારોને '**जिनवरा**' પદથી કેવળજ્ઞાનીઓ અભિપ્રેત છે.[૭૫]

**तित्थयरा-(तीर्थंकरो)**-તીર્થંકરો.

આગળ આવી ગયેલ છે. અહી શ્રી તીર્થંકરોને જ ગ્રહણ કરવા છે માટે **जिनवरा** પદ પછી **तित्थयरा** પદ મૂકેલ છે.

**पसीयतुं-(प्रसादन्तुं)**-પ્રસાદવાળા થાવ.

'પ્રસાદ કરવામાં તત્પર થાવ'.[૭૬] 'સદા તોષવાળા થાવ'[૭૭]

પ્રસાદ કેવી રીતે કરી શકે ? આનું સમાધાન જુદા-જુદા ગ્રંથકારો જુદી-જુદી દલીલો દ્વારા સચોટ રીતે સમજાવે છે.

તીર્થંકર ભગવંતોના રાગાદિ કલેશો ક્ષીણ થઈ ગયેલા છે.તેથી તેઓ પ્રસન્ન થતા નથી અને તેમની કરાયેલી સ્તુતિ પણ નકામી થતી નથી. કારણ કે તેઓની સ્તુતિ કરવાથી ભાવોની વિશુદ્ધિ થાય છે.અને પરિણામે કર્મોનો નાશ થાય છે.[૭૮]

સારાંશ : તીર્થંકરો રાગાદિ રહિત હોવાથી પ્રસન્ન થતા નથી, તો પણ અચિન્ત્ય ચિંતામણી સમાન તેમને ઉદ્દેશીને અંતઃકરણની શુદ્ધિ અને ભક્તિપૂર્વક

કરેલી સ્તુતિના પ્રભાવે સ્તુતિકારોને જે અભિલાષિત ફળની પ્રાપ્તિ થાય છે. તેમાં નિમિત્ત તો તેઓ જ છે. આમ અભિલાષિત ફળની પ્રાપ્તિ શ્રી તીર્થંકર ભગવંતના કારણે જ છે. એ ક્રિયામાં બીજું બધું હોય પણ સ્તવના આલંબન તરીકે કેવળ શ્રી તીર્થંકર ન હોય તો અભિલષિત ફળની પ્રાપ્તિ કદાપિ થઈ ન શકે. તેથી ફળ પ્રાપ્તિને એમની પ્રસન્નતા તરીકે ઓળખવામાં આવે છે.તદ્‌ઉપરાંત આરાધકને પ્રાપ્ત થતા ઈષ્ટ ફળના કર્તા અને સ્વામી પણ નૈગમાદિ નયો શ્રી તીર્થંકર ભગવંતને માને છે.

તીર્થંકર ભગવંતો વીતરાગ હોવાથી સ્તુતિ કરવામાં આવે તો તોષ ધારણ કરતાં નથી અને નિંદા કરવામાં આવે તો દ્વેષવાળા બનતા નથી. તો પણ જેમ ચિંતામણી, મંત્ર આદિના આરાધક તેનું ફળ મેળવે છે. તેમ જે એમની સ્તુતિ કરે છે તે સ્તુતિનું ફળ અને નિંદકની નિંદાનું ફળ મેળવે જ છે.[૭૯]

દેવવંદણ ભાષ્ય, વંદારુવૃત્તિ, ચેઈયવંદણ મહાભાસ, વિ.માં પણ આ વિષે વિસ્તૃત કહેવામાં આવ્યું છે.

**૪.૪ છટ્ટી ગાથાના તીર્થંકર શબ્દો**

**कित्तिय-वंदिय-महिया, जे ए लोगस्स् उत्तमा सिद्धा ।**

**आरुग्ग बोहिलाभ समाहिवरमुत्तमं दिंतु ॥६॥**

**कित्तिय-वंदिय-महिया-(किर्तित-वन्दित-महिताः)-**

કીર્તન કરાયેલા, વંદન કરાયેલા અને પૂજા કરાયેલા.

**'कीर्तित'** એટલે ચોવીસ તીર્થંકરના નામોથી કહેવાયેલા

**'वन्दित'** એટલે ત્રિવિધયોગ વડે (મન, વચન, કાયા) વડે સારી રીતે સ્તુતિ કરાયેલ.

**'महिआ'** નું સંસ્કૃત **'मया'** કરી તેનો અર્થ 'મારા વડે' અથવા તો મિરિયા પાઠાંતર છે. એટલે તેનું સંસ્કૃતમાં મહિતાઃઉ કરી તેનો અર્થ પુષ્પ આદિથી પૂજાયેલ૪.

લલિતવિસ્તરામાં **'महिअ'** પાઠને સ્થાને **महिया** માન્ય કરી પુષ્પઆદિથી પૂજાયેલા એ પ્રમાણે કરે છે. બાકીનું ઉપર પ્રમાણે છે.

વંદારુવૃત્તિમાં **'वन्दित'** નો અર્થ કાયા, વાણી અને મન વડે સ્તવાયેલ

કરે છે અને '**मिरिया**' પાઠ માન્ય કરી મહિત એટલે પુષ્પઆદિથી પૂજાયેલા કરીને *પાઠાંતર ઉલ્લેખ કરતાં નથી.*

ઉપરાંત ચેઈયવંદણ મહાભાસ, યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિહ્ર્‌રણ, દેવવંદન ભાષ્ય વિ.માં પણ સમજાવેલ છે.

આચાર દિનકરમાં **कीर्तित** એટલે સ્તવાયેલા, **वन्दित** એટલે નમસ્કાર કરાયેલા અને '**महित**' પૂજાયેલા જણાવે છે.

**कित्तिय-वन्दिय-महिआ** એ પદ પોતાના નામથી સ્તવાયેલા, મન, વચન, કાયા વડે નમસ્કાર કરાયેલા અને પુષ્પો આદિથી પૂજાયેલા એ અર્થમાં સિદ્ધ થાય છે.[૮૦]

**जे-ए-(ये एते)**-જે આ.

**जेए** પદનો વિશિષ્ટ અર્થ કરે છે. જે પ્રત્યક્ષ છે તે. [૮૧]

**जे ए** પદ-જે એ નીચે દર્શાવેલ વિશેષણોથી વિશિષ્ટ છે તે

**लोगस्स-(लोकस्य)**-લોકના.

અહીં વપરાયેલ લોક શબ્દનો અર્થ 'પ્રાણીલોક' કરે છે.

સુર, અસુર આદિરૂપ લોક એ પ્રમાણે કરે છે.

**लोक** શબ્દનો અર્થ 'પ્રાણીવર્ગ' (પ્રાણી સમૂહ) એ પ્રમાણે કરે છે. આચાર દિનકર કશું જ વિવેચન ન કરતાં 'લોક' શબ્દ જ વાપરે છે.[૮૨]

**उत्तमा-(उत्तमाः)**-ઉત્તમ.

'**उत्तमा**' નો અર્થ ત્રણ પ્રકારના તમસ્‌થી ઉન્મુક્ત થયેલા મિથ્યાત્વમોહનીય, જ્ઞાનાવરણીય અને ચારિત્ર મોહનીય ગણાવે છે.

**उत्तमा** નો એક અર્થ 'પ્રધાન' એ પ્રમાણે કરે છે. તેનું કારણ જણાવતા મિથ્યાત્વ આદિ '**कर्म**' અને 'મલ' તે રૂપ કલંકનો અભાવ હોવાથી પ્રધાન બીજા અર્થ '**तमस**' થી ઉપર ચાલ્યા ગયેલા એ પ્રમાણે કરી સંસ્કૃતમાં **उत्तमसः** ઉપરથી પ્રાકૃતમા **उत्तमा** ને સિદ્ધ થયેલ માને છે.

**उत्तमा** નો અર્થ જેમનું તમસ્ ઉચ્છિન્ન થયું છે એટલે કે નાશ પામ્યું છે તે ઉત્તમ.

**उत्तमा**નો અર્થ પ્રકૃષ્ટ કરે છે.

उत्तम નો અર્થ 'પ્રકૃષ્ટ' અને 'જેમનું તમસ્ નાશ પામ્યું છે તેવા વંદારુવૃત્તિ અને આચાર દિનકર કંઈ જ વિવેચન કરતા નથી. માત્ર 'उत्तमाः' એટલું જ કહે છે.

सिद्धा-(सिद्धाः)- સિદ્ધ થયેલા.

આવસ્સય હારિભદ્રીય ટીકા, લલિતવિસ્તરા, યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ તથા ધર્મસંગ્રહ 'सिद्धा'નો અર્થ કૃતકૃત્ય કરે છે.

'ચેઈયવંદણ મહાભાસ' 'सिद्धा' નો અર્થ જેમણે શિવને પ્રાપ્ત કર્યુ છે. તેવા. અહીં શિવ એટલે મોક્ષ અથવા કલ્યાણ થઈ શકે.

દેવવંદન ભાષ્ય તથા વંદારુવૃત્તિમાં 'सिद्धा' પદનો અર્થ જેમના પ્રયોજનો સંપૂર્ણ થયા છે તે એ પ્રમાણે કરે છે આચાર દિનકરમાં વિવેચન નથી.[૮૪]

अरुग्गबोहिलाभं-(आरोडयबोधिलाभम्)-આરોગ્ય માટે બોધિલાભને. આ પદનો અન્વય સર્વ ગ્રંથકારો આ પ્રમાણે કરે છે.

"अरोगस्य भाव : आरोग्यं आरोग्याय बोधिलाभः आरोग्यबोधिलाभः तम् आरोग्यबोधिलाभम् ।"

અર્થ - આરોગ્યપણું તે આરોગ્ય, આરોગ્ય માટે બોધિલાભ તે આરોગ્યબોધિલાભ તે.

'आसग्गबोधिलाभ' પદનો અર્થ આરોગ્ય' અને 'સિદ્ધપણું' તેને માટે 'બોધિલાભ' પરલોકમાં જિનધર્મની પ્રાપ્તિ તે 'બોધિલાભ' કહેવાય છે.

'આરોગ્ય' એટલે 'સિદ્ધપણું' તેને માટે 'બોધિલાભ' એટલે જિનપ્રણીત ધર્મની પ્રાપ્તિ.'

'આરોગ્ય' રોગનો અભાવ તે કહેવાય છે. તેનો સાધક જે ભવાંતરગત બોધિલાભ એટલે કે ભવાંતરમાં જિનધર્મરૂપ સંપત્તિ.

આરોગ્ય એટલે 'સિદ્ધપણું' તેને માટે 'બોધિલાભ' એટલે અર્હત પ્રણીત ધર્મની પ્રાપ્તિ તે 'આરોગ્યલાભ' તે નિદાન વગરનો હોય તો મોક્ષ માટે છે.

આચાર દિનકર જણાવે છે આરોગ્ય ને તથા બોધિલાભને[૮૫]

આ પ્રમાણે 'आरुग्गबोहिलाभ' એટલે સિદ્ધત્વ અને તે માટે (ભવાંતરમાં) શ્રી જિન પ્રણીત ધર્મની પ્રાપ્તિ. આરોગ્ય શબ્દનો અર્થ ભાવ આરોગ્ય તરીકે જ કરવાનો છે.

***समाहिवरम् -(समाधिवरम्)-*** શ્રેષ્ઠ સમાધિને. તેના બે પ્રકાર છે. ૧. દ્રવ્ય સમાધિ તે છે કે જેના ઉપયોગથી સ્વસ્થપણું થાય યા તો જે વસ્તુઓને પરસ્પર વિરોધ ન હોય તે ૨. ભાવ સમાધિ તો જ્ઞાન આદિના સમાધાનને (તે જ્ઞાનાદિ ગુણોની આત્મામાં સારી રીતે સત્તા હોવી તેને) જ કહેવાય છે. કારણ કે તેની સત્તા હોય તો જ પરમ સ્વાશ્રયનો યોગ થાય.

'સમાધિ' શબ્દની આગળ 'વર' શબ્દ મૂકેલ છે. વર એટલે પ્રધાન એટલે કે 'પ્રધાન સમાધિ' અર્થાત્ 'ભાવ સમાધિ' **समाहिवरं** પદનો ***आरुग्गबोधिलाभं*** સાથે સંબંધ છે. આરોગ્ય માટે બોધિલાભ અને તે બોધિલાભ નિદાન વગરનો હોય તો મોક્ષ માટે જ થાય છે તેથી કરીને તેને માટે 'ભાવસમાધિને'-એ પ્રમાણે અર્થ કરવામાં આવે છે.

મનની નિવૃત્તિ તે 'સમાધિ' છે તેના દ્વારા શ્રેષ્ઠ એવા 'બોધિલાભ' એવો અર્થ કરે છે. અને આ પ્રમાણે કરી **समाहिवरं** શબ્દનો **आरुग्गंबोधिलाभं** પદમાં આવે **बोधिलाभं** નો સમાવેશ થાય છે.

યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ દેવવંદનભાષ્ય, વંદારુવૃત્તિ તથા ધર્મસંગ્રહ જણાવે છે કે 'બોહિલાભ' માટે 'સમાધિવર' ને એટલે કે 'વરસમાધિ' ને કે જે પરમ સ્વાશ્રયરૂપ ભાવસમાધિ તેને.[૮૬] '**समाहिरम्**' પદનો અર્થ શ્રેષ્ઠ એવી સમાધિને એટલે કે ભાવ સમાધિને અને પૂર્વના '**आरुग्गबोधिलाभं**' પદ સાથે '**समाहिवरं**' નો સંબંધ જોડતા બોધિલાભ માટે શ્રેષ્ઠ એવી ભાવ સમાધિને એ અર્થમાં સિદ્ધ થાય છે.

**उत्तमं-(उत्तमं)**-ઉત્તમ

આવસ્સય હારિભદ્રીય ટીકા યોગશાસ્ત્ર સ્વોયજ્ઞવિવરણ દેવવંદન ભાષ્ય, વંદારુવૃત્તિ તથા ધર્મસંગ્રહ '**उत्तम**' નો અર્થ 'સર્વોત્કૃષ્ટ' કરે છે અને જણાવે છે કે ઉપર્યુક્ત 'ભાવસમાધિ' પણ ઓછાવત્તા અંશે અનેક પ્રકારની હોવાથી અહી 'સર્વોકૃષ્ટ' ભાવ સમાધિ ગ્રાહ્ય છે. માટે ઉત્તમ પદ મુકવામાં આવે છે.

ચેલયવંદણ મહાભાસ જણાવે છે કે, તે બોધિલાભ'નું સર્વ પ્રધાનપણું સૂચવવા માટે **उत्तम** પદ મુકેલ છે.[૮૭] અહીં વપરાયેલા **उत्तम** પદ -સર્વોત્કૃષ્ટ યા તો સર્વ પ્રધાન એ અર્થમાં સિદ્ધ થાય છે.

दितु-(ददतु)-આપો

આઠેય ગ્રંથકારો 'दितु' નો અર્થ આપો એમ કરવામાં એકમત છે. છેલ્લા બે પદનો અર્થ 'આરોગ્ય એટલે સિદ્ધપણું તેને માટે બોધિલાભને અને તે બોધિલાભ માટે ઉત્તમ ભાવ સમાધિને યા તો આરોગ્ય. સાધક બોધિલાભ કે જે સમાધિના યોગ શ્રેષ્ઠ છે અને સર્વપ્રધાન છે તેને આપો.

અહી એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે શ્રી તીર્થંકર ભગવંત પાસે યાચના કરીએ છીએ અમને ઉપર્યુક્ત વસ્તુઓ આપો. તો શું તેઓમાં તે વસ્તુઓ આપવાનું સામાર્થ્ય છે ? આ પ્રશ્નનો ઉત્તર આઠેય ગ્રંથકારો અલગ-અલગ આપે છે.

તીર્થંકરોમાં તે વસ્તુ આપવાનુ સામર્થ્ય નથી. પરંતુ તેમની પ્રત્યેની ભક્તિથી સ્વયમેવ ઉપર્યુક્ત વસ્તુઓની પ્રાપ્તિ થાય છે. માટે એમ કહેવાય છે. આવસ્સય હારિભદ્રીય ટીકા આ પ્રમાણે કહે છે.

લલિત વિસ્તરા જણાવે છે કે તીર્થંકરો રાગાદિ રહિત હોવાથી આરોગ્ય આદિ આપતા નથી, તો પણ આવા પ્રકારના પ્રયોગથી પ્રવચનની આરાધના થવા દ્વારા સન્માર્ગમાં રહેલા મહાસત્વશાળી આત્માને તેમની સત્તાના કારણે જ તેની પ્રાપ્તિ થાય છે.

ચેઈયવંદણ મહાભાસ જણાવે છે કે આ 'અસત્યામૃષા' નામની ભક્તિથી બોલાયેલી ભાષા છે. બાકી જેમના રાગ-દ્વેષ ચાલ્યા ગયા છે. એવા જિનવરો 'સમાધિ' અને બોધિને આપતા નથી. પરંતુ રાગ-દ્વેષ રહિત જિનવરોની પરમભક્તિથી જીવો આરોગ્ય બોધિલાભ અને સમાધિ પ્રાપ્ત કરે છે.

યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ જણાવે છે કે 'આપો' એવું ભક્તિથી કહેવાય છે. આગળ કહ્યા પ્રમાણે 'અસત્યામૃષા' નામની કેવળ ભક્તિથી બોલાયેલી ભાષા છે. અન્યથા જેમના રાગાદિ દોષ ક્ષીણ થઈ ગયા છે તેઓ 'સમાધિ' અને 'બોધિ' આપતા નથી.

આ વિષય પર અન્ય ગ્રંથકારોએ વિશદત્તાથી વિવેચન કર્યુ છે. જે પૈકી 'ધર્મસંગ્રહણી'ના કર્તાએ જે વિગત ટાંકી છે તે વિશિષ્ટ કોટિની છે.

'આરોગ્ય આદિ આપો' તો શું આ નિદાન છે ? (તેના જવાબમાં 'આવસ્સ નિજ્જુતિ' જણાવે છે કે) અહીં વિભાષા એટલે કે વિષયવિભાગની વ્યવસ્થા વડે વ્યાખ્યા કરવી.

વિભાષા શી લેવી ? તેનું સ્પષ્ટીકરણ કરતાં આવસ્સય હારિભદ્રીયટીકા જણાવે છે કે આરોગ્ય આદિ આપે તે શું નિદાન છે ? નિદાન નથી કારણ કે તે કર્મબંધનનો હેતુ હોતું નથી. મિથ્યાદર્શન, અવિરતિ, પ્રમાદ, કષાયો અને યોગો (મન-વચન-કાયાના) એ બંધના હેતુ છે જ્યારે મુક્તિની પ્રાર્થનામાં આ ઉપર ગણાવ્યા પૈકી એકનો સંભવ નથી. અને તેનું ઉચ્ચારણ (આરોગ્યાદિ આપો) પણ વ્યર્થ નથી. કારણ કે તેનાથી (તે ઉચ્ચારણથી) અન્તઃકરણની શુદ્ધિ થાય છે.[૮૮]

સારાંશ એ છે કે તીર્થંકરો વિતરાગપણાને લીધે આરોગ્યાદિ નથી આપતા તો પણ આવા પ્રકારની વાણીના (સ્તુતિની ભાષાવાળી) પ્રયોગથી પ્રવચનની આરાધના થાય છે અને તે આરાધના દ્વારા સન્માર્ગેવર્તી મહાસત્વશાળી જીવને શ્રી તીર્થંકર ભગવંતની સત્તાના બળે જ (વસ્તુ સ્વભાવ સામર્થ્યથી) ઈષ્ટ ફળ પ્રાપ્ત થાય છે. તેથી તેમણે જ આપ્યું ગણાય.

આમ **दिंतु** પદ ભક્તિના યોગે તેમજ આરોગ્યાદિ આપવામાં તેમની સ્તવના નિમિત્ત હોવાથી તે સ્વયં આપનારા જ ગણાય એ અપેક્ષાએ 'આપો' એ અર્થમાં સિદ્ધ થાય છે.[૮૯]

### ૪.૫ સાતમી ગાથાના અન્વય શબ્દાર્થ

**चंदेसु निम्मलयरा, आईच्चेसु अहियं पचासयरा ।**

**सागरवरगंभीरा, सिद्धा सिद्धिं मम दिसंतु ॥७॥**

**चंदेसु निम्मलयरा-(चन्देभ्यो निर्मलयरा:)**-ચંદ્રોથી વધુ નિર્મલ.

૧. ચંદ્રો, સૂર્યો અને ગ્રહોની પ્રભા પરિમિત ક્ષેત્રને પ્રકાશિત કરે છે. ત્યારે કેવળજ્ઞાનની પ્રાપ્તિ લોક અને અલોકને પ્રકાશિત કરે છે.

૨. આવસ્સય હારિભદ્રીયટકા તથા લલિત વિસ્તરા જણાવે છે કે અહીં 'પંચમી'ના સ્થાને 'સપ્તમી'નો પ્રયોગ પ્રાકૃત શૈલીથી તથા આર્ષ યોગે થયેલ છે. ક્યાંય '**चंदिहि निम्मलयरा**' એવો પણ પાઠ પ્રાપ્ત થાય છે. ચંદ્રો કરતા નિર્મલ હોવાનું કારણ સકલ કર્મરૂપી મલ ચાલ્યો ગયો છે. તે છે ચંદ્રો આદિની પ્રભા પરિમિત ક્ષેત્રને પ્રકાશિત કરે છે

૩. ચેઈયવંદણ મહાભાષ્ય જણાવે છે કે અહીં સપ્તમીનું બહુવચન પંચમીના અર્થમાં છે. તેથી ચંદ્રોથી પણ વધુ નિર્મલ એમ સમજવું.

૪. યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ તથા ધર્મસંગ્રહ જણાવે છે કે અહીં **'पञ्चाम्यास्तृतया च'** એ સૂત્રથી પંચમીના અર્થમાં સપ્તમી થયેલ છે. તેથી ચંદ્રોથી પણ વધુ નિર્મળ છે. કારણ કે તેમના સકલ કર્મરૂપી મળનો નાશ થયેલો છે. **'चंदेहि निम्मलयरा'** એવો પાઠાંતર પણ છે.

૫. દેવવંદન ભાષ્ય તથા વંદારુવૃત્તિ જણાવે છે કે **'चंदेसु'** પદમાં પંચમીના અર્થમાં 'સપ્તમી' વિભક્તિ આવેલ છે. શ્રી તીર્થંકર ભગવંતો ચંદ્રોથી વધુ નિર્મળ છે, કારણ કે તેમનું કર્મમલરૂપી કલંક ચાલ્યુ ગયેલ છે.

૬. આચાર દિનકર જણાવે છે કે **सप्तमी निर्धारण** એ પ્રાકૃત સૂત્રથી 'પંચમી'ને સ્થાને 'સપ્તમી' આવેલ છે. કેટલાક સપ્તમીની જ વ્યાખ્યા કરે છે **'चंदेसु'** નો અર્થ ચંદ્રોથી પણ વધુ નિર્મળ એમ કરવામાં આવેલ છે.

આમ **'चंदेसु निम्मलयरा'** પદ, ચંદ્રોથી પણ વધારે નિર્મળ એ અર્થમાં સિદ્ધ થાય છે.

**'आइच्चेसु अहियं पयासयरा-(आदित्येभ्योऽधिकं प्रकाशकरा:)'**-સૂર્યોથી અધિક પ્રકાશ કરનારા.

૧. આવસ્સય હારિભદ્રીય ટીકા **'पयासयरा'** નું સંસ્કૃત **'प्रभासकरा:'** અથવા **'प्रकाशकरा:'** એમ કરી સમગ્ર પદનો અર્થ કરે છે કે કેવળજ્ઞાનના ઉદ્દ્યોતથી વિશ્વને પ્રકાશિત કરતા હોવાથી સૂર્યોથી અધિક ભાસ કરનારા અથવા તો પ્રકાશ કરનારા.

૨. લલિત વિસ્તરા **'पयासपरा'** નું સંસ્કૃત **'प्रकाशकरा:'** એ પ્રમાણે કરે છે બાકી સમગ્ર પદનો અર્થ ઉપરોક્ત પ્રમાણે કરે છે.

૩. ચેઈયવંદણ મહાભાસ જણાવે છે કે 'લોક અને અલોકનો ઉદ્દ્યોત કરનારા કેવળજ્ઞાનના પ્રકાશ વડે આદિત્યો એટલે સૂર્યો તેમનાથી પણ અધિક પ્રકાશ કરનારા.

૪. યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ, દેવવંદન ભાષ્ય, વંદારુવૃત્તિ, ધર્મસંગ્રહ જણાવે છે કે કેવળજ્ઞાનના ઉદ્દ્યોત વડે લોકલોકના પ્રકાશક હોવાથી સૂર્યોથી પણ અધિક પ્રકાશ કરનારા. અને તે જણાવ્યા બાદ આવસ્સય નિજ્જુતિ ની **'चदाइच्चगहाण'** એ ગાથા **'उक्तं च'** કહીને ટાંકે છે.

આ રીતે **'आइच्चसु अहियं पयासयरा'** એ પદ કેવળજ્ઞાનના ઉદ્દ્યોત વડે

લોક તથા અલોકને પ્રકાશિત કરતાં હોવાથી સૂર્યોથી પણ અધિક પ્રકાશ કરનારા એ અર્થમાં સિદ્ધ થાય છે.[૯૦]

**सागरवरगंभीरा-(सागरवरगंभीराः)**-સાગરવરથી પણ ગંભીર

૧. આવસ્સય હારિભદ્રીય ટીકા '**सागरवरगंभीरा**' પદની સંસ્કૃત છાયા '**सागरवरादपि**' એ પ્રમાણે કરે છે. એટલે '**गंभीरा**' પદને સ્થાને તે '**गम्भीरतराः**'એવો પ્રયોગ કરે છે. 'સાગરવર' એટલે સ્વયંભૂરમણ સમુદ્ર. પરીષહો અને ઉપસર્ગો આદિથી ક્ષોભ ન પામતા હોવાથી તેઓ સ્વયંભૂરમણથી પણ વધારે ગંભીર છે.

૨. લલિતવિસ્તરા ઉપર્યુક્ત અર્થને માન્ય રાખે છે. પણ તે '**गंभीरा**' પદનો અર્થ '**गम्भीराः**' એટલે કે ગંભીર એ પ્રમાણે કરે છે.

૩. ચેઈયવંદણ મહાભાષ્ય, યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ તથા ધર્મસંગ્રહ લલિતવિસ્તરા એ ઉપર જણાવેલ અર્થ જ માન્ય રાખે છે.

૪. દેવવંદન ભાષ્ય તથા વંદારુવૃત્તિ '**सागरवरगंभीरा**' પદનો અર્થ સ્વયંભૂરમણ સમુદ્રની જેવા ગંભીર એમ કરે છે. '**सागरवरगंभीरा**' પદનો '**सागरवरः तद्वत् गम्भीराः इति सागरम्भीराः**' એ પ્રમાણે કરે છે.

આ રીતે 'સાગરવર ગંભીરા' એ પદ, 'સ્વયંભૂરમણ સમુદ્રથી પણ વધારે ગંભીર યા તો 'સ્વયંભૂરમણ સમુદ્ર જેવા ગંભીર' એ અર્થમાં સિદ્ધ થાય છે.

**सिद्धा सिद्धिं मम दिसंतु-(सिद्धाः सिद्धि मम दिशन्तु)**-કૃતકૃત્ય બનેલા તેઓ મને સિદ્ધિ આપો.

૧. આવસ્સય હારીભદ્રીય ટીકા, લલિતવિસ્તરા, યોગશાસ્ત્ર, સ્વોપજ્ઞવિવરણ તથા ધર્મસંગ્રહ '**सिद्धा**' પદનો અર્થ 'કર્મો ચાલ્યા જવાથી કૃતકૃત્ય થયેલા એ પ્રમાણે કરે છે. અને બાકીના પદોનો અર્થ (તેઓ) 'મને સિદ્ધિ' એટલે પરમપદની પ્રાપ્તિને આપો એ પ્રમાણે કરે છે.

૨. ચેઈયવંદણ મહાભાસ ઉપર્યુક્ત અર્થ જ માન્યરાખે છે અને '**सिद्धाः**' ની વ્યાખ્યા '**निष्ठिता**' (જેમના પ્રયોજનો પૂર્ણ થયાં છે તે) એ પ્રમાણે કરે છે.

૩. દેવવંદન ભાષ્ય તથા વંદારુવૃત્તિ '**सिद्धा**' પદનો અર્થ, જેમના સમગ્ર કર્મો ક્ષીણ થાય છે તે એ પ્રમાણે કરે છે.

૪. આચાર દિનકર જણાવે છે કે અહીં **सिद्धा** પદથી મોક્ષમાં રહેલા શ્રી જિનેશ્વર ભગવંતો લેવા.

આ રીતે 'सिद्धा सिद्धि मम दिसंतु' એ પદ "ઉપર જે વિશેષણો જણાવ્યા તે વિશેષણોથી વિશિષ્ટ શ્રી તીર્થંકર ભગવંતો કે જેઓ કૃતકૃત્ય થઈ ગયા છે તેઓ મને સિદ્ધિપદને આપો". એ અર્થમાં સિદ્ધ થાય છે.[૯૧]

### ૪.૬ અર્થસંકલના

૧. પંચાસ્તિકાયના કેવલજ્ઞાનરૂપી દીપકથી પ્રકાશ કરવાના સ્વભાવવાળા, સર્વ જીવોની પોતપોતાની ભાષામાં પરિણામ પામનારી અનુપમવાણી દ્વારા ધર્મતીર્થનું સ્થાપન કરવાના સ્વભાવવાળા, રાગ,દ્વેષ, આદિ આંતર શત્રુઓને જીતનારા અને જેમને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે એવા ચોવીસેય તેમ જ બીજા પણ (અન્ય ક્ષેત્રમાં થયેલા) અર્હતોને હું નામોચ્ચારણપૂર્વક સ્તવીશ.

૨. ઋષભદેવને અને અજિતનાથને હું વંદુ છું. સંભવનાથને અભિનંદન સ્વામીને અને સુમતિનાથને અને પદ્મપ્રભ સ્વામીને સુપાર્શ્વજિનને અને ચન્દ્રપ્રભ સ્વામીને હું વંદુ છું.

૩. સુવિધિનાથ કે જેમનું બીજું નામ 'પુષ્પદંત' છે તેમને શીતલનાથને, શ્રેયાંસનાથને અને વાસુપૂજ્ય સ્વામીને, વિમલનાથને અને અનન્તજિનને, ધર્મનાથને અને શાંતિનાથને હું વંદન કરું છું.

૪. કુંથુંનાથને અરનાથને અને મલ્લિનાથને હું વંદુ છું. મુનિસુવ્રત સ્વામીને અને નમિજિનને હું વંદુ છું. અરિષ્ટનેમિને, પાર્શ્વનાથને અને વર્ધમાન સ્વામીને હું વંદન કરું છું.

૫. ઉપર્યુક્ત વિધિથી મારા વડે નામથી કીર્તન કરાયેલ જેમણે વર્તમાનમાં બંધાતા અને ભૂતકાળમાં બંધાયેલા કર્મો દૂર કર્યા છે અને જેમનાં જરામરણ સંપૂર્ણ રીતે નષ્ટ થયેલા છે. એવા ચોવીસેય તેમજ અન્ય પણ કેવળજ્ઞાની શ્રીતીર્થંકરભગવંતો મારા પર પ્રસન્ન થાઓ.

૬. પોત પોતાના નામથી સ્તવાયેલા, મન-વચન-કાયા વડે વંદાયેલા અને પુષ્પો આદિથી પૂજાએલા, જે સૂર અસૂર આદિ રૂપ લોક પ્રત્યક્ષ છે. લોકમાં ઉત્તમ છે અને કૃતકૃત્ય થયેલા છે તેઓ (શ્રી તીર્થંકર ભગવંતો) મને આરોગ્ય (સિદ્ધપણું) પ્રાપ્ત કરવા માટે બોધિલાભ અને શ્રેષ્ઠ ભાવસમાધિ આપો.

૭. ચંદ્રો કરતાં પણ વધારે નિર્મળ, સૂર્યો કરતાં પણ વધારે પ્રકાશ કરનારા, સ્વયંભૂરમણ

સમુદ્ર કરતાં પણ ગંભીર અને કૃતકૃત્ય થયેલા તેઓ (શ્રી તીર્થંકર ભગવંતો) મને સિદ્ધિ મોક્ષ આપો.[૯૨]

લોગસ્સ સૂત્ર તથા ગાથાઓના શબ્દાર્થનું વિસ્તૃત વર્ણન બાદ લોગસ્સ સૂત્રની આજના સમયમાં તેનો પ્રભાવ તથા પ્રસ્તુતિ આગળના પ્રકરણમાં વર્ણિત છે.

## પ્રકરણ-૪

## પાદટીપ

૧. શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી, લોગસ્સસૂત્ર સ્વાધ્યાય, પૃ.૪૦

૨. એજન, પૃ.૨૯

૩. એજન, પૃ.૨૯

૪. એજન, પૃ.૨૯

૫. સં.શ્રી.પ.પૂજ્ય પંન્યાસ શ્રીભદ્રકરવિજયજી ગણી, પ.પૂજ્ય મુનિશ્રી કલ્યાણપ્રભુવિજયજી, શ્રી શ્રાદ્ધ-પ્રતિક્રમણ- સૂત્ર(પ્રબોધ ટીકા) ભાગ-૧, પૃ.૧૭૧ ૨.મુ.શિવકૃપા ઓફસેટ, શ્રાવક સામાયિક- પ્રતિક્રમણસૂત્ર, પૃ.૧૫

૬. શ્રી વર્ધમાનસૂરિ, આચારદિનકર ભાગ-૨, પત્ર-૨૬૭ અ.

૭. શ્રી હરિભદ્રસૂરિ, આવસ્સય હારિભદ્રીય ટીકા, પત્ર-૨૯૪ અ.

૮. શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી, લોગસ્સસૂત્ર એક સ્વાધ્યાય, પૃ.૪, ૪૬, ૪૭, ૪૮, ૪૯

૯. સં.પોપટલાલ છોટાલાલ શાહ, શ્રી શ્રાવક આવશ્યક ,પૃ.૨૦

૧૦. શ્રીભદ્રબાહુવિજયજી, આવસ્સયનિજ્જુતિ, પૃ.ગાથા, ૧૦૪૯

૧૧. એજન, પૃ.૧૦૫૯

૧૨. એજન, પૃ.૧૦૬૦

૧૩. શ્રી હરિભદ્રસૂરિ, આવસ્સય હારિભદ્રીય ટીકા, પત્ર-૪૯૭ અધ્યાય

૧૪. શ્રી શાંતિસૂરી, ચેઈયવંદણ મહાભાસ, ગાથા, ૫૧૩, પૃ.૯૩

૧૫. શ્રી હરિભદ્રસૂરિ, આવસ્સય હારિભદ્રીય ટીકા, પત્ર-૪૯૭ અધ્યાય

૧૬. એજન, પત્ર,૪૯૭ આ.

૧૭. શ્રી હેમચંદ્રસૂરિ, યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ, પત્ર-૨૨૪. આ.

૧૮. શ્રી દેવેન્દ્રસૂરિ, દેવવંદન ભાષ્ય, પૃ.૩૨૧

૧૯. શ્રી દેવેન્દ્રસૂરિ, વંદારુવૃત્તિ, પૃ.૪૦

૨૦. શ્રી વર્ધમાનસૂરિ, આચારદિનકર ભાગ-૨, પત્ર ૨૬૭ અ.

૨૧. શ્રી યશોવિજયજી, શ્રી પંચ પ્રતિક્રમણ સાર્થ, પૃ.૨૮

૨૨. સં.પૂ.શ્રી હરિભદ્રસૂરીશ્રવર, પરમતેજ ભાગ-૨, પૃ.૨૭૨

૨૩. શ્રી ભદ્રબાહુ વિજયજી, આવસ્સયતિજ્જુતિ, ગાથા. ૧૦૬૫
૨૪. શ્રી હરિભદ્રબાહુવિજયજી, પરમતેજ ભાગ-૨, પૃ.૨૭૨
૨૫. શ્રી હરિભદ્રસૂરિ આવસ્સયફ હારિભદ્રીય ટીકા, પત્ર ૪૯૪ આ.
ललितविस्तरा પૃ.૪૨
૨૬. શ્રી હેમચંદ્રસૂરિ, યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ, પત્ર ૨૨૪ આ.
૨૭. એજન, પત્ર ૨૨૪ આ
શ્રી દેવેન્દ્રસૂરિ, દેવવંદન ભાષ્ય, પૃ.૩૨૧
૨૮. શ્રી ભદ્રબાહુવિજય, આવસ્સયનિજ્જુતિ, ગાથા, ૧૦૭૬
૨૯. શ્રી હરિભદ્રસૂરિ, આવસ્સયહારિભદ્રીય ટીકા, પત્ર ૪૯૪ આ.
૩૦. શ્રી.હરિભદ્રસૂરિ, લલિતવિસ્તરા પૃ.૪૨
શ્રી દેવેન્દ્ર સૂરિ, દેવવંદન ભાષ્ય, પૃ.૩૨૧
૩૧. શ્રી શાંતિસૂરી, ચેલયવંદેણમહાભાસ, ગાથા, ૫૨૬, પૃ.૯૫
૩૨. શ્રી હેમચંદ્રસૂરિ, યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ, પત્ર-૨૨૪ આ.
શ્રી માનવિજયજી ઉપાધ્યાય, ધર્મસંગ્રહ ભાગ-૧, પૃ. પત્ર-૧૫૫ અ
૩૩. શ્રી હેમચંદ્રાસૂરિ, યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ, પત્ર-૨૨૪ આ.
૩૪. શ્રી ભદ્રબાહુવિજયજી, આવસ્સયનિજ્જુતિ ગાથા, ૯૧૯-૨૦-૨૧
૩૫. શ્રી હરિભદ્ર સૂરિ, લલિતવિસ્તરા પૃ.૪૨
૩૬. શ્રી હેમચંદ્રસૂરિ, યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ, પત્ર-૨૧૭ અ.
૩૭. શ્રી માનવિજયજી ઉપાધ્યાય, ધર્મસંગ્રહ ભાગ-૧, પૃ.૧૫૫ અ.
૩૮. શ્રી ભદ્રબાહુવિજયજી આવસ્સયનિજ્જુતિ ગાથા-૧૦૭૭
૩૯. એજન, પૃ.પત્ર, ૪૯૪ અ.
૪૦. શ્રી વર્ધમાનસૂરિ, આચાર દિનકર ભાગ-૨ પત્ર-૨૬૭ અ.
૪૧. શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી, લોગસ્સ સૂત્ર, સ્વાધ્યાય, પૃ.૧૦
૪૨. શ્રી ભદ્રબાહુ વિજયજી, આવસ્સય નિજ્જુતિ ગાથા-૧૦૭૮
૪૩. શ્રી શાતિસૂરી, ચંઈયવંદણ મહાભાસ, ગાથા, ૫૨૬, પૃ.૯૫
૪૪. શ્રી દેવેન્દ્રસૂરિ, દેવવંદન ભાષ્ય, પૃ.૨૨૧
૪૫. બી.એસ.આપ્ટે, આપ્ટે ડીક્ષનરી, વોલ્યુમ-૧ , પૃ.૧૧૫

૪૬. શ્રી ભદ્રબાહુ વિજયજી, આવસ્સય નિજ્જુતિ ગાથા-૧૦૭૮
૪૭. શાંતિસૂરી, ચંઈયવંદણ મહાભાસ, ગાથા, ૫૨૯, પૃ.૯૫
૪૮. શ્રી હેમચંદ્રસૂરિ, યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ, પત્ર-૨૨૪ આ.
૪૯. શ્રી ભદ્રબાહુવિજયજી, આવસ્સય નિજ્જુતિ ગાથા-૧૦૭૯
૫૦. શ્રી હરિભદ્રસૂરિ, આવસ્સયહારિભદ્રીય ટીકા, પત્ર ૫૦૦ આ.
૫૧. એજન પત્ર ૪૯૪ આ.
શ્રી હરિભદ્ર સૂરિ, લલિતવિસ્તરા પૃ.૪૩
૫૨. શ્રી હરિભદ્રસૂરિ, આવસ્સયહારિભદ્રીય ટીકા, પત્ર ૨૨૪ આ.
શ્રી દેવેન્દ્રસૂરિ, દેવવંદન ભાષ્ય, પૃ.૩૨૧
શ્રી માનવિજયજી ઉપાધ્યાય ધર્મસંગ્રહ, પત્ર-૧, પૃ.૧૧૫ અ
૫૩. શ્રી દેવેન્દ્રસૂરિ, વંદારુવૃત્તિ, પૃ.૪૧
૫૪. શ્રી હરિભદ્રસૂરિ, આવસ્સયહારિભદ્રીય ટીકા, પત્ર ૫૦૧ આ.
શ્રી હરિભદ્રસૂરિ, લલિતવિસ્તરા પૃ.૪૪
૫૫. શાંતિસૂરી, ચેઈયવંદણ મહાભાસ, ગાથા, ૫૩૨, પૃ.૯૬
૫૬. સં.હરિપ્રસાદ શાસ્ત્રી, શબ્દરત્નદીપ, મુક્તક-૨ શ્લોક-૨, પૃ.૩૧
૫૭. શાંતિસૂરી, ચેઈયવંદણ મહાભાસ, ગાથા, ૫૩૮, પૃ.૯૬
૫૮. હરિભદ્રસૂરિ, આવસ્સયહારિભદ્રીય ટીકા, પત્ર ૫૦૬ આ.
૫૯. શ્રી હરિભદ્રસૂરિ, લલિતવિસ્તરા પૃ.૪૫
૬૦. શાંતિસૂરી, ચેઈયવંદણ મહાભાસ, ગાથા, ૬૨૧, પૃ.૧૧૧
૬૧. શ્રી દેવેન્દ્રસૂરિ, દેવવંદન ભાષ્ય, પૃ.૩૨૫
૬૨. શ્રી માનવિજયજી ઉપાધ્યાય, ધર્મસંગ્રહ, ભાગ-૧ પૃ.૧૫૫ અ
૬૩. મુનિ શ્રી ચંદ્રશેખર વિજયજી, પ્રતિક્રમણસૂત્ર વિવેચન (નવકારથી લોગસ્સ)પૃ.૧૩૧
૬૪. શ્રી અમૃતલાલ કાલિદાસ દોશી, લોગસ્સસૂત્ર સ્વાધ્યાય, પૃ.૫૩
૬૫. એજન, પૃ.૫૪, ૫૫ ૫૬, ૫૭, ૫૮
૬૬. શાંતિસૂરી, ચેઈયવંદણ મહાભાસ, ગાથા, ૫૭૧, ૫૭૩, પૃ.૧૦૩-૧૦૪
શ્રી વર્ધમાનસૂરિ આચારદિનકર, પત્ર-૨૬૭ આ
શ્રી માનાવિજયજી ઉપાધ્યાય, ધર્મસંગ્રહ, પૃ.૧૫૬

૬૭. શ્રી હરિભદ્રસૂરિ, આવશ્ય હારિભદ્રીય ટીકા, પત્ર-૫૦૭ અ.

શ્રી હરિભદ્રસૂરિ, લલિતવિસ્તરા પૃ.૪૫

શ્રી હેમચંદ્રાસૂરિ, યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ પત્ર-૨૨૭, અ.

શ્રી માનવિજયજી ઉપાધ્યાય, ધર્મસંગ્રહ, પૃ.૧૭૫

શ્રી શાંતિસૂરી, ચેઈયવંદણ મહાભાસ, ગાથા ૬૨૧ પૃ.૧૧૧

શ્રી દેવેન્દ્રસૂરિ, દેવવંદન ભાષ્ય, પૃ.૩૨૫

શ્રી દેવેન્દ્ર સૂરિ, વંદારુવૃત્તિ, પૃ.૪૨

૬૮. શ્રી હરિભદ્રસૂરિ, આવસ્સયહારિભદ્રીય ટીકા, પત્ર-૫૦૭ અ.

શ્રી હરિભદ્રસૂરિ, લલિતવિસ્તરા, પૃ.૪૫

શ્રી શાંતિસૂરી, ચેઈયવંદણ મહાભાસ, ગાથા ૬૨૧ પૃ.૧૧૧

શ્રી દેવેન્દ્રસૂરિ, દેવવંદન ભાષ્ય, પૃ.૩૨૫

શ્રી દેવેન્દ્ર સૂરિ, વંદારુવૃત્તિ, પૃ.૪૨

૬૯. શ્રી અમૃતલાલ કાલિદાસ દોશી, લોગસ્સસૂત્ર સ્વાધ્યાય, પૃ.૫૭, ૫૮

૭૦. શ્રી હરિભદ્રસૂરિ, આવસ્સયહારિભદ્રીય ટીકા, પત્ર-૫૦૭ અ.

૭૧. શ્રી શાંતિસૂરી, ચેઈયવંદણ મહાભાસ, ગાથા ૬૨૨ પૃ.૧૧૨

૭૨. શ્રી હરિભદ્રસૂરિ, આવસ્સયહારિભદ્રીય ટીકા, પત્ર-૫૦૭ અ.

૭૩. એજન,પત્ર- ૫૦૭ અ.

૭૪. એજન, પત્ર-૫૦૧ અ.

૭૫. શ્રી હેમચંદ્રાસૂરિ, યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ પત્ર-૨૨૭, અ.

૭૬. શ્રી હરિભદ્રસૂરિ, આવસ્સયહારિભદ્રીય ટીકા, પત્ર-૫૦૭ અ.

૭૭. શ્રી શાંતિસૂરી, ચેઈયવંદણ મહાભાસ, ગાથા ૬૨૫, પૃ.૧૧૨

૭૮. શ્રી હરિભદ્રસૂરિ, લલિતવિસ્તરા, પૃ.૪૫-૪૬

૭૯. શ્રી હેમચંદ્રાસૂરિ, યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ, પત્ર,-૨૨૭, અ.

શ્રી માનવિજયજી ઉપાધ્યાય, ધર્મસંગ્રહ પત્ર, ૧૫૭ અ.

૮૦. શ્રી હરિભદ્રસૂરિ, આવસ્સયહારિભદ્રીય ટીકા, પત્ર-૫૦૭ અ.

શ્રી હરિભદ્રસૂરિ, લલિતવિસ્તરા, પૃ.૪૬

શ્રી દેવેન્દ્ર સૂરિ, વંદારુવૃત્તિ, પૃ.૪૨

શ્રી વર્ધમાનસૂરિ, આચાર દિનકર પત્ર-૨૬ આ.

૮૧. શ્રી શાંતિસૂરી, ચેઈયવંદણ મહાભાસ, ગાથા ૬૨૫ પૃ.૧૧૨

૮૨. શ્રી હરિભદ્ર સૂરી, આવસ્સય હારિભદય ટીકા, પત્ર- ૫૦૭ આ.

શ્રી શાંતિસૂરી, ચેઈયવંદણ મહાભાસ, ગાથા ૬૨૫ પૃ.૧૧૨

શ્રી હેમચંદ્રસૂરિ યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ પત્ર-૨૨૭, અ.

૮૩. શ્રી ભદ્રબાહુવિજયજી, આવસ્સયનિજ્જુતિ ગાથા, ૧૦૯૩

શ્રી હરિભદ્ર સૂરી, આવસ્સય હારિભદય ટીકા, પત્ર- ૫૦૭ આ.

શ્રી શાંતિસૂરી, ચેઈયવંદણ મહાભાસ, ગાથા ૬૩૦ પૃ.૧૧૩

શ્રી હેમચંદ્રસૂરિ, યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ, પત્ર-૨૨૭, આ.

૮૪. શ્રી હરિભદ્રસૂરિ, આવસ્સય હારિભદ્રીય ટીકા, પત્ર ૫૦૭ આ

શ્રી શાંતિસૂરી, ચેઈયવંદણ મહાભાસ, ગાથા ૬૨૫ પૃ.૧૧૨

શ્રી દેવેન્દ્રસૂરી, દેવનંદન ભાષ્ય, પૃ.૩૨૫

૮૫. શ્રી હરિભદ્રસૂરી, આવસ્સય હારિભદીય ટીકા, પ.૫૦૭ આ

શ્રી હરિભદ્ર્સૂરી, લલિત વિસ્તરા, પૃ.૪૬

શ્રી શાંતિસૂરી, ચેઈયવંદણ મહાભાસ, ગાથા ૬૩૧ પૃ.૧૧૩

શ્રી હેમચંદ્રસૂરી, યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ પત્ર-૨૨૭ આ

શ્રી વર્ધમાનસૂરી, આચાર દિનકર પત્ર.૨૬૮ આ.

૮૬. શ્રી હરિભદ્રસૂરી, આવસ્સય હારિભદીય ટીકા, પ.૫૦૭ આ

શ્રી શાંતિસૂરી, ચેઈયવંદણ મહાભાસ, ગાથા ૬૩૧ પૃ.૧૧૩

શ્રી હેમચંદ્રસૂરી, યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ, પત્ર-૨૨૭ આ

૮૭. શ્રી હરિભદ્રસૂરિ, આવસ્સય હારિભદ્રીય ટીકા, પત્ર-૫૦૭ આ.

શ્રી શાંતિસૂરિ, યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ, ગાથા, ૬૩૨, પૃ.૧૧૪

૮૮. શ્રી હરિભદ્રસૂરિ, લલિત વિસ્તરા, પૃ.૪૭

શ્રી શાંતિસૂરી, ચેઈયવદંણ મહાભાસ, ગાથા ૬૩૪-૬૩૫- પૃ.૧૧૪

શ્રી શાંતિસૂરી, યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ, પત્ર ૨૨૭ અ.

શ્રી હરિભદ્રસૂરિ, ધર્મસંગ્રહણી કૃતિ ઉત્તરાર્ધ, પૃ.૩૧૬

૮૯. શ્રી ભદ્રબાહુસ્વામી, આવસ્સય હારિભદ્રીય ટીકા, પત્ર-૫૧૦ આ

શ્રી હરિભદ્રસૂરિ, ચેઈયવંદણ હારિભદ્રીય ટીકા, પત્ર-૫૧૦ આ.

શ્રી શાંતિસૂરી, ચેલયવદંણ મહાભાસ ગાથા, ૬૩૬- પૃ.૧૧૫

શ્રી હેમચંદ્રસૂરી, યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ, પત્ર-૨૨૮ આ

શ્રી દેવેન્દ્રસૂરી, દેવનંદન ભાષ્ય, પૃ.૩૨૭

શ્રી વર્ધમાનસુરી, આચાર દિનકર, પત્ર-૨૬૮ અ

૯૦. *શ્રી હરિભદ્રસૂરિ,* આવસ્સય *હારિભદ્રીય ટીકા,* પત્ર-૫૧૦ આ

૧. શ્રી શાંતિસૂરી, ચેઈયવંદણ મહાભાસ ગાથા,- ૬૩૭- પૃ.૧૧૫

૨. શ્રી હેમચંદ્રસૂરિ, યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ, પત્ર ૨૨૮ અ

૯૧. ૧. *શ્રી હરિભદ્રસૂરિ,* આવસ્સય *હારિભદ્રીય, ટીકા,* પત્ર ૫૧૦ આ

૨. શ્રી શાંતિસૂરી, ચેઈયવંદણ મહાભાસ ગાથા- ૬૩૮- પૃ.૧૧૫

૩. શ્રી હેમચન્દ્રસૂરિ, દેવનંદન ભાષ્ય, પૃ.૩૨૭

૪. શ્રી વર્ધમાનસુરી, આચાર દિનકર, પત્ર-૨૬૮ અ

૯૨. શ્રી અમૃતલાલ કાળીદસ દોશી, લોગસ્સ સૂત્ર સ્વાધ્યાય, પૃ.૪૪

# પ્રકરણ-૫

# આજના યુગમાં લોગસ્સ સૂત્રની પ્રસ્તુતિ

૫.૧ લોગસ્સ સૂત્ર અને ભક્તિવાદ

૫.૨ લોગસ્સ સૂત્ર અને ધ્યાન કાયોત્સર્ગ

૫.૩ લોગસ્સ સૂત્ર અને મંત્ર-જાપ

૫.૩.૧ ચોવીસ નામાભિધાન મંત્રો

૫.૪ લોગસ્સ સૂત્ર અને યંત્રો

૫.૫ લોગસ્સ સૂત્રનું સ્મરણ ક્યાં ક્યાં ક્યારે ક્યારે થાય.

૫.૬ લોગસ્સ સૂત્રનું ઉચ્ચારણનું નિયતપણું દર્શાવતું કોષ્ટક.

૫.૭ વર્તમાનમાં આવશ્યકસૂત્રમાં ઉચ્ચારણ દર્શાવતું કોષ્ટક.

૫.૮ લોગસ્સ સૂત્રનાં સ્તુતિ-મંત્ર-યંત્ર-જાપના પ્રત્યક્ષ ચમત્કારો

૫.૯ ઉપસંહાર

# પ્રકરણ-૫

# આજના યુગમાં લોગસ્સસૂત્રની પ્રસ્તુતિ

ભારતીય સંસ્કૃતિમાં ત્રિવિધ યોગ જ્ઞાન, ભક્તિ અને કર્મને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. આજના યુગમાં જ્ઞાનયોગ અને કર્મયોગના માર્ગ પર આગળ વધવું સામાન્ય માણસ માટે મુશ્કેલ થઈ ગયું છે. ભક્તિયોગનો માર્ગ બધા માટે સરળ અને સુલભ છે. તે મોક્ષપદ પ્રાપ્તિ માટે અમોઘ સાધન છે એટલે જ કહેવાયું છે. કે ભક્તિ મુક્તિની અનમોલ યુક્તિ છે. સમસ્યા ભરેલા વર્તમાન યુગમાં ભક્તિ ચિત્તશુદ્ધિ માટે અસરકારક ઉપાય છે.

ભવસાગરમાં તરવાનું ભવ્ય સાધન ભક્તિ છે. તેમનો મંગલ મહિમા શાસ્ત્રકારોએ વિવિધ નામે અને વિવિધરૂપે ગાયો છે.

- અનન્ય શ્રદ્ધાએ ભક્તિ છે.
- વંદન, પૂજન, સત્કાર, અને સન્માન એ ભક્તિની ક્રિયાઓ છે
- પ્રણામ, પ્રશંસા, પ્રાર્થના, પ્રમોદ એ પ્રણિધાન એ ભક્તિના પ્રકારો છે. સ્મરણ, સ્તવન, કીર્તન, કથા, ઉત્સવને ઉપાસના ભક્તિ છે.
- અનુશીલન, આદર, આરાધના, આરાધીનતા, શરણાગતિ, વાત્સલ્ય અને યોગ એ પણ ભક્તિના પર્યાયવાચક શબ્દો છે.[૧]

## ૫.૧ લોગસ્સ સૂત્ર અને ભક્તિવાદ

લોગસ્સ સૂત્રમાં જિનભક્તિને લગતું જ્ઞાન વિજ્ઞાન ભરેલું છે. લોગસ્સ સૂત્ર એક ભવ્ય ભક્તિસૂત્ર છે. જિન ભક્તિનું દ્યોતક છે.

લોગસ્સ સૂત્રનો પાઠ ભણો એટલે ચોવીસ જિનોને વંદન થાય, ચોવીસ જિનોની સ્તુતિ-સ્તવના- પ્રશંસા થાય, ચોવીસ તીર્થંકર પ્રત્યે શ્રદ્ધા-ભક્તિ બહુમાનની લાગણી જાગે. અને તેમના શરણે જવાનું મન થાય કે જે ભક્તિનો એક ઉત્કૃષ્ટ પ્રકાર છે.

ગૃહસ્થનાં છ આવશ્યક-કર્તવ્યોમાં દેવપૂજા એટલે જિનભક્તિને પહેલી મુકી છે એજ એનું મહત્ત્વ દર્શાવે છે.[૨]

આ ભક્તિ બે પ્રકારે થાય છે. દ્રવ્યથી અને ભાવથી. ચૈત્ય-નિર્માણ, ચંદનપૂજા, પુષ્પપૂજા, ગંધ-પૂજા, ધૂપપૂજા આદિ દ્રવ્ય ભક્તિ છે. નામનું સ્મરણ, નામનું ગુણોનું કીર્તન, અંતરંગ પ્રીતિ, સમ્યક્ત્વ તથા આજ્ઞાપાલન એ ભાવભક્તિ છે.

બંને પ્રકારની ભક્તિમાં ભાવ ભક્તિ ઉત્તમ છે. કારણ કે તે આત્માના અધ્યવસાયોની શુદ્ધિરૂપ છે.

લોગસ્સ સૂત્રની રટના એ ભાવભક્તિનું સ્વરૂપ છે. સમતાની સાધનામાં, વિનયના વિકાસમાં, પવિત્રતાની પ્રાપ્તિમાં, મમતાના મારણમાં કે ત્યાગના ધારણમાં ભક્તિ અગત્યનો ભાગ ભજવે છે. તે ઉપરાંત સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રરૂપ સિદ્ધ સાધનને સહજ અને સરળ બનાવવાનો અસરકારક ઉપાય છે.

લોગસ્સ સૂત્ર સાત ગાથા અને ૨૮ પદોથી બનેલું છે. આ સ્તવન તીર્થંકરના ગુણ-ગૌરવથી ભરપૂર અને પ્રાર્થનાના પુનિત તત્ત્વથી પ્રકાશિત છે.[૩]

પહેલી ગાથામાં તીર્થંકર ભગવંતને લોકા-લોક પ્રકાશક- ધર્મતીર્થંકર તરીકે ઓળખાવામાં આવ્યા. તેમની સંખ્યા ચોવીસ હોવાનું જણાવાયું. पि વડે ભરતક્ષેત્રની બહારના જે કોઈ જિનવરો હોય તેનું સૂચન કર્યુ.'कित्तइस्सं' તે સઘળાનું કીર્તન, ભક્તિ કરવાનો આશય આ શબ્દ દ્વારા બતાવ્યો. લોકાલોકનો પ્રકાશ શ્રી તીર્થંકરોએ 'उपन्नइवा, विगमेइवा, धूवेइवा' એટલે કે ઉત્પન્ન થાય છે, નાશ પામે છે અને ધ્રુવ પણ રહે છે. આ ત્રિપદી વડે, સૂક્ષ્મતાથી અતિવિશદતાથી લોકનું સ્વરૂપ રજૂ કરતાં હોઈ વિશ્વ એ ભેદી કોયડો રહેતો નથી. પણ નિયમાનુસાર ચાલતું ઘટના ચક્ર સમજાય છે. અને તેના આધારે જ અનંત શક્તિમાન આત્માનો પરિપૂર્ણ વિકાસ કરવાની ભવ્ય ભાવના પ્રગટ થાય છે. આ ઉપકાર જેવો તેવો નથી તેથી તેમનું સ્મરણ પ્રારંભમાં જ કરવામાં આવ્યું છે.

શ્રી તીર્થંકર ભગવંતો 'तित्थयरे' ધર્મરૂપ તીર્થનું પ્રવર્તન કરે છે. ધર્મના સિદ્ધાંતો મુખ્યત્વે અહિંસા, સંયમ અને તપના ત્રિવિધ આદર્શ પર રચાયેલા હોય તેનું પાલન સમતા, શાંતિ અને સુખનો સાર્વત્રિક પ્રચાર થવામાં જ આવે છે. આ રીતે શ્રી તીર્થંકરો તીર્થના સ્થાપક ધર્મના ઉપદેષ્ટા, સન્નીતિના સ્રષ્ટા હોઈ વિશ્વના પરમ ઉપકારી છે એટલા માટે તેમના એ ગુણનું સ્મરણ સૂત્રના પ્રારંભ પછી તરત જ કર્યુ છે.

શ્રી તીર્થંકરનો ઉપદેશ જેવો પવિત્ર અને પ્રભાવશાળી હોય છે. તેવું જ તેમનું જીવન પણ પવિત્ર અને પ્રભાવશાળી હોય છે. તેમના ચારિત્રની સુવાસ

ચોતરફ ફેલાઈ વિશુદ્ધ વાતાવરણ ઉત્પન્ન કરે છે. આ ગુણની શુભ સ્તવના-ભક્તિ 'जिन' શબ્દ વડે કરવામાં આવી છે.

તીર્થંકર ભગવંતો 'કેવલી' હોય છે. જ્ઞાન દર્શન, ચારિત્રના વિકાસની ચરમ સીમા સુધી પહોંચેલા હોય છે. તેથી આવા 'પૂર્ણપુરુષ' યા 'પૂણ્યાત્મા'ના આદર્શને નિરંતર દૃષ્ટિ સમક્ષ રાખવા તેમની ભક્તિ સ્તવના 'પ્રથમ ગાથા માં કરવામાં આવી છે.[૪]

આ સૂત્રની બીજી-ત્રીજી-ચોથી ગાથામાં ઋષભાદિ ચોવીસ, તીર્થંકરોને સમાન રીતે ભાવપૂર્વક વંદના ભક્તિ કરવામાં આવી છે. એનો અર્થ એ કે તીર્થંકર પદના ઉપાસકને માટે સર્વ તીર્થંકરો સરખા માન્ય, સરખા આરાધ્ય અને સરખા પૂજ્ય છે. તેમની 'વંદના ભક્તિ' અભિમુખભાવથી કે પૂરેપૂરી એકાગ્રતાથી કરવાની છે.[૫]

સૂત્રની પાંચમી, છઠ્ઠી અને સાતમી ગાથા શ્રી તીર્થંકર દેવની પ્રાર્થના અર્થે યોજાયેલી છે. તેમાં ઉત્તમોઉત્તમ વસ્તુઓ મેળવવાની ભાવના પ્રદર્શિત કરવામાં આવી છે.[૬]

પાંચમી ગાથામાં શ્રી તીર્થંકરો સકલ કર્મથી મુક્ત થયા છે અને રાગ, તથા દ્વેષનો સંપૂર્ણ રીતે નાશ કરી ચૂકયા છે, તેઓનો પ્રભાવ અચિંત્ય છે. તેઓનું સ્મરણ ભક્તિ કરવાથી જે વસ્તુઓ પ્રાપ્ત કરવાની જરૂર હોય તે આપોઆપ મળી રહે છે.[૭]

છઠ્ઠી ગાથામા શ્રી તીર્થંકર ભગવંતોને લોકોત્તમ અને સિધ્ધ કહ્યા છે. તેમના સર્વ પ્રયોજનો સિદ્ધ થયેલાં છે. અહીં જે નીરોગતા, બોધિ અને સમાધિની ઈચ્છા જાહેર કરવામાં આવી છે, તે સકારણ છે. ભવરોગમાંથી મુક્ત થવું એ ધ્યેય છે તેથી પ્રથમ સ્થાન 'નીરોગતા, આરોગ્ય'ને આપવામાં આવ્યું છે. તીર્થંકરો આરોગ્ય, બોધિ અને સમાધિને આપે છે, તે વાત સત્ય નથી કારણ કે તેઓ વીતરાગ છે; તથા અસત્યપણ નથી કારણ કે તેમની ભક્તિ કરવાથી જ મળે છે.

સૂત્રની સાતમી અને છેલ્લી ગાથામાં શ્રી સિદ્ધ ભગવંતોની સ્તુતિ કરવામાં આવી છે. છેલ્લો દેહ છૂટી ગયા પછી તેઓ સર્વકર્મોથી રહિત શુદ્ધ આત્મા-પરમાત્મા બનેલા છે. એથી તેઓ લોકાગ્રે આવેલી સિદ્ધશિલાના ઉપરના ભાગમાં સિદ્ધ તરીકે બીરાજે છે. તે સ્થિતિનું વર્ણન વૈખરી વાણીથી શક્ય નથી એટલે

તેના યત્કિંચિત્ ખ્યાલ ઉપમાઓ વડે આપવામાં આવ્યો છે. જેમ કે ચંદ્રોથી વધારે નિર્મળ સૂર્યોથી વધારે પ્રકાશિત, સ્વયંભૂરમણ સમુદ્રથી વધારે ગંભીર અને અગાધ છે.

આ સૂત્ર પર શ્રીભદ્રબાહુસ્વામીની નિર્યુક્તિ, પૂર્વાચાર્યનું ભાષ્ય, શ્રી જિનદાસગણિ મહત્તરની ચૂર્ણિ તથા શ્રી હરિભદ્રસૂરિ અને શ્રીમલયગિરિ મહારાજ વગેરેની વ્યાખ્યા ઉપલબ્ધ છે. તથા શ્રી હેમચંદ્રાચાર્ય યોગશાસ્ત્રના સ્વોપજ્ઞવિવરણમાં, શ્રીશાંતસૂરિએ ચેઈયવંદણમહાભાસમાં, શ્રી વર્ધમાનસૂરિએ આચાર દિનકરમાં શ્રીદેવેન્દ્રસૂરિ એ વંદારુવૃત્તિમાં, શ્રીમાનવિજયજી ઉપાધ્યાયે ધર્મસંગ્રહમાં તેના પર વિવરણો કર્યા છે.

આ સૂત્ર તીર્થંકર દેવોની ભક્તિથી ભરપૂર છે.[૯]

## ૫.૨ લોગસ્સ સૂત્ર અને ધ્યાન-કાયોત્સર્ગ

**ધ્યાન :**

ધ્યાન એટલે લક્ષ, ચિંતન, સ્મરણ, વૃત્તિઓની એકાગ્રતા, વિચાર સમાધિ, મનન કરવું.[૧૦]

જૈનચિંતનમાં ધ્યાનનું મહત્ત્વનું સ્થાન છે.ધ્યાન એટલે મન ઉપર સંયમ કરી તેને કોઈ એક વિષય ઉપર ટકાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. મોક્ષમાર્ગમાં પ્રગતિ કરવા માટે ધ્યાન બહુ જ અગત્યનું સાધન છે. ધ્યાનમાં મનને એક વિષય ઉપર અમુક સમય સુધી કેન્દ્રિત કરવામાં આવે છે, જે સમય એક મુહૂર્ત અથવા ૪૮ મિનિટ સુધીનો હોઈ શકે.[૧૧]

**કાયોત્સર્ગ :**

કાર્યોત્સર્ગ નો અર્થ કાયાનો ઉત્સર્ગ. ચિત્તનો ધર્મધ્યાન, શુકલધ્યાનમાં પરોવી શરીર ઉપરની મમતા છોડી દેવી તે કાર્યોત્સર્ગ કહેવાય.[૧૨]

લોગ્ગસ્સ સૂત્રનું પદસ્થ ધ્યાન કરવામાં આવે છે લોગસ્સ સૂત્ર મોટું હોવાથી એક એક અક્ષરનું ધ્યાન, ઠેઠ સૂત્ર પૂર્ણ થાય ત્યાં સુધી, બીજા વિચાર વિના અખંડ ચાલે, એટલો ખ્યાલ રાખવાનો કે બે સામટા અક્ષર ન દેખાય જાય, આખા શબ્દનું ધ્યાન કરવાનું છે.[૧૩]

લોગસ્સ સૂત્રની પહેલી ગાથામાં લોકના ઉદ્યોતકર, ધર્મતીર્થંકર, જિન અને

અરિહંત એવા ચોવીસ પણ કેવલીનું હું કીર્તન કરીશ. આ કહેવું છે.

આમાં પદાર્થ એ જોવાનો કે 'ચોવીસપણ' એટલે કે બીજા તો ખરા જ સાથે વર્તમાન ચોવીસીના તીર્થંકર પણ એટલે નજર સામે આગળ ચોવીસ અને એમની જમણી ડાબી બાજુ અનંત તીર્થંકરો લાવવામાં આવે એ કેવી મુદ્રામાં આવે ? તો કે લોકના ઉદ્યોતકર ધર્મતીર્થંકર, જિન અને અરિહંતની મુદ્રામાં આવે. એની મુદ્રા કેવી રીતે નજર સામે લાવવી ? ૧. સર્વજ્ઞ થયા તે વખતના ગોદોહિકા, આસને તે લોકના ઉદ્યોતકર ૨. ધર્મતીર્થ સ્થાપન વખતના દેશના દેતા, તે ધર્મ તીર્થંકર, ૩. કાઉસ્સગ ધ્યાને રાગાદિ જીતતા તે જિન ૪. આઠ પ્રાતિહાર્યયુક્ત સિંહાસન પર બેઠેલા તીર્થંકર.

આમા પહેલામાં બધા કેવળજ્ઞાન પામવા વખતે ઉભડક રહેલા દેખાય, બીજામાં સમવસરણ પર બેસી બોલતા દેખાય. ત્રીજામાં આ સ્થિતિ લાવવા પૂર્વે ધ્યાનમાં ઉભેલા અને ભક્ત કે શત્રુ પર રાગ-દ્વેષને રોકનારા દેખાય, ચોથામાં આઠ પ્રાતિહાર્યો શોભતા જોવાના, અથવા 'ઉજ્જાગરે' બોલતા પ્રભુના હૃદયમાં કેવળજ્ઞાનનો પ્રકાશ જોવાનો. 'તિત્થયરે' બોલતાં ઉપર મુખ બોલતું દેખાય, તરત 'જિણે' બોલતા ઉપર આંખમાં વીતરાગતા દેખાય તરત 'અરિહંતે' બોલતા મુખની બાજુમાં ચામર વીંઝાતા દેખાય.[૧૪]

બીજી-ત્રીજી-ચોથી ગાથામાં ચોવીસ તીર્થંકરના નામ સાથે એમને વંદન છે. એમાંની દરેક ગાથામાં આઠ-આઠ તીર્થંકરના નામ છે. દરેક લીટીમાં કોઈકમાં એક, કોઈકમાં બે, કોઈકમાં ત્રણ નામ છે. તો જે જે લીટીમાં જેટલા જેટલા નામ છે તેટલા તેટલા તીર્થંકર તે તે લીટીમાં બોલતા નજર સામે લાવવાના. એનો ક્રમ નીચે મુજબ છે.

| ગાથા-૨ | ગાથા-૩ | ગાથા-૪ |
|---|---|---|
| ૨ | ૧ | ૩ |
| ૩ | ૩ | ૨ |
| ૨ | ૨ | ૧ |
| ૧ | ૨ | ૨ |

અને આ પ્રમાણે નજર સામે લાવવાના :



આ દરેકમાં તીર્થંકર બેઠા હોય એમ જોવાનું તે લીટીમાં આવતું નામ બોલવાનું, દા.ત. પહેલી લીટીમાં ઉસમ-મજિઅં. આમાં સાથે વંદે છે, અર્થાત વંદુ છું. એમ છે તે દરેક તીર્થંકર ને લાગુ થાય છે. તો તે નામ બોલતા દરેકના ચરણમાં હાથ જોડી માથુ નમાવી વંદન કરીએ છીએ એમ જોવાનું. આમ ધીમે ધીમે એકેક નામ બોલતા જોઈએ અને સાથે સાથે તે તે કુંડાળામાં તે તે તીર્થંકર જોતા તે વંદના જોઈએ- એમ ચોવીસ તીર્થંકર સુધી આગળ વધવાનું.[૧૫]

**પાંચમી ગાથા :**

પાંચમી ગાથામાં એ 'ચઉવીસપિ' અર્થાત્ ચોવીસ પણ એટલે કે આજુબાજુ અનંતા તીર્થંકર સાથે આ ચોવીસીના તીર્થંકરને સામે રાખી સ્તુતિ કરતાં હોઈએ એમ જોતાં એમને 'નિર્મળ' અને અજર-અમર તરીકે જોવાના અને પ્રાર્થના (આશંસા) કરવાની કે એ ''ચોવીસ પણ જિનવર મારા પર કૃપા કરો એમનો પ્રભાવ હું ઝીલું''

**છઠ્ઠી ગાથા :**

એ પ્રભુને કીર્તન-વંદન-પૂજન કરાયેલા તથા 'શ્રેષ્ઠ સિદ્ધ' તરીકે જોવાના અને તેમની પાસે આસગ્ગ-ભાવ-આરોગ્ય' માટે બોધિલાભ યાને જૈનધર્મની સમ્યગ્દર્શનાદિથી તથા ઉત્તમ ભાવસમાધિની માગણી કરતા હોઈએ તેમ જોવાનું.

**સાતમી ગાથા :**

એ તીર્થંકરો ચંદ્રો કરતાં વધુ નિર્મળ, સૂર્યો કરતાં અતિ પ્રકાશકર અને સમુદ્રો કરતા અતિશય ગંભીર સિદ્ધ તરીકે જોવાના અને તેમની પાસે મોક્ષ માગતા હોઈએ તેવું ધારવાનું.

આમ આખા લોગસ્સના શબ્દે શબ્દનો પદાર્થ નજર સમક્ષ લાવી એના પર એકાગ્રભાવ રાખવો. આ રીતે 'લોગસ્સ સૂત્ર'નું ધ્યાન થાય.

રોજ પ્રભાતે જાગીને એકવાર પણ ધ્યાન કરવામાં આવે તો કેટલાય પાપકર્મોનો નાશ થાય છે અને અથાગ પૂણ્ય બંધાય એક તીર્થંકર ભગવંતને વંદના-સ્તુતિનું ય અચિંત્ય ફળ મળે છે તો ચોવીસ અને સાથે અનંતા તીર્થંકરોને વંદના-સ્તુતિ કરવાનું કેટલુ ફળ મળે !

આ જોતા ધ્યાન એ જીવનની ઉન્નતિ માટે અત્યંત અગત્યનું છે.[૧૬]

ધ્યાનની બીજી રીત હાથની કરાંજલિનું ચિત્ર પરિશિષ્ટ-નં.૧માં છે. તેની સમજણ પરિશિષ્ટ નં.૨ માં આપેલ છે.

**૫.૩ લોગસ્સ સૂત્ર અને મંત્રજાપ**

અક્ષર કે શબ્દની વિશિષ્ટ રચનાને મંત્ર કહેવામાં આવે છે. તેનો શ્રદ્ધા-શુદ્ધિ-વિધિપૂર્વક જપ કરવાથી કાર્ય સિદ્ધિ થાય છે. એટલે 'સાધન' મનાય છે. જેના વડે સિદ્ધિ થાય તે સાધન કહેવાય. આવા અનેક સાધનો વિદ્યમાન છે.

ધર્મશાસ્ત્રોએ મંત્રનો સ્વીકાર કર્યો છે.એટલું જ નહિ પણ તેની શક્તિની પ્રશંસા કરી છે એટલે કે તે એક પ્રકારનું શક્તિનું સાધન મનાયુ છે.[૧૮] લોગસ્સ સૂત્રનો મંત્ર સાધન તરીકે ઉપયોગ મુખ્યત્વે ધર્મધ્યાનની વૃદ્ધિ કરવા માટે થાય છે. તેનો પાઠ નિત્ય નિયમિત કરતાં મંત્ર જેવું જ કામ આપે છે. આગળ ચમત્કારિક દૃષ્ટાંતો આપેલા છે. શાંતિ-તૃષ્ટિ-પુષ્ટિને લગતા કાર્યો પણ થઈ શકે છે.

શાંતિ એટલે રોગ, ભય, કે આપત્તિનું નિવારણ

તૃષ્ટિ એટલે મનના મનોરથની સિદ્ધિ

પુષ્ટિ એટલે સૌભાગ્યની સિદ્ધિ[૧૯]

લોગસ્સ સૂત્રની પ્રત્યેક ગાથાને મંત્ર બીજો લગાડી તેની સાધના કરતાં અમુક પરિણામ લાવી શકાય છે. જેને કલ્પ કહેવામાં આવે છે.

કલ્પ પરિશિષ્ટ નં.૨ માં આપેલ છે.

**૫.૩.૧ ચોવીસ તીર્થંકરના આધારે મંત્ર રચના :**

જે મંત્રમાં તીર્થંકરનું નામ હોય, તે નામમંત્ર કહેવાય. તેનો ઉપયોગ નામસ્મરણમાં તેમજ પૂજનમાં થઈ શકે છે. જ્યારે ચોવીસ તીર્થંકરોના પટાદિનું પૂજન કરવું હોય ત્યારે નામ મંત્ર નીચે પ્રમાણે બોલીને કરાય છે.

૧. ॐ ह्रीँ अर्हँ श्रीऋषभदेवाय:  ૨. ॐ ह्रीँ अर्हँ श्रीँ अजितनाथाय नमः

३. ॐ ह्रीँ अर्हँ श्रीँ संम्भवनामाय नमः ४. ॐ ह्रीँ अर्हँ श्रीँ अभिनंदननाथाय नमः
५. ॐ ह्रीँ अर्हँ श्रीँ सुमतिनाथाय नमः ६. ॐ ह्रीँ अर्हँ श्रीँ श्रीपद्मप्रभय नमः
७. ॐ ह्रीँ अर्हँ श्रीँ सुपार्श्वनाथाव नमः ८. ॐ ह्रीँ अर्हँ श्रीँ चन्दप्रभाय नमः
९. ॐ ह्रीँ अर्हँ श्रीँ सुविधनाथाय नमः १०. ॐ ह्रीँ अर्हँ शान्तिनाथाय नमः
११. ॐ ह्रीँ अर्हँ श्रीँ श्रेयांसनाथाय नमः १२. ॐ ह्रीँ अर्हँ श्रीवासुपूज्याय नमः
१३. ॐ ह्रीँ अर्हँ श्रीँ विमलनाथाय नमः १४. ॐ ह्रीँ अर्हँ श्रीँ अन्तनाथाय नमः
१५. ॐ ह्रीँ अर्हँ श्रीँ धर्मनाथाय नमः १६. ॐ ह्रीँ अर्हँ श्रीँ शान्तिनाथाय नमः
१७. ॐ ह्रीँ अर्हँ श्रीँ कुंथुंनाथाय नमः १८. ॐ ह्रीँ अर्हँ श्रीँ अरनाथाय नमः
१९. ॐ ह्रीँ अर्हँ श्रीँ मल्लिनाथाय नमः २०. ॐ ह्री अर्हँ श्रीँ मुनिसुव्रताय नमः
२१. ॐ ह्रीँ अर्हँ श्रीँ नमिनाथाय नमः २२. ॐ ह्री अर्हँ श्रीँ नेमिनाथाय नमः
२३. ॐ ह्रीँ अर्हँ श्रीँ पार्श्वनाथाय नमः २४. ॐ ह्री अर्हँ श्रीँ महावीराय नमः

દરેક મંત્ર શાંતિમંત્રનું કામ કરે છે.

મંત્રનો વિષય ગૂઢ છે. તેમાં ઘણી બાબતો લક્ષમાં લેવાની હોય છે. એટલે ગુરુ કે જ્ઞાનીના માર્ગદર્શન વિના આગળ વધી શકાતું નથી. મંત્ર વિષેનું વિશેષજ્ઞાન. ૧. મંત્રવિજ્ઞાન ૨. મંત્રચિંતામણી અને ૩. મંત્રદિવાકર આ ત્રણ ગ્રંથોમાં આપેલું છે. તેમાં મંત્રની સાધના સિદ્ધિને લગતા અનુભવોનો નીચોડ આપેલો છે.[૨૦]

## ૫.૪ લોગસ્સ સૂત્ર અને યંત્ર

યંત્રો પણ કાર્યસિદ્ધિનું એક અંગ ગણાય છે.

લોગસ્સ સૂત્રમાં જે રીતે ચોવીસ તીર્થંકર ભગવંતોની નામનિર્દેશકપૂર્વક સ્તવના કરવામાં આવેલ છે. તેવી જ રીતે ચોવીસ તીર્થંકર ભગવંતો તેમજ પચીસમાં તીર્થંકર તરીકે શ્રીસંઘને ગણી તેમની સ્તવના કરતાં સ્રોતો પ્રાચીન મહામુનિવરોએ નિર્મિત કરેલ છે.

તે સ્રોતો ઉપરથી યંત્રની રચના કરવામાં આવેલ છે. જેના નામ મહાસર્વતોભદ્ર, સર્વતોભદ્ર, અતિભવ્ય, ભવ્ય વગેરે છે.

જે યંત્રના અંકોનો વિભિન્ન વિભિન્ન રીતે સરવાળો કરતાં બોતેર પ્રકારે પાંસઠનો સરવાળો આવે તે મહાસર્વતોભદ્ર યંત્ર કહેવાય છે. બોત્તેર પ્રકારે પાંસઠનો સરવાળો ન આવતાં જેમ જેમ ઓછા પ્રકારે પાંસઠનો સરવાળો આવે તેમ તેમ

તેને માટે સર્વતોભદ્ર, અતિભવ્ય, ભવ્ય વગેરે નામકરણ કરવામાં આવે છે.

લોગસ્સ સૂત્રની માફક તે સ્તોત્રો તથા અંગો શ્રી ચોવીસ તીર્થંકર *ભગવંતોના નામ સાથે સંબંધ ધરાવે છે. લોગસ્સ સૂત્રના આધારે જે યંત્રો* અસ્તિત્વમાં આવ્યા છે. તેમાં સહુથી વધારે મહત્ત્વનો 'શ્રી ઋષિમંડલ મહાયંત્ર' છે. તેનું આરાધન આજે પણ સારા પ્રમાણમાં થાય છે. લોગસ્સ સૂત્ર અંગે ઉદ્ભવેલા અન્ય યંત્રોમાં 'પાસઠિયા યંત્રો' વિશિષ્ટ સ્થાન ધરાવે છે.[૨૧]

આ યંત્ર ભૂર્જ પત્ર પર કેશર-ચંદન-ગોરચન આદિ ઉત્તમ દ્રવ્યો વડે અથવા તો અષ્ટગંધ વડે દાડમની કલમે કે સુવર્ણની કલમે શુભ મુર્હુતે લખીને તૈયાર કરાય છે. અથવા ત્રાંબાના પતરા પર અંકો કોતરીને કે ઉપસાવીને બનાવાય છે. અને તેની વિધિસર કોઈ યંત્ર વિશારદની દેખરેખ નીચે પ્રતિષ્ઠા કરી ઉપયોગમાં લેવાય છે. ત્યાર બાદ તે યંત્રની ઘરમાં પ્રતિદિન પુજા કરવામાં આવે અથવા યંત્રને આલેખી માંદળીયામાં મઢાવી પુરુષ પોતાની જમણી અને સ્ત્રીએ પોતાની ડાબી ભૂજા પર બાંધવું.[૨૨]

**યંત્રોનું ચતુર્વિંશતિસ્રવ પરિશિષ્ટ નં.૨ માં આવેલ છે**

**મહાસર્વતોભદ્ર (પાસઠિયો યંત્ર)**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨ | ૩ | ૯ | ૧૫ | ૧૬ |
| ૧૪ | ૨૦ | ૨૧ | ૨ | ૮ |
| ૧ | ૭ | ૧૩ | ૧૯ | ૨૫ |
| ૧૮ | ૨૪ | ૫ | ૬ | ૧૨ |
| ૧૦ | ૧૧ | ૧૭ | ૨૩ | ૪ |

આ યંત્રો મહા પ્રભાવિક છે. તેમજ પંચષષ્ઠિયંત્ર ગર્ભિત સ્તવો પણ શ્રેષ્ઠમંત્ર સમાન મહાપ્રભાવિક-મહાચમત્કારિક છે. ૧. ભૂત-પ્રેત, પિશાચ વગેરેના ઉપદ્રવો દૂર થાય છે.

૨. કોર્ટ કચેરીના ઝઘડા, વાદ-વિવાદ વગેરેમા જય થાય છે.

૩. સૌભાગ્ય અને સંપત્તિ પ્રાપ્ત થાય છે.

૪. પ્રયાણ, સ્થિરવાસ, યુદ્ધ, વાદવિવાદ, રામ આદિનું દર્શન, વશીકરણ, પુત્ર

પ્રાપ્તિ, ધનાભિલાષા, વિષમમાર્ગભય, અગ્નિનો ઉપદ્રવ, માનસિક ચિંતા વગેરે સર્વ *ઉપદ્રવો વખતે તે રક્ષા કરનાર બને છે.*

એટલું જ નહી પરંતુ આ યંત્ર સકલ ગુણોનું નિધાન છે. કારણ કે તેમાં ચોવીસ તીર્થંકર ભગવંતો પ્રતિષ્ઠિત થયેલા છે. આ યંત્રને હૃદયરૂપી કમલમાં જે બુદ્ધિમાન ધ્યેયરૂપે ધારણ કરે છે. તે મહામોક્ષલક્ષ્મી ને પણ પ્રાપ્ત કરે છે. શ્રી પંચષષ્ઠિયંત્રો આવા પ્રતાપશાળી છે.[૨૩]

યંત્ર બનાવવાની વિધિ યંત્રધ્યાન તથા લાંછન, વર્ણ, પરિશિષ્ટ- નં. ૨ માં આપેલ છે.[૨૪]

**૫.૫ વર્તમાન શ્રમણ તથા શ્રમણોપાસકની આવશ્યક આદિ ક્રિયામાં લોગસ્સ સૂત્રનું સ્મરણ ક્યારે ક્યારે થાય છે ?**

| | શ્રમણ ક્રિયા | શ્રમણોપાસક ક્રિયા |
|---|---|---|
| ૧. | - | સામાયિક |
| ૨. | પ્રતિક્રમણ | પ્રતિક્રમણ |
| ૩. | ચૈત્યવંદન- દેવનંદન | ચૈત્યવંદન-દેવવંદન |
| ૪. | કર્મક્ષયાદિનિમિત્તક કાર્યોત્સર્ગ | કર્મક્ષયાદિનિમિત્તક કાર્યોત્સર્ગ |
| ૫. | ઈર્યા પથિકી તથા પ્રતિલેખના આદિ[૧] | પૌષધ (દૈવસિક, રાત્રિક, અહોરાત્રિક) |
| ૬. | વિશિષ્ટ તપશ્ચર્યા[૨] | વિશિષ્ટ તપશ્ચર્યા |
| ૭. | યોગદ્રહન આદિ વિશિષ્ટ ક્રિયા | ઉપધાન તપ |
| ૮. | અભિભવ કાયોત્સર્ગ[૩] | અભિભવ કાયોત્સર્ગ |
| ૯. | પદસ્થોને દ્વાદશાવૃત્ત[૮] વંદન કરતાં | રાઈમુહપતિ પડિલેહતા (રાત્રિક મુખપોતિકા) |
| ૧૦. | પ્રાતઃકાલીન પૌરુષી | પ્રાતઃકાલીન પૌરુષી (પૌષધર્મા હોય તો |
| ૧૧. | સંથારા (સંસ્તારક) પૌરુષી | સંથારા (સંસ્તારક) પૌરુષી રાત્રિ પૌષધ હોય તો) |
| ૧૨. | સ્થંડિલ (પ્રતિલેખના) | સ્થંડિલ પડિલેહના (પ્રતિલેખના) (રાત્રિ પૌષધ હોય તો ) |

ઉપધાન તપ ની વિગત પરિશિષ્ટ નં.૨ માં આપેલ છે. આથી શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયના શ્રમણો અભિપ્રેત છે.

૧. સો ડગલાથી બહાર ગયા બાદ સ્થંડિલ (મલ) આદિ પરઠવવાની (પારિષ્ઠાપનિકા) ક્રિયા કર્યા બાદ તથા ભિક્ષાચર્યાએથી આવ્યા બાદ વગેરે પ્રસંગોએ કરવામાં આવે છે.

૨. પંચમી, એકાદશી, વીશ સ્થાનક આદિ તપની આરાધનામાં કરવામાં આવે છે તે.

૩. કાયોત્સર્ગના ચેષ્ટાકાયોત્સર્ગ અને અભિભવ કાયોત્સર્ગ એમ જે બે પ્રકારો છે તે પૈકી આ એક છે તિતિક્ષા શક્તિ કેળવવા માટે કરવામાં આવે છે.[૨૫]

**૫.૬ (૭)- ૩ આવશ્યક ક્રિયામાં લોગસ્સ સૂત્રના સ્મરણ તથા પ્રકટ ઉચ્ચારણનું નિયતપણું દર્શાવતું કોષ્ટક**

આવશ્યક ક્રિયા સામયિક લીધા પછી અને મંગલ નિમિત્તે દેવવંદન કર્યા પછી જ વસ્તુતઃ શરૂ થાય છે. એ ક્રિયા છ આવશ્યક પૂરા થતાં સમાપ્ત થાય છે. આ વસ્તુને અનુલક્ષીને તે પ્રતિક્રમણમાં લોગસ્સ સૂત્રનું સ્મરણ તથા પ્રકટ ઉચ્ચારણનું નિયતપણું નીચે દર્શાવવામાં આવે છે.

| ક્રમ | પ્રતિક્રમણના પ્રકાર | લો.સૂ.નું સ્મરણ કેટલી વાર ? | લો.સૂ.ના પાઠનું પ્રકટ પણે ઉચ્ચારણ કેટલીવાર ? | ઉચ્છ્વાસ કેટલા ? | સમગ્ર ક્રિયામાં એકંદર કેટલા લો.સૂ.નું સ્મરણ ? |
|---|---|---|---|---|---|
| ૧. | દૈવસિક (દિવસના અંતે) | ૩ | ૨ | ૧૦૦ | ૪ |
| ૨ | રાત્રિક (રાત્રિના અંતે) | ૨ | ૧ | ૫૦ | ૨ |
| ૩ | પાક્ષિક (પક્ષના અંતે) | ૪ | ૨ | ૪૭૦ | ૧૬ |
| ૪ | ચાતુર્માસિક (ચાર મહિનાના અંતે) | ૪ | ૨ | ૬૦૦ | ૨૪ |
| ૫ | સાંવત્સરિક (સંવત્સરના અંતે) | ૪ | ૨ | ૧૧૦૦ | ૪૪ |

ઉપર્યુક્ત કોષ્ટક માત્ર છ આવશ્યકતમાં આવતા કાયોત્સર્ગ સંબંધી છે.

**૫.૭ વર્તમાનમાં આવશ્યસૂત્રમાં ઉચ્ચારણ દર્શાવતું કોષ્ટક**

વર્તમાનમાં ચાલુ પ્રણાલિકા મુજબ થતી આવશ્યક ક્રિયામાં મંગલ-નિમિત્તે થતી પ્રથમ દેવવંદનની ક્રિયા તથા છ આવશ્યકની સમાપ્તિ બાદ દૈવસિક પ્રાયશ્ચિત વિશુદ્ધિ તથા દુઃખક્ષય કર્મક્ષયનિમિત્તક કાયોત્સર્ગ આદિનો પણ સમાવેશ કરવામાં આવે છે. તે વસ્તુને અનુલક્ષીને કાયોત્સર્ગની તથા પ્રકટ લોગસ્સના ઉચ્ચારણની સંખ્યા વિશેષ થાય છે જેનું કોષ્ટક આ પ્રમાણે છે.

| ક્રમ | પ્રતિક્રમણના પ્રકાર | લો.સૂ.નું સ્મરણ કેટલી વાર ? | લો.સૂ.ના પાઠનું પ્રકટ પણે ઉચ્ચારણ કેટલીવાર ? | ઉચ્છ્વાસ કેટલા ? | સમગ્ર ક્રિયામાં એકંદર કેટલા લો.સૂ.નું સ્મરણ ? |
|---|---|---|---|---|---|
| ૧. | દૈવસિક | ૫ | ૫ | ૩૧૨ | ૧૨ |
| ૨ | રાત્રિક | ૩ | ૨ | ૧૫૦ | ૬ |
| ૩ | પાક્ષિક | ૬ | ૬ | ૬૦૮ | ૨૪ |
| ૪ | ચાતુર્માસિક | ૬ | ૬ | ૮૦૮ | ૩૨ |
| ૫ | સાંવત્સરિક | ૬ | ૬ | ૧૩૦૮ | ૫૨ |

★ કામ-ભોગાદિ દુઃસ્વપ્ન આવેલ હોય તો ૧૫૮ ઉચ્છવાસ પ્રમાણ સમજવું. કારણ કે તેવી સ્થિતિમાં કાયોત્સર્ગ સાગરવરગંભીરા સુધી કરવાનો હોય છે.[૨૯]

**૫.૮ લોગસ્સ સૂત્ર થી થતાં સ્મૃતિ-મંત્ર-યંત્ર-જાપના પ્રત્યક્ષ ચમત્કારો**

શ્રી ધીરજલાલ ટોકરશી શાહ લોગસ્સ મહાસૂત્રના પ્રાક્કથનમાં કહે છે લોગસ્સ એ અમારા જીવનનો એક મોંઘેરો મણિ છે તેમના જ શબ્દોમાં ....

સને ૧૯૩૭-૩૮માં મુંબઈ આવ્યા, ત્યારે આર્થિક મુસીબતમાંથી પસાર થતા હતા. પણ લોગસ્સ અમારો સાથી હતો. તે અમને વિમલ મતિ અને સુદૃઢ ધૃતિનું સિંચન કર્યા કરતો. ત્રણચાર વર્ષે મુસીબતમાં ઓટ આવી અને જીવન પ્રવાહ સરળતાથી ચાલવા લાગ્યો એ વખતે અમને એવો વિચાર આવ્યો કે સાંવત્સરિક પ્રતિક્રમણ પ્રસંગે ૪૦ લોગસ્સનો કાઉસ્સગ કરવામાં આવે છે. એટલે ૪૦ લોગસ્સની ગણનામાં પાપનિવારણની તથા આધ્યાત્મિક વિકાસની અદ્ભૂત શક્તિ હોવી જોઈએ અને અમે મુંબઈમાં બીરાજતા પ.પૂ. પન્યાસ શ્રી

ભદ્રંકરવિજયજી મહારાજ પાસે એક વર્ષ સુધી દરરોજ ૪૦ લોગસ્સ ગણવાની પ્રતિજ્ઞા કરી. સાથે ખાનપાનના પણ કેટલા નિયમો ગ્રહણ કર્યા કે જે લોગસ્સની ગણનામાં ઉપયોગી થાય તેવા હતા. આ રીતે ૪૦ લોગસ્સ ગણતાં અમારા આંતરિક જીવનમાં પરિવર્તન થયું ખાસ કરીને શ્રદ્ધા અને શુદ્ધિનું પ્રમાણ વધ્યું. નિરાશાનો અંધકાર દૂર થયો અને તેનું સ્થાન આશાવાદના અરુણોદયે લીધું.[૨૭]

૨. બીજો પ્રસંગ શેઠ અમૃતલાલ કાલીદાસ સાથે દક્ષિણમાં રમણ મહર્ષિનો આશ્રમ (તીરુવલા) યાત્રા એ જવાનું થયું. પ્રથમ દિવસની ચર્યા પૂરી કરી રાત્રિના દસ વાગતા અમે બિસ્ત્રો બિછાવી નિદ્રાધીન થયા. લગભગ ૧૧ વાગ્યાના સુમારે શેઠે અમને નામથી બોલાવ્યા તેમણે કહ્યું બાજુમાં કંઈક ધમાલ થાય છે એમાં આપણે શું અને ફરી સુવાની તૈયારી કરી ત્યારે તેમણે કહ્યું કે આ રીતે ચાલશે તો મને ઉંઘ નહી આવે ? તો તેમાં હું શું કરી શકું ? તેમ મેં કહ્યું.

શેઠે કહ્યું ત્યાં એક છોકરીને વળગાડ છે તે ઉતારવા માટે આ બધી જ ધમાલ થઈ રહી છે તમે મન પર લો તો એનું ઠેકાણું જરુર પડી જાય.

બધી પરિસ્થિતિનો ખ્યાલ આવી જતા અમે મુખ્ય દરવાજે બારણું ખખડાવ્યું અને બહેને બારણું ઉઘાડ્યું તેઓ વિવેકી હતા એટલે તરત જ બોલ્યા, તમને કંઈ ગડબડ ન થાય તે માટે બારણા બંધ રાખ્યા હતા. તકલીફ માટે ક્ષમા ચાહુ છું. અમે કહ્યું અમને કંઈ તકલીફ નથી પણ પાડોશી ધર્મ સમજી અહી આવ્યો છું બોલો શી હકીકત છે ?

પોતાની દીકરીના વળગાડની વાત કરી અમે કહ્યું ચિંતા ન કરો બધા સારાવાના થશે.

અમે સ્વસ્થ ચીત્તે કહ્યું, "એક પાણીનો લોટો તથા ખાલી પ્યાલુ લઈ આવો. એ સૂચનાનો તરત અમલ થયો. અમે લોટામાંથી થોડું પાણી પ્યાલામાં રેડ્યું. પછી તે પ્યાલા પર જમણો હાથ રાખી સ્વસ્થ ચિત્તે લોગસ્સનો પાઠ બોલવા લાગ્યા, આ રીતે ત્રણ વાર પાઠ બોલ્યો પછી તેમાંનું પાણી જમણા હાથની અંજલીમાં લીધુ અને તેનો ત્રણવાર પેલી છોકરી પર છંટકાવ કર્યો કે તરત જ શાંત થઈ ગઈ થોડીવારે ઉંઘમાં પડી.

અમારે માટે તો પરિણામ અકલ્પ હતું. એટલે વિશેષ આનંદ થયો.

ત્રીજો પ્રસંગ મુંબઈના એક ઝવેરી કુટુંબમાં એક બહેનની આવી જ સ્થિતિ જોતા અમે લોગસ્સનો આ પ્રયોગ કર્યો તેમાં પણ સફળતા મળી.[૨૮]

૩. શ્રી હરિવિજય સૂરીશ્વરજી મહારાજ કે જેમણે સમ્રાટ અકબરને પ્રતિબોધ કરી જીવહિંસાને લગતા અનેકવિધ કાર્યો બંધ કરાવ્યા હતા. અને જૈન તીર્થો માટે ખાસ ફરમાન મેળવ્યા હતા. તેઓ ખાસ લોગસ્સ સૂત્રના આરાધક હતા. શ્રી હરીવિજયસૂરીશ્વરજીના કથન અનુસાર તેઓ રોજ એની પૂરીમાળા એટલે કે ૧૦૮ લોગસ્સ ગણતા હતા. સંભવ છે તેમની આ આરાધાનાએ જ તેમને જિનશાસનના મહાન પ્રભાવક બનાવ્યા હોય.[૨૯]

૪. લોગસ્સ સૂત્રની છેલ્લી ગાથા ચમત્કારીક છે. એકવાર એક ધર્મપ્રેમી સજ્જનનો સમાગમ થયો તેમણે વાત વાતમાં જણાવ્યું કે છેલ્લી ગાથા ચમત્કારીક છે મને તેનો અનુભવ થયો છે. તેમણે જણાવ્યું કે એકવાર ધંધામાં મને એકાએક દોઢ બે લાખ રૂપિયાનું નુકશાન થયું. જે મારા માટે ઘણું ભારે હતું. હું ફીકરમાં પડ્યો અને ઉદાસીન બની ગયો. મારી આ હાલત જોઈને એક મુનિવરાજે મને પોતાની પાસે બોલાવ્યો, અને પૂછ્યું કે શી બાબત છે ? મેં જેવી હતી તેવી હકીકત સંભળાવી. તેમણે કહ્યું ફીકર ન કરો બધા સારા વાના થઈ જશે. અને તેમણે મને રોજ લોગસ્સ સૂત્રની છેલ્લી ગાથાની પૂરી માળા ગણવાનું કહ્યું એટલે ૧૦૮ વાર ગણના કરવાનું જણાવ્યું. અને બે વસ્તુઓનો ત્યાગ કરાવ્યો એક દૂધપાકનો અને બીજો કેરીનો એ મારા કાર્યપર્યત આ બે વસ્તુનો ત્યાગ કરવાનો હતો. રોજ છેલ્લી ગાથાની માળા ફેરવવા માટે હું ખૂબ જ શ્રદ્ધાથી ગણતો હતો. અને તે વખતે કોઈ આડા અવળા વિચારો આવવા દેતો ન હતો. અને ૪૫ દિવસમાં તો મે ગુમાવેલા બધા પૈસા પાછા આવી ગયા ત્યારથી એ માળા ગણવાનું આજ સુધી ચાલુ છે પરિણામે હું સુખી છું.[૩૦]

૫. ત્યાર પછી આશરે બે વર્ષે એક નાણાંકીય કૌભાડમાં અમે ફસાઈ ગયા. કૌભાંડ કરનારે અમારા વિશ્વાસનો દુરુઉપયોગ કરી રૂ.૬૪૦૦૦ની ખોટી રસીદો અમને ભેરવી દીધી અને એ રકમ મોજશોખમાં ઉડાવી દીધી. બીજા કેટલાક સાથે પણે તેણે આ જાતનો વ્યવહાર કર્યો હતો.

અમને જ્યારે ખરી વસ્તુની જાણ થઈ ત્યારે કોઈપણ જાતની ધમાલ કર્યા

વિના ચૂપચાપ આસન પર બેસી ગયા અને લોગસ્સ સૂત્રની છેલ્લી ગાથાની માળા ફેરવવાનું ચાલુ કર્યું. ભોજન અને આરામનો થોડોક સમય બાદ કરતાં એ માળા ફેરવ્યા જ કરી બીજા દિવસે નિત્યપૂજન પછી એ કાર્યક્રમ ચાલુ જ રહ્યો. એવામાં એક સંબંધી મળવા આવ્યા તેમણે કહ્યું તમારી લાગવગ તો ઘણી છે એને કામે લગાડો. આમ બેસી રહેવાથી દહાડો નહિ વળે અમે કહ્યું કામ ચાલુ છે પૈસા મળી જશે. પરંતુ તેમને સંતોષ ન થયો તેમણે પૂછ્યું તમે કોને માર્યો ! શું પરિણામ આવ્યું ? અમે કહ્યું દાદાના દરબારમાં ફરિયાદ નોંધાઈ ગઈ છે અને તેનું થોડા વખતમાં પરિણામ આવી જશે. આમાં બીજા કોઈની લાગવગ ચાલે તેવું નથી. અમારા આ જવાબથી તેઓ ખિન્ન થઈ ગયા અને બોલી ઉઠયા કે ત્યારે તો પૈસા એ ઘરે બેઠાં મળી જશે. અમે કહ્યું : બનવું તો એમ જ જોઈએ.' તેઓ ગયા. અમારી માળા ચાલુ હતી. તે જ દિવસે રાત્રિના એક વાગ્યે કૌભાંડકારના એક આત્મીયજન અમને રૂ.૪૮,૦૦૦ રોકડા આપી ગયા અને બાકીના પૈસા થોડા સમયમાં ભરપાઈ કરી દઈશું એમ બોલી રૂ.૧૬૦૦૦ના અવેજની નવી પ્રોમીસરી નોટો આપી ચાલ્યા ગયા. તાત્પર્ય કે અમે એમાંથી આબાદ ઉગરી ગયા.[૩૧]

૬. ત્યાર પછી એક પ્રસંગે જે પૈસા પાછા આવવાની ધારણા ન હતી. તે પૈસા આ માળા ગણવામાં પરિણામે પાછા આવી ગયા હતા.[૩૨]

૭. ધીરજલાલ ટોકરશી શાહના જ શબ્દોમાં ... એક શ્રીમંત બહેને બ્લડપ્રેશરની બિમારી હતી એવામાં અમારો મેળાપ થયો. અને તેમની હકીકત જાણી. અને તેમને દરરોજ એક કલાકથી દોડ કલાક શાંતચિત્તે જિન ભગવંતની સ્તુતિ લોગસ્સસૂત્રની ભક્તિ કરવાનું જણાવ્યું. તે માટે અમે કેટલીક વિધિ પણ બતાવી તેમાં તેમને રસ પડ્યો. અને તેમણે જિનભક્તિમાં બેસવાનું ચાલુ કર્યું. માત્ર એક મહિનમાં જ તેમનું બ્લડપ્રેસર નોર્મલ થઈ ગયું. તેઓના કુટુંબીજનોને ખૂબ જ આનંદ થયો.[૩૩]

વિધિ પૂર્વક જિનભક્તિ કરવાથી આરોગ્યની પ્રાપ્તિ થાય છે તેવો એક વધુ પુરાવો મળ્યો.

## ૫.૯ ઉપસંહાર

"प्र.चउव्वसत्थएणं भंते । जीवे कि जणयई ?

उ. चउव्वसत्थएणं दंसणविसोहि जणयइ ॥"

પ્રભુ ! ચતુર્વિંશતિ સ્તવનું જીવનમાં શું સ્થાન છે ? જીવનમાં સ્તવન-સ્તુતિનો પ્રકાશ થાય, ત્યારે આત્મા કયાં આધ્યાત્મિક ગુણને પ્રાપ્ત કરે ?

હે ગૌતમ ! પ્રાર્થનાનો સ્તુતિનો પ્રકાશ આત્માના દર્શન જ્ઞાનને વિશુદ્ધ બનાવે છે. મિથ્યાત્વનો અંધકાર દર્શન ગુણની પ્રતિમાને નષ્ટ કરી દે છે. પરંતુ વિતરાગની સ્તુતિ મિથ્યાત્વથી દૂર થઈ સાધકને સમ્યક્ત્વ તરફ લઈ જાય છે.[૩૪]

હે ભગવાન ! સ્તવ અને સ્તુતિરૂપ ભાવમંગલથી (લોગસ્સ સૂત્રની સ્તવ, સ્તુતિ, મંત્ર, જાપ, ધ્યાન કરવાથી) જીવને કયાં લાભ પ્રાપ્ત થાય ? એવા પ્રશ્નના ઉત્તરમાં તીર્થંકર ભગવંત જણાવે છે કે હે ગૌતમ ! ભાવમંગલથી જીવાત્મા જ્ઞાનબોધિ, દર્શનબોધિ અને ચારિત્રબોધીના લાભને પ્રાપ્ત થાય છે. આ લાભ થતાં તે જીવ કલ્પવિમાનમાં થવા પૂર્વક મોક્ષમાં જાય છે.[૩૫]

તીર્થંકર પ્રતિ અનુરાગ ઉત્પન્ન થાય છે તેમાં દર્શાનાચાર પ્રતિ આસ્તા સુદૃઢ બને છે.[૩૬]

- પૂર્વસંચિત કર્મ ક્ષીણ થાય છે વિદ્યા તથા મંત્ર સિદ્ધ થાય છે.
- રાગ-દ્વેષ વિજેતા વીતરાગ તીર્થંકરોનું ધ્યાન જાપ કરવાથી આરોગ્ય બોધી અને સમાધિમૃત્યુની પ્રાપ્તિ થાય છે.[૩૭]
- *તીર્થંકરના કેવળજ્ઞાનરૂપી પ્રકાશથી અજ્ઞાનથી અંધ જીવોને જ્ઞાનરૂપી પ્રકાશની પ્રાપ્તિ* થાય છે.
- માર્ગ ભૂલેલા અને ખોટા માર્ગે જનાર જીવોને જ્ઞાન, દર્શન, ચરિત્ર રૂપ માર્ગ પર આગળ વધવાની પ્રેરણા આપે છે
- સાધક ગુણ કીર્તન દ્વારા પોતાનામાં રહેલા તે ગુણોને જાગૃત કરવા માટે પ્રયત્નશીલ બને છે અને જિનત્વની પ્રાપ્તિ કરે છે. તેમના ઉચ્ચ આદર્શોનું જીવંત ચિત્ર મનમાં સ્પષ્ટ રીતે અંકિત થઈ જાય છે. અને તે આદર્શને સિદ્ધ કરવાની પ્રેરણા પણ મળે છે.

લોગસ્સ સૂત્રમાં અવસર્પિણીકાળમાં ત્રીજા અને ચોથા આરામાં થયેલા

ચોવીસ તીર્થંકરોના નામનું સાક્ષાત્ ઉત્કીર્તન કરવામાં આવ્યું છે. મહાપુરુષો ફરમાવે છે. કે તીર્થંકરોના નામનું કીર્તન કરવાથી કરોડ વર્ષના તપનું ફળ મળે છે. કષ્ટો અને વિઘ્નો ટળે છે. મંગલ અને કલ્યાણની પરંપરા આવી મળે છે. દુર્જનોનું ચિંતવેલું નિષ્ફળ જાય છે. દુર્ગતિનાં દ્વારોનું રોકાણ અને સદ્ગતિના દ્વારોનું ઉદ્ઘાટન થાય છે. મહિમા મોટાઈ વધે છે સર્વ કામનાઓ સિદ્ધ થાય છે. આત્મોદ્ધારનું કાર્ય સુલભ બને છે એ કારણે તીર્થંકરોનું નામ સ્મરણ, ધ્યાન, મંત્ર, યંત્ર જાપ વિ.પરમ નિધાન છે. અમૃતનો કુંભ છે. ગુણરસિક ભવ્ય જીવાત્માનાં મનને તીર્થંકરનું નામ આનંદ આપવારું છે. તીર્થંકરનું નામ લેનારને નવ નિધાન ઘરમાં, કલ્પવેલડી આંગણે, આઠ મહાસિદ્ધિ ઘટમાં પ્રગટે છે. તીર્થંકરના નામનું ગ્રહણ કરવાથી કોઈપણ જાતના કાયાકષ્ટ વિના જ ભવસમુદ્રથી પાર પમાય છે. તીર્થંકરોના નામકીર્તનરૂપી લોકોત્તર અમૃતપાનથી મિથ્યાત્વરૂપી વિષ તત્કાળ નાશ પામે છે. અજરામર પદની પ્રાપ્તિ સુલભ બની જાય છે.[૩૮]

આમ લોગસ્સ મહાસૂત્ર એ જૈનધર્મનો ભક્તિવાદ, ભક્તિયોગ માત્ર નહીં, જ્ઞાનયોગ- ધ્યાનયોગ- પૂર્ણયોગ- સમગ્રયોગ પણ છે. જે સિદ્ધત્વને પ્રાપ્ત કરવાની માટેની સરળપૂર્ણ સાધના લોગસ્સ સૂત્ર છે.

# પ્રકરણ-૫

## પાદટીપ

૧. ધીરજલાલ ટોકરશી શાહ, શ્રી પ્રતિક્રમણસૂત્ર પ્રબોધ ટીકા ભાગ-૧ પૃ.૧૬૬, ૧૬૭
૨. શ્રી ધીરજલાલ ટોકરશી શાહ, લોગસ્સ સૂત્ર અને જૈનધર્મનો ભક્તિવાદ, ૪૧,૪૨
૩. ધીરજલાલ ટોકરશી શાહ, શ્રી પ્રતિક્રમણસૂત્ર પ્રબોધ ટીકા ભાગ-૧ પૃ.૧૭૧
૪. એજન, પૃ.૧૭૨, ૧૭૩
૫. એજન, પૃ.૧૭૪
૬. એજન, પૃ.૧૭૫
૭. એજન, પૃ.૧૭૬,૧૭૭
૮. એજન, પૃ.૧૭૭
૯. એજન, પૃ.૧૭૮-૧૭૯
૧૦. સુનંદાબેન વોરા, જૈન સૈદ્ધાંતિકશબ્દ પરિચય પૃ.૩૮૪
૧૧. ચંદ્રકાન્ત દોશી, સર્ટીફિકેટ કોર્સ ઈન જૈનોલોજી, પૃ.૭૫
૧૨. એજન, પૃ.૯૦
૧૩. વિજય ભુવનભાનુસૂરિ મહારાજ, ધ્યાન અને જીવન, પૃ.૨૩
૧૪. એજન, પૃ.૨૯
૧૫. એજન, પૃ.૩૦
૧૬. એજન, પૃ.૩૦,૩૧
૧૭. શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી, લોગસ્સસૂત્ર સ્વાધ્યાય, પૃ.૬૪,૬૫
૧૮. શ્રી ધીરજલાલ ટોકરશી શાહ, લોગસ્સ સૂત્ર અને જૈનધર્મનો ભક્તિવાદ પૃ.૩૪૯
૧૯. એજન, પૃ.૩૪૯
૨૦. એજન પૃ.૩૫૭
૨૧. એજન, પૃ.૩૫૮
૨૨. એજન, પૃ.૩૬૪
૨૩. શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી, લોગસ્સસૂત્ર સ્વાધ્યાય, પૃ.૮૬
૨૪. પ.પૂ.શ્રી કલ્પનાકુમારી મહાસતી, નમોજિણાણં, પૃ.૨૫
૨૫. શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી, લોગસ્સસૂત્ર સ્વાધ્યાય, પૃ.૬૪,૬૫

૨૬. એજન, પૃ.૬૪,૬૫

૨૭. ધીરજલાલ ટોકરશી શાહ, લોગસ્સ સૂત્રયાને જૈનધર્મનો ભક્તિવાદ પૃ.

૨૮. એજન, પૃ. ૬

૨૯. એજન, પૃ. ૫, ૬, ૭, ૮

૩૦. એજન, પૃ. ૩૫૬

૩૧. એજન, પૃ. ૩૬૦, ૩૬૧

૩૨. એજન, પૃ. ૩૬૧

૩૩. એજન, પૃ.૩૨૩

૩૪. ઉત્તરાધ્યયન, ૨૯/૧૦ પૃ.૪૯૪

૩૫. શ્રી સુધર્મસ્વામી ટીકા શ્રી શાત્યાચાર્ય, ઉત્તર જઝયણ સૂત્ર અ.૨૯ પ.૫૭૪

૩૬. **श्री शान्ताचार्य, उत्तराध्ययन सूत्र बृहद वृत्ति, १९८७**

**श्री भिक्षु आगम विषय कोश, पृ.७९३**

૩૭. શ્રી હરિભદ્રસૂરિ, આવસ્સયનિજ્જુતિ ગાથા.૧૨૦૨

**श्री भूभिक्षु आगम विषय कोश, पृ.९७२**

૩૮. શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી, લોગસ્સ સૂત્ર, એક સ્વાધ્યાય, પૃ.૪૧

# પરિશિષ્ટ

# પરિશિષ્ટ -૧

## *ચિત્ર વિભાગ*

(૧) કાળચક્ર

(૨) સમવસરણ

(૩-૪) અષ્ટ મહાપ્રાતિહાર્ય સહ બિરાજમાન અને વિહરમાન તીર્થંકર પરમાત્મા

(૫) તીર્થંકરના પંચકલ્યાણક

(૬) લોગસ્સ સૂત્રની ગાથાના શબ્દ સહ ચોવીસ તીર્થંકર

(૭) ચૌદ રાજલોકનું સ્વરૂપ

(૮) બીજી ગાથાના તીર્થંકર પરમાત્મા

(૯) ત્રીજી ગાથાના તીર્થંકર પરમાત્મા

(૧૦) ચોથી ગાથાના તીર્થંકર પરમાત્મા

(૧૧) લોગસ્સ સૂત્રનું કરાંજલિ દ્વારા ધ્યાન

(૧૨) ફલાફલવિષયક પ્રશ્નપત્ર

ચિત્ર નં.૧



૧૨ આરાનું કાળચક્ર
૧૦ ક્રોડા ક્રોડી સાગરોપમ અવ સર્પિણી કાળ
૧લો આરો
સુષમ સુષમ
૪ ક્રોડા ક્રોડી સાગરોપમ
૨જો આરો
સુષમ
૩ ક્રોડા ક્રોડી સાગરોપમ
૩જો આરો
સુષમ દુઃષમ
૨ ક્રોડા ક્રોડી સાગરોપમ
૪થો આરો
૫મો આરો
દુઃષમ
૨૧૦૦૦ વર્ષ
૬ઠ્ઠો આરો
દુઃષમ દુઃષમ
૨૧૦૦૦ વર્ષ
૧લો આરો
દુઃષમ દુઃષમ
૨૧૦૦૦ વર્ષ
૨જો આરો
દુઃષમ
૨૧૦૦૦ વર્ષ
૫મો આરો
સુષમ
૩ ક્રોડા ક્રોડી સાગરોપમ
૬ઠ્ઠો આરો
સુષમ સુષમ
૪ ક્રોડા ક્રોડી સાગરોપમ
દશ ક્રોડા ક્રોડી પલ્યોપમેં
એક સાગરોપમ
૪ ગાઉ
અવસર્પિણી કાળ
શરીર,આયુ,બુદ્ધિ
રસકસ આદિની
ક્રમશઃ હાનિ


કાળચક્ર

ચિત્ર નં.૨



તીર્થંકરનું સમવસરણ

ચિત્ર નં. ૩



અષ્ટ મહાપ્રાતિહાર્ય સહ બિરાજમાન તીર્થંકર

ચિત્ર નં.૪



અષ્ટ મહાપ્રાતિહાર્ય સહ વિહરમાન તીર્થંકર

चित्र नं.५




તીર્થંકરના પંચ કલ્યાણક

ચિત્ર નં.૬




લોગસ્સ સૂત્રની ગાથાના શબ્દ સહ ચોવીસ તીર્થંકર

चित्र नं.७




ચૌદ રાજલોકનું સ્વરૂપ

ચિત્ર નં.૮




બીજી ગાથાના તીર્થંકર પરમાત્મા

ચિત્ર નં.૯




ત્રીજી ગાથાના તીર્થંકર પરમાત્મા

## ચિત્ર નં.૧૦




ચોથી ગાથાના તીર્થંકર પરમાત્મા

ચિત્ર નં.૧૧




લોગસ્સ સૂત્રનું કરાંજલિ દ્વારા ધ્યાન

ચિત્ર નં.૧૨




ફલાફલ વિષયક પ્રશ્નપત્ર

## પરિશિષ્ટ -૨

## વર્ણન વિભાગ

(૧) ચોવીસ તીર્થંકરના લાંછન તથા તેમના વર્ણનું કોષ્ટક

(૨) દિગમ્બરાદિ સંપ્રદાયાનુસાર લોગસ્સ સૂત્રનો પાઠ

(૩) સ્થાનકવાસી મુનિ ધર્મસિંહકૃત લોગસ્સ સૂત્રનો પાઠ

(૪) લોગસ્સ સૂત્રની ગુજરાતી છાયા

(૫) લોગસ્સ સૂત્રનો અંગ્રેજી પાઠ

(૬) લોગસ્સ સૂત્રની ગાથાના શબ્દ સાથેનું ચિત્ર જોવાની સમજ

(૭) લોગસ્સ સૂત્રનું ધ્યાન કરાંજલિ દ્વારા કરવાની રીત.

(૮) લોગસ્સ કલ્પ

(૯) યંત્ર બનાવવાનું સ્ત્રોત

(૧૦) યંત્ર બનાવવાની રીત અને પૂજનવિધિ

(૧૧) ઉપધ્યાન કરવાની રીત

(૧૨) ફલાફલવિષયક પ્રશ્નપત્રની સમજણ

## (૧) ચોવીસ તીર્થંકરના લાંછન તથા વર્ણનું કોષ્ટક

| ક્રમ | તીર્થંકરનું નામ | લાંછન | વર્ણ |
|---|---|---|---|
| ૧ | શ્રી ઋષભદેવ | વૃષભ | સુવર્ણ |
| ૨ | શ્રી અજિતનાથ | હસ્તી | સુવર્ણ |
| ૩ | શ્રી સંભવનાથ | અશ્વ | સુવર્ણ |
| ૪ | શ્રી અભિન્દનનાથ | કપિ,વાનર | સુવર્ણ |
| ૫ | શ્રી સુમતિનાથ | ક્રૌંચપક્ષી | સુવર્ણ |
| ૬ | શ્રી પદ્મપ્રભસ્વામી | પદ્મકમળ | રક્ત |
| ૭ | શ્રી સુપાર્શ્વનાથ | સ્વસ્તિક | સુવર્ણ |
| ૮ | શ્રી ચંદ્રપ્રભસ્વામી | ચંદ્ર | શ્વેત |
| ૯ | શ્રી સુવિધિનાથ | મગર | શ્વેત |
| ૧૦ | શ્રી શીતલનાથ | શ્રીવસ્ત | સુવર્ણ |
| ૧૧ | શ્રી શ્રેયાંસનાથ | ગેંડો | સુવર્ણ |
| ૧૨ | શ્રીવાસુપૂજ્યસ્વામી | પાડો | સુવર્ણ |
| ૧૩ | શ્રી વિમલનાથ | વરાહ (સુવર) | રક્ત |
| ૧૪ | શ્રી અનંતનાથ | સિંચાણો (બાજ) | સુવર્ણ |
| ૧૫ | શ્રી ધર્મનાથ | વજ્ર | સુવર્ણ |
| ૧૬ | શ્રી શાંતિનાથ | મૃગ(હરણ) | સુવર્ણ |
| ૧૭ | શ્રી કુંથુંનાથ | બકરો (બોકડો) | સુવર્ણ |
| ૧૮ | શ્રી અરનાથ | નંદ્યાવર્ત | સુવર્ણ |
| ૧૯ | શ્રી મલ્લિનાથ | કુંભ | સુવર્ણ |
| ૨૦ | શ્રી મુનિસુવ્રત | કાચબો | શ્યામ |
| ૨૧ | શ્રી નમિનાથ | નીલકમલ | સુવર્ણ |
| ૨૨ | શ્રી નેમિનાથ | શંખ | શ્યામ |
| ૨૩ | શ્રી પાર્શ્વનાથ | સર્પ | નીલ |
| ૨૪ | શ્રી મહાવીર સ્વામી | સિંહ | સુવર્ણ[૧] |

## (૨) દિગંબરાદિ સંપ્રદાયાનુસાર લોગસ્સસૂત્રનો પાઠ

ॐ नमः परमात्मने, नमोऽनेकान्ताय शान्ताय ।

जिणवरे तित्थयरे, केवली अणंत जिणो

णरपवरलोयमहिए विहुयरयमले महप्पण्णे ॥१॥

लोयस्सुज्जोययरे, धम्मं तीर्त्थंकरे जिणे वंदे ।

अरहंते कित्तिस्से, चउवीसं चेव केवलिणो ॥२॥

उसहमजियं च वंदे, संभवमभिणंदणं च सुमई च ।

पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ॥३॥

सुविहिं च पुप्फयंतं, सीयल सेयंस वासुपूज्जं च ।

विमलमणंतं भयवं, धम्मं संति च वंदामि ॥४॥

कुंथुं च जिणवरिंदं, अरं च मल्लिं च सुव्वयं च णमिं ।

वंदामि अरिट्ठणेमिं, तह पासं वड्ढमाणं च ॥५॥

एवमए अभित्थुया, विहुयरयमला पहीणजरमरणा ।

चउवीसं पि जिणवरा, तित्थयरा मे पसीयंतु ॥६॥

कित्तिय-वंदिय-महिया, एदे लोगोत्तमा जिणा सिद्धा ।

आरोग्गणाणलाहं, दिंतु समाहिं च मे बोहिं ॥७॥

चंदेहि णिम्मलयरा, आईच्चोहिं अहिय पहाता ।

सायरमिव गंभीरा, सिद्धा सिद्धि मम दिसंतु ॥८॥[२]

### (૩) સ્થાનકવાસી મુનિ ધર્મસિંહકૃત લોગસ્સ સૂત્રનો પાઠ

શ્રીનેમિશ્વર સંભવ શામ, સુવિધિ ધૃમ શાન્તિ અભિરામ,
અનન્ત સુવ્રત નમિનાથ સુજાણ, શ્રીજિનવર મુજ કરો કલ્યાણ ॥૧॥
અજિતનાથ ચંદ્રપ્રભ ધીર, આદીશ્વર સુપાર્શ્વ ગંભીર;
વિમલનાથ વિમલ જગજાણ, શ્રી જિનવર મુજ કરો કલ્યાણ ॥૨॥
મલ્લિનાથ જિન મંગળરૂપ, પચવીસ ધનુષ્ય સુંદર સ્વરૂપ;
શ્રી અરનાથ નમું વર્ધમાન, શ્રીજિનવર મુજ કરો કલ્યાણ, ॥૩॥
સુમતિ પદ્મપભ અવતંસપ વાસુપૂજ્ય શીતળ શ્રેયાંસ,
કુંથું પાર્શ્વ અભિનંદન ભાણ, શ્રીજિનવર મુજ કરો કલ્યાણ ॥૪॥
એણી પેરે જિનવરજી સંભારીયે, દુઃખ દારિદ્રય વિઘ્ન નિવારીએ.
પચીસે પાંસઠ પરમાણ, શ્રી જિનવર મુજ કરો કલ્યાણ ॥૫॥
અમે ભણતાં દુઃખ નાવે કદા, નિજ પાસે જો રાખો સદા;
ધરીએ પંચતણું, મન ધ્યાન, શ્રી જિનવર મુજ કરો કલ્યાણ ॥૬॥
શ્રી જિનવર નામે વંછિત મળે, મનવંછિત સહુ આશા ફળે;
શ્રી ધર્મસિંહ મુનિ નામ નિધાન, શ્રી જિનવર મુજ કરો કલ્યાણ ॥૭॥[૩]

## (૪) લોગસ્સ સૂત્રની ગુજરાતી છાયા

લોકઉદ્દ્યોત કરનારાઓને, ધર્મતીર્થંકરોને, જિનોને;
અરિહંતોને સ્તવીશ, ચોવીશને, તથા બીજા પણ કેવલીઓને. ૧
ઋષભ અજિતને અને વંદુ છું, સંભવ અભિનંદન તથા સુમતિને વળી;
પદ્મ પ્રભુ, સુપાર્શ્વ જિનને તથા ચંદ્રપ્રભને વંદુ છું. ૨
સુવિધિને તથા પુષ્પદંતને, શીતલ શ્રેયાંસ વાસુપૂજ્યને;
વિમલ અનંત તથા જિનને, ધર્મને તથા શાંતિને વંદુ છું. ૩
કુંથુને અરને તથા મલ્લિને વંદુ છું, મુનિસુવ્રતને તથા નમિજિનને;
વંદુ છું અરિષ્ટનમિને, પાર્શ્વને તથા વર્ધમાનને વળી.૪
એવી રીતે અભિસ્તવેલા, વિધુત-રજો-મલ, પ્રક્ષીણ જરા-મરણ;
ચોવીસે પણ જિનવરો, તીર્થંકર મુજ પર પ્રસન્ન થાઓ.૫
સ્તવ્યા, વંદ્યા, પૂજ્યા, જે (છે) લોકોત્તમ, સિદ્ધો;
આરોગ્ય બોધિલાભને, સમાધિવર ઉત્તમ આપો.૬
ચંદ્રોથી વધારે નિર્મળ, આદિત્યોથી વધારે પ્રકાશકર;
સાગરથી વધારે ગંભીર, સિદ્ધો સિદ્ધિ મને આપો.૭[૪]

## (૫) લોગસ્સ સૂત્રનો અંગ્રેજી પાઠ

logassa ujjoa-gare, dhamma titha yare jine,

arihante kittaissam, cauvisam pi kevali.........1

Usabha- majiam ca vande,

Sambhava- mabhinadanam ca sumaim ca.

Pauma-ppham supasam, jinam ca canda-ppaham vande

Suviim ca puppha-dantam, dhammam satim co vandami....3

Kunthum aram ca mallim

Vande muni- suvvayam nami-jinam ca......4

evam mae abhithya, tittha me pasiyantu

cau-visam pi jinavara-raya-mala pahina-jara marana.........5

Kittiy- vandiya-mahia, je e logassa uttama siddha

arugga-bohi-labham, samahi-vara-muttamam dintu....6

candesu nimala-yara, aiccesu ahiyam payasa- yara

sagara- vara-gambhira,siddha siddhim mamu disantu....7[5]

### (૬) લોગસ્સ સૂત્રની ગાથાના શબ્દ સાથેનું ચિત્ર જોવાની સમજ

ચિત્રમાં વચ્ચે ગાથાની લીટીવાર કુલ ૨૪ તીર્થંકર મૂક્યા છે.

પહેલી ગાથામાં ક્રમશઃ લોગસ્સ ઉજ્જોઅગરે' આદિ પદથી જ્ઞાનાતિશય, વચનાતિશય, અપાયાગમ (રાગાદિ-નાશ) અતિશય, પૂજાતિશય સૂચવ્યા, તે ચિત્રમાં વચ્ચે મથાળે દર્શાવ્યા પ્રમાણેના પ્રતિક સામે લાવી યાદ કરવાના. બધા તીર્થંકર એ પ્રમાણે સૂર્ય જેવા પંચાસ્તિકાય પ્રકાશક, સમવસરણ પર તીર્થ સ્થાપક, મિત્ર-શત્રુ પર રાગાદિવિજેતા, અને અષ્ટપ્રાતિહાર્યની શોભાને અર્હ યોગ્ય જોવાના 'ચઉપીસ' પિ=ચોવીસ પણ એમાં 'પણ' શબ્દથી સર્વ દેશ-કાળના બીજા અનંત તીર્થંકર સૂચવ્યા, તે ૨૪ ની આસપાસ ને પાછળ જોવાના.

બીજી-ત્રીજી ચોથી ગાથા બોલતાં એની દરેક લીટીવાર ચિત્ર પ્રમાણે એટલા જ તીર્થંકર દેખાવાના. દા.ત. ઉસભ-મજિઅં તો પહેલી લીટીમાં 'ઋષભદેવ- અજિતનાથ' એ બે તીર્થંકર સમલેવલ પર દેખાય, એમની નીચે ચોથા-પાંચમા, એમ છેલ્લે ત્રેવીસમાં-ચોવીસમા દેખાય. આ દરેક ભગવાન વળી પ્રાતિહાર્ય સહિત અને એ દરેકના ચરણકમળે માથુ નમેલું દેખાય.

| | | |
|---|---|---|
| ૨ | ૧ | ૩ |
| ૩ | ૩ | ૨ |
| ૨ | ૨ | ૧ |
| ૧ | ૨ | ૨ |

પાંચમી ગાથામાં 'ચઉવીસં પિ' થી અને બીજા અનંત જિનવર જોવાના, એ પણ હાથ જોડી નિર્મળ અને અક્ષય સ્વરૂપ જોઈ એમના પ્રસાદ-પ્રભાવની માંગણી કરવાની અર્થાત્ પ્રભાવ ઝીલીએ એવી અભિલાષા કરવાની-પ્રસદ્-પ્રસન્નતા-કૃપા-કરૂણા આ બધુ તીર્થંકર એમના અચિંત્ય પ્રભાવસ્વરૂપ છે.

છઠ્ઠી ગાથામાં જોવાનું કે બધા તીર્થંકરનું ત્રણે લોકમાં કીર્તન-વંદન-(મૂર્તિ દ્વારા) પૂજન થયેલું છે. અને એ મંત્રસિદ્ધ વિદ્યાસિદ્ધ આદિમાં શ્રેષ્ઠ શુદ્ધ-બુદ્ધ- મુક્તસિદ્ધ છે એ જોવાનું. ભાવ આરોગ્ય- મોક્ષ માટે બોધિલાભ (વીતરાગ સુધીનો જૈન ધર્મ) અને ઉત્તમ ભાવ સમાધિ આપો એમ પ્રાર્થના કરવાનું.

સાતમી ગાથામાં ચિત્રમાં છેક નીચે બતાવ્યા પ્રમાણે ચંદ્ર-સૂર્ય સાગર કરતાંય અધિક નિર્મળ, પ્રકાશક તથા સિદ્ધશિલા પર બિરાજમાન સિદ્ધા તરીકે જોતા મોક્ષ આપો એવી પ્રાર્થના કરવાની.[૬]

## (૭) - લોગસ્સ સૂત્રનું કરાંજલિ દ્વારા ધ્યાન કરવાની રીત

डॉ. दिव्यप्रभाजी के ही शब्दों में :-

"आओ हाथ की हथेलियों की भाग्यरेखा में भगवान रेखा के दर्शन करे । हमारा कर-संपुट अष्टमंगल है । हस्तांजलि परममंगल है । मानवीय हाथ में अर्द्धर्ध चन्द्ररेखा है । दोनों हाथों की अंजलि करो तो एक सुंदर दूज के चन्द्र की सी रेखा बन जाएगी । जहाँ हमारे परम मंगल स्वरुप महावीर स्वामी विराजमान है । वह सिद्धशीला इस चन्द्ररेखा जैसी आकृतिवाली है । सिद्धशिला के नीचे बिलकुल हथेली के मध्यभाग में हम साधक है । इस चन्द्ररेखा के ऊपर रही अंगुलियों में स्वाभाविक २४ रेखाएँ आप देख सकते हो । इन करांगुलियों की २४ रेखाओ में २४ भगवान की प्रतिष्ठा करो । रोज प्रथम २४ प्रभु के दर्शन कर सिद्धशीला में 'सिद्धा सिद्धि मम दिसंतु' के मंत्र द्वारा स्वयं के सिद्धत्व की प्रभु को भावांजलि करो

लोगस्स सूत्र की प्रथम गाथा के चारों पाद से चारो दिशाएँ शुद्ध होलागी । भीतर प्रकट होगी भगवत्सता । दुसरी, तीसरी आर चौथी इन तीन गाथाओं की इन पौरवों में प्रतिष्ठा करो । नामों की स्थापना पौरवो में करते हुए गाथा पाँच का ध्यान दाहिने अंगूठे में और गाथा छह का ध्यान बायें अंगूठे में बोलकर के अंतिम गाथा को सिद्धशिला स्वरुप चन्द्ररेखा में बोलकर परम सत्ता को हथेली में स्थापित करने का और परमस्वरुप को हृदय में प्रकट करने का अद्भूत सामर्थ्य प्रकट होता है । दोनों हथेलियों को जोड़कर आँखों पर और मस्तक पर लगाकर बाद में ही आँखे खोलनी चाहिए और जगत की ओर देखना चाहिए ।

लोगस्स सूत्र विधि-प्रक्रिया और सफलता के कारण त्रैलोकय अवाधित है । यह स्वाध्याय का साक्षात स्वरुप है, परन्तु अस्वाध्याय वाला कालदोष इसमें नही लगता है । क्षेत्र से भी यह अबाधित है । द्रव्य से शुद्ध स्वरुप है । भाव से सिद्ध स्वरुप है ।"[७]

## (૮)- લોગસ્સ-કલ્પ

લોગસ્સ સૂત્રની ગાથાઓ તથા પદો મન્ત્રાત્મક હોવાથી તે તે ગાથાઓનો જુદા જુદા મન્ત્રબીજોના સંયોગપૂર્વક જો વિધિપૂર્વક જાપ કરવામાં આવે તો તે વિભિન્ન વિભિન્ન કાર્યને સાધનાર બને છે.

ઉપર્યુક્ત વિગતને જણાવતો'લોગસ્સ કલ્પ' પ્રાચીન હસ્તલિખિત અનેક પ્રતિઓમાં પ્રાપ્ત થાય છે. તેવી જ એક હસ્તલિખિત પ્રાચીન પ્રતિમાંથી 'લોગસ્સ-કલ્પ' જેવો પ્રાપ્ત થયો તેવો જ અત્રે ટાંકવામાં આવેલ છે.

**ॐ ह्रीँ श्रीँ ऐँ लोगस्स् उज्जोअगरे धम्तित्थयरे जिणो अरिहंते कित्तइस्सं चउवीसं पि केवली मम मनोऽभीष्टं कुरु कुरु स्वाहा ।**

આ મંત્ર પૂર્વ (દિશા) સામે ઉભા રહી, વાર ૧૦૮, કાર્યોત્સર્ગ કરી જપીઈ દિન ૧૪ બ્રહ્મચર્ય પાલીજે. માન ,મહત્ત્વ, યશ,પ્રતિષ્ઠા વધે. રાજભય, ચોરભય, ન હોય; રાજઋદ્ધિ, સંપદા, મહત્ત્વવૃદ્ધિ, સુખસંપત્તિ વધે, ધર્મ દીપાવે, વીતરાગ ધર્મ ઉપર આસ્થા રાખીઈ ઈતિ પ્રથમ મંડલ ॥૧॥

**ॐ क्राँ क्रीँ ह्रीँ ह्रूँ उसभमजिअं च वंदे संभवमभिणंदणं च सुमई च । पउमप्पहं सुपासं जिणं च चंदप्पहं वंदे स्वाहा ।**

આ મંત્ર ૨૦૧૬ વાર જપીઈ પદ્માસને બેસીને, ઉત્તર સન્મુખ બેસીને સોમાવારથી દિન ૭ જાપ કીજે. સર્વવશ્ય થાય, દુર્જન કંપે, દષ્ટવ્યંતરાદિક વશ્ય થાય, સર્વત્ર યશ પામે. એકાસન કરે, અસત્ય ન બોલે. ઈતિ દ્વિતીય મંડલ ॥૨॥

**ॐ एँ हसौ झ्रीं झ्रौँ सुविहिं च पुफक्दतं सीयलसिज्जंसवासुपुज्जं च विमलमणंत च जिण धम्मं संति च वदामि, कुंथुं अरः च मल्लिं वंदे मूणिसुव्वयं स्वाहा ॥२॥**

આ મંત્ર વાર ૧૦૮ રક્તવસ્ત્ર પહેરી લાલ માલાએ જપીઈ. સર્વ શત્રુ ક્ષય થાયે, રાજદ્વારે મહાલાભ, વચનસિદ્ધિ હોયે, જે વચન કહે તે સર્વ ફળે, સર્વ *કાર્ય સિદ્ધિ. ઈતિ તૃતીય મંડલ ॥૩॥*

**ॐ ह्रीँ नमः नमिजिणं च वंदामि रिट्ठनेमि पासं तह वद्धमाणं च मनोवांछित पूरय पूरय ह्रीँ स्वाहा ।**

આ મંત્ર ૧૨૦૦૦ જાપ, પીળી માળા, પીળા વસ્ત્ર પહેરી ઉત્તર (દિશા)

સામા બેસી જપીઈ. કુટુંબમાં શોભા વધે, કાનમાં ફૂંક દીજે, ડાકિની શાકિની જાય એ ચિઠ્ઠી લખી ગળે બાંધીઈ. સર્વ જ્વર જાય.ઈતિ ચઈતુર્થક મંડલ ॥૪॥

*ॐ ऐ ह्रूँ ह्रीँ एवं मए अभिथुआ विहुयरयमला पहीणजरमरणा चउवीसं* **पि जिणवरा तित्थयरा मे पसीयतुं स्वाहा ।**

આ મંત્ર ઊર્ધ્વ દિશે પૂર્વ સામા હાથ જોડી ઉભા રહીને ૫૦૦૦ મંત્ર જપીજે. તીન વાર નમીઈ. સર્વ દેવતા સંતુષ્ટ હોવે, સર્વ સુખ પામે. ઈતિ પંચમ મંડલ ॥૫॥

**ॐ ऊ द्यंबराय (?) कित्तिय वंदिय महिया जे ए लोगस्स उत्तमा सिद्धा अरुग्गबोहिलाभं समाहिवरमुत्तमं दितुं स्वाहा ।**

આ મંત્ર ૧૫૦૦૦ જાપ કીજે, સમાધિ મરણ હોયે. ઈતિ ષષ્ઠ મંડલ ॥૬॥

**ॐ ह्रूँ एँ आँ जाँ जूँ चंदेसु निम्मलयरा आइच्चेसु अहियं पयासयरा सागरवरगंभीरा । सिद्धा सिद्धि मम दिसंतु मम मनोवांछित पूरय परूय स्वाहा ।**

આ મંત્ર ૧૦૦૪ વાર બીલીપત્ર, ૧૦ હજાર ધૃતસું હોમ કીજે. સકલ મનોવાંછિત સિદ્ધિ (દ્ધ) હોય, સર્વ લોકમાં યશ, પ્રતિષ્ઠા, કીર્તિ વધે, ઈતિ સપ્તમ મંડલ ॥૭॥[૮]

**। इति तीर्थंकरस्तवनमन्त्राक्षरफलम् ।**

**પહેલી ગાથા**

લોગસ્સ સૂત્રની પહેલી ગાથાની નિયમિત ગણના કરવાથી આંખની ઘટી ગયેલી રોશનીમાં સારો સુધારો થાય છે.

**એક અનોખો મંત્ર :**

લોગસ્સ સૂત્રની પાંચમી ગાથાના ઉત્તરાર્ધમાં છેવટે **तित्थयरा मे पसीयतुं** એ ત્રણ પદો આવે છે. તે પણ એક જાતનો મંત્ર જ છે તેનો વિધિસર જપ કરતા મુશ્કેલીઓ ટળે છે અને ઈષ્ટકાર્યની સિદ્ધિ થાય છે.

## (૯) યંત્ર બનાવવાનું સ્ત્રોત

### पञ्चषष्ठिन्त्रगर्भित श्रिचतुर्विंशतिजिनस्तोत्रम

आदौ नेमिजिनं[22] नौमि, सम्भव[3] सुविधिं[9] तथा
धर्मनाथं[15] महादेवं शान्तिं शान्तिकरं[16] सदा ॥१॥
अनन्तं[14] सुव्रतं[20] भक्त्या, नमिनाथं[21] जिनोत्तमम् ।
अजितं[2] जितकन्दर्पं, चन्द्रं[8] चन्द्रसमप्रभम् ॥२॥
आदिनाथं[1] तथा देवं, सुपार्श्वं[7] विमलं[13] जिनम् ।
मल्लिनाथं[19] गुणोपेतं, धनुषां पञ्चर्विंशतिम् ॥३॥
अरनाथं[18] महावीरं[24] सुमतिं[5] च जगद्‌गुरुम् ।
श्रीपद्‌मप्ररभनामानं, वासुपूज्य[12] सुरैर्नतम् ॥४॥
शीतलं शीतलं[10] लोके, श्रेयासं[11] श्रेयसे सदा
*कुन्थुनाथं[17] च वामेयं[23], श्रीअभिनन्दनं[4] जिनम् ॥५॥*
जिनानां नामभिर्बद्धः, पञ्चषष्ठिसमुद्रवः ।
यन्त्रातडयं राजते यत्र, तत्र सौख्यं निरन्तरम् ॥६॥
यस्मिन्गृहे महाभक्त्या, यन्त्रोडयं पूज्यते बुधैः ।
भूतप्रेतपिशाचादि भयं तत्र न विद्यते ॥७॥
सकलगुणनिधानं यन्त्रमेनं विशुद्धं ।
हृदयकमलकोषे, धीमतां ध्येयरूपम ।
जयतिलकगुरुश्री सूरिराजस्य शिष्यो
वदित सुखनिदानं मोक्षलक्ष्मीनिवासम् ॥८॥[1]

## (૧૦) યંત્ર બનાવવાની રીત અને પૂજનવિધિ

૧. પ્રથમ એક સમચોરસ દોરવો. જેની લંબાઈ અને પહોળાઈ સરખી હોય તે સમચોરસ કહેવાય.

૨ પછી તેમાં ચાર ઉભી અને ચાર આડીસમાંતર રેખાઓ દોરવી. સમાન્તર એટલે સરખા અંતરવાળી. આ રીતે સમાંતર રેખાઓ દોરતા એ સમચોરસમાં બરાબર પચીસ કોઠા થશે.

૩. આ કોઠાઓમાં જિનભગવંતોના નામ પ્રમાણે અંકો ભરવા કે જે સ્તોત્રમાં દર્શાવેલા છે તે આ પ્રમાણે

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહેલી પંકતિમાં | ૨૨ | ૩ | ૯ | ૧૫ | ૧૬ |
| બીજી પંકતિમાં | ૧૪ | ૨૦ | ૨૧ | ૨ | ૮ |
| ત્રીજી પંકતિમાં | ૧ | ૭ | ૧૩ | ૧૯ | ૨૫ |
| ચોથી પંકતિમાં | ૧૮ | ૨૪ | ૫ | ૬ | ૧૨ |
| પાંચમી પંકતિમાં | ૧૦ | ૧૧ | ૧૭ | ૨૩ | ૪ |

**પૂજન વિધિ :**

પ્રથમ આ યંત્રને પાટલા કે બાજોઠ પર પધરાવ્યા પછી ઘીનો દીવો અને સુગંધી અગરબત્તી પ્રકટાવવા તે પછી યંત્રને ત્રણ વાર દૂધનો તથા ત્રણ વાર જલનો અભિષેક કરવો. એ વખતે ચોવીસ તીર્થંકરનો મંત્ર બોલતા રહેવું.

અભિષેક કર્યા પછી તેને ત્રણ અંગલૂંછણા વડે લૂંછીને સાફ કરી લેવો.

ત્યાર પછી એની નામતંત્ર બોલવાપૂર્વક વાસક્ષેપ પૂજા કરવી. દા.ત. યંત્રની પહેલી પંક્તિમાં ૨૨,૩,૯,૧૫, અને ૧૬ના અંકો છે તો ત્યાં ૐ ऐं ह्री **श्री नेमिनाथाय नमः ॐ ह्रीं अही श्री सम्भानाथाय नमः** અને ॐ ऐं ह्री **श्रीसुविधिनाथाय नमः** એ રીતે મંત્ર બોલવા. આમ સર્વત્ર સમજી લેવું. આ યંત્રની ત્રીજી પંક્તિમાં છેડ ૨૫નો અંક આવે છે ત્યાં ચોવીસ તીર્થંકરનો મંત્ર બોલવો એટલે કે '**ॐ ही अहँ श्री चतुर्विशतितीर्थंकरेभ्यो नमः**' એ મંત્ર બોલવો.

ત્યાર પછી પુષ્પપૂજા કરવી, પણ દરેક કોઠા પર પુષ્પ ચડી શકે એવડો મોટો યંત્ર ન હોય તો ચોવીસ તીર્થંકરોનો સામાન્ય મંત્ર બોલીને ૭, ૧૪, ૨૭, પુષ્પો ચડાવા.

જો રોગનિવારણ કે ભય નિવારણની ઈચ્છાથી આ યંત્રપૂજન થતું હોય તો મોગરા કે જાઈના પુષ્પો ચડાવવા.

સૌભાગ્ય કે આકર્ષણના ઈચ્છાથી આ યંત્રપૂજન થતું હોય તો જાસુદ (રતનજયોત) કે લાલ ગુલાબના પુષ્પ ચડાવવા.

લક્ષ્મીપ્રાપ્તિની ઈચ્છાથી આ યંત્રપૂજન થતું હોય તો તેને પીળા ચંપકપુષ્પ ચડાવવા. તેની આગળ ફલ-નૈવેદ્ય પણ ઈચ્છા મુજબ મુકી શકાય પછી યંત્રને લગતું સ્તોત્ર બોલવું કે જે ઉપર આપવામાં આવ્યું છે.

ત્યાર પછી ત્રણ લોગસ્સનો પાઠ કરવો અને ચોવીસ તીર્થંકરના સામાન્ય્ મંત્રની એક પૂરી માળા ગણવી.

### ધ્યાન કરવાની વિધિ

તે પછી આ યંત્રનું હૃદયમાં ધ્યાન ધરવું. તેમાં જે જે અંક લખાયેલા છે. તે સ્મૃતિથી અનુક્રમે ઉપસ્થિત કરવા અને તેમાં તે તે તીર્થંકરનું ધ્યાન, મુદ્રા, વર્ણ, લાંછન સાથે ધરવું, દા.ત. યંત્રમાં સહુ પહેલા નમિનાથ છે. તો તેમને ધ્યાન મુદ્રાએ બેઠેલા ચિંતવવા. જો દરેક તીર્થંકરના વર્ણ અને લાંછન યાદ હશે તો જ આ રીતે ધ્યાન ધરી શકાશે, દરેક તીર્થંકરના વર્ણ તથા લાંછન આગળ આપેલ છે.[૧૦]

## (૧૧) ઉપધાન કરવાની રીત

*કોઈપણ સૂત્રનું અધ્યયન કરતાં પૂર્વે તે સૂત્રનું અધ્યયન કરવાની ગુરુ* મહારાજ પાસે અનુજ્ઞા પ્રાપ્ત કરવી જોઈએ. લોગસ્સસૂત્રરૂપ શ્રુતજ્ઞાનના અધ્યયનની અનુજ્ઞા માટે વિનયોવિધાનનીવિધિ.

"હે ગૌતમ- એકાન્તિક, આત્યન્તિક, પરમશાશ્વત, ધ્રુવ, નિરંતર એવા સર્વોત્તમ સુખના આકાંક્ષીએ સૌથી પ્રથમ આદરપૂર્વક સામાયિકથી માંડીને લોકબિંદુ (ચૌદ પૂર્વ) સુધીના બાર અંગ પ્રમાણના શ્રુતજ્ઞાનનું કાલ લક્ષ્યમાં રાખીને તથા અત્યંબિલ વગેરે વિધિપૂર્વક ઉપધાનથી હિંસા વગેરેનો ત્રિવિધે ત્રિવિધે ત્યાગ કરીને સ્વર-વ્યંજન- માત્રા-બિંદુ-પદ તથા અક્ષર જરાપણ ન્યૂન ન આવે એવી રીતે, પદરછેદ, ઘોષબદ્ધતા, પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી તથા અનાનુપૂર્વીથી ખૂબ વિશુદ્ધ રીતે તેમજ ભૂલ્યા વિના એકાગ્રતાપૂર્વક જ્ઞાન મેળવવું જોઈએ."

ઉપરના વાક્યો દ્વારા ચરમતીર્થંપતિ શ્રીમહાવીરભગવંત શ્રી મહાનિસીહસુત્તમાં શ્રી પંચમંગલમહાશ્રુતસ્કંધમાં સૂત્ર અંગે જે નિર્દેશ કરે છે. તે લોગસ્સ સૂત્રના વિનય ઉપધાન માટે પણ તેટલો જ લાગુ પડે છે.

તેની વિધિ દર્શાવતા પરમોપકારી તીર્થંકર જણાવે છે કે :-

"સુપ્રશસ્ત અને સુંદર તિથિ, કરણ, મુહૂર્ત, નક્ષત્ર, યોગ, લગ્ન અને ચન્દ્રબલ હોય ત્યારે, જાતિ વગેરે આઠ મદ તથા આશંકાઓથી રહિત બનીને, ભક્તિ અને બહુમાનપૂર્વક નિયાણા (આલોક અને પરલોકના સુખની માગણી) વિના ત્રણ ઉપવાસ પ્રમાણ તપ કરીને જિન ચૈત્યમાં, જંતુરહિત પ્રદેશમાં, ભક્તિથી સભર બનીને, નતમસ્તકે વિકસિત વદનકમળ, પ્રશાંત સૌમ્ય અને સ્થિર દૃષ્ટિ, પ્રફુલ્લિત રોમ રાજ નવા નવા સંવેગથી ઉછળતા, અત્યંત, નિરંતર અને અચિન્ત્ય એવા શુભ પરિણામ વિવેષથી ઉલ્લસિત આત્મવીર્ય અને પ્રતિસમય વૃદ્ધિ પામતા પ્રમોદથી વિશુદ્ધ, નિર્મળ, સ્થિર અંતઃકરણવાળા બનીને

જમીન ઉપર બે ઢીંચણ, બે કરકમલ તથા મસ્તક સ્થાપીને અંજલિ પૂટ રચીને

ધર્મતીર્થંકરોની બિંબ પર દૃષ્ટિ તથા મનને સ્થિર કરીને દઢ ચારિત્ર્ય વગેરે નાં ગુણ સંપદાથી સહિત,

અબાધિત ગુરુના મુખમાંથી નીકળેલ તેમના સંતોષ તથા કૃપાથી મળેલ.

સંસાર સમુદ્રની અંદર નૌકા-સમાન, મિથ્યાત્વના દોષથી નહિ હણાયેલ વિશિષ્ટ બુદ્ધિવાળા ગણધરભગવંતોએ રચેલ, સાત ગાથાના પરિમાણવાળા શ્રીલોગસ્સસૂત્રના ચાર પદ અને બત્રીસ અક્ષર પ્રમાણવાળી

**પ્રથમ ગાથાનું અધ્યયન ત્રણ ઉપવાસ જેટલો તપ કરવા દ્વારા કરવું જોઈએ.** એટલે કે મોટા વિસ્તારથી અત્યંત સ્ફૂટ, નિપુણ અને શંકારહિતપણે સૂત્ર તેમજ અર્થોને અનેક પ્રકારે સાંભળીને અવધારણ કરવું.

**ત્યારબાદ બીજી, ત્રીજી, અને ચોથી ગાથાનું અધ્યયન છ ઉપવાસ જેટલો તપ કરવા દ્વારા કરવું જોઈએ.**

**તે જ પ્રમાણે પાંચમી, છઠ્ઠી તથા સાતમી ગાથાનું અધ્યયન સાડા છ ઉપવાસ જેટલો તપ કરવા દ્વારા કરવું જોઈએ.**

આ રીતે વિધિપૂર્વક લોગસ્સ સૂત્રરૂપ શ્રુતજ્ઞાનના અધ્યયનની અનુજ્ઞા પ્રાપ્ત કરવાનો નિર્દેશ કરતો પાઠ 'सिरिमहानिसीहसुत' માં નીચે પ્રમાણે થાય છે.

चउवीसत्थयं एगेणं छट्ठेणं, एगेणं चउत्थेणं पणवीसाहि

आयंबिलहिं- सिरिमहानिसीहसूत्र ।

"જે કોઈ આ રીતે અન્ય સર્વ કહેલી વિધિઓનું અતિક્રમણ કર્યા વિના ઉપધાન તપને કરે તે પ્રિયધર્મી, દૃઢધર્મી, એકાંત ભક્તિયુક્ત, સૂત્ર, અને અર્થની અંદર અનુરાગી મનવાળો, શ્રદ્ધા તથા સંવેગથી યુક્ત બનેલો, ભવરૂપી કારાવાસમાં કે ગર્ભવાસની અનેકવિધ પીડાઓને વારંવાર પામતો નથી."

**જપમાલિકા**

લોગસ્સ સૂત્રના ઉપધાન દરમ્યાન દરરોજ સંપૂર્ણ લોગસ્સ સૂત્રનો જાપ, માળાના ત્રણ આવર્તન દ્વારા કરવાનો હોય છે. તેથી દરરોજ ૩૨૪ વાર લોગસ્સ સૂત્રનું સ્મરણ થાય છે. અને ઉપધાનના ૨૮ દિવસમાં એકંદર ૯૦૭૨ વાર સ્મરણ થાય છે.[११]

## (૧૨) ફલાફલવિષયક પ્રશ્નપત્ર

શ્રીમાન્ જિનવિજયજી સંપાદિત "જૈન સાહિત્ય સંશોધક" નામના ત્રૈમાસિક (ખંડ ૩જો અંક ૨જો પૃ.૧૬૨ થી ૧૬૫)માં આ 'ફલાફલવિષયકપ્રશ્નપત્ર' નામની કૃતિ વિ.સં.૧૯૮૩માં છપાયેલ છે. તે સિવાય આ કૃતિ પ્રાચીન હસ્તલિખિત પ્રતિમાં પણ જોવા મળે છે.

જૈન સાહિત્ય સંશોધકના સંપાદકને ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રી યશોવિજયજી વાચકની સ્વહસ્તલિખિત પ્રતિ પ્રાપ્ત થયેલી હોવાથી તેનો ફોટો ઉપર્યુક્ત અંકમાં મુદ્રિત કરેલ છે, તેથી તેની મહત્તા અનેકગણી વધી ગઈ છે.

આની રચના છ ગૃહવાળાં ચક્રો દ્વારા કરવામાં આવી છે દરેક ચક્રના ગર્ભમાં 'ॐ ह् श्री अर्हँ नमः' એ મંત્ર આલેખવામાં આવ્યો છે, અને ગ્રહોમાં છ તીર્થંકર દરેક ચક્રમાં છ તીર્થંકર ભગવંતના નામો આલેખવાથી એકંદર ચાર ચક્રોમાં ચોવીસ ય તીર્થંકર ભગવાનોનાં નામો સમાવિષ્ટ થાય છે.

દરેક તીર્થંકરભગવંતના નામવાળા ગૃહમાં એક એક પૃચ્છા આલેખવામાં આવી છે, તેથી એકંદર ચોવીસ પૃચ્છા એટલે પ્રશ્નો આલેખાયા છે.

ફલાફલવિષયક વિભાગમાં દરેક ભગવંતના નામ પર છ છ ફલાફલવિષયક ઉત્તરો રજૂ કરાયા છે, તેથી ચોવીસ પ્રશ્નના એકસો ચુંવાલીસ ફલાફલવિષયક ઉત્તરો પ્રાપ્ત થાય છે. તે પ્રમાણે આ ફલાફલવિષયક પ્રશ્નપત્રની રચના છે.

પ્રસ્તુત કૃતિ ચતુર્વિંશતિ જિનના નામપૂર્વક હોવાથી આ ગ્રંથમાં તે સમાવિષ્ટ કરાઈ છે.

આ ચક્રો દ્વરા પ્રશ્નોના ફલાફલવિષયક ઉત્તરો કેવી રીતે પ્રાપ્ત કરવા તે જાણવા માટે શ્રીઉપાધ્યાયજી મહારાજના શબ્દોમાં જ અવતરણ આપવું યોગ્ય થશેઃ-

'ॐ ह्रीँ श्रीँ अर्हं नमः एणिं मंत्रइं वार २१ स्थापना खडी अथवा पूगीफल अभिमंत्री मुंकइ । जेह बोलनी पृच्छा करइं तेह थुक जिहां थापना मुंकइ तेहना तीर्थंकरनी फाटिं मूंकइ । तेहनी ते ओली गणवी । पंडित श्रीनयविजयगणिशिष्य गणिजसविजय लिखितं' ॥६॥

સમજૂતી- 'ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः' એ મંત્રથી ખડી (ચાક) અથવા પૂગીફળ

(સોપારી) વાર ૨૧ મંત્રત કરવી અને પછી ઉપર્યુક્ત ચાર ચક્ર પૈકી જે ચક્રમાં આપણી પૃચ્છ એટલે પ્રશ્ન લખેલ હોય તે ચક્રના કોઈ પણ ગૃહમાં તે પૂગીફળને સહજ ભાવે મૂકવું. આપણી પૃચ્છા જે ગૃહમાં લખેલ હોય તે ગૃહની સંખ્યા પહેલી સમજીને પૂગીફળ જ્યાં મૂકેલ હોય તે ત્યાંથી કેટલામું ગૃહ છે તે યાદ રાખવું અને પૂગીફળવાળા ગૃહમાં ફલાફલવિષયક પ્રશ્નપત્રમાં જે ભગવાનનું નામ હોય તે ભગવાનો વર્ગ (ફાંટિ) શોધી તેમાં યાદ રાખેલી સંખ્યાની પંક્તિમાં (ઓલીમાં) જે ઉત્તર દર્શાવ્યો હોય, તે જ પૃચ્છાનો ઉત્તર સમજવો. વિશેષ સમજૂતી માટે એક દૃષ્ટાંત લઈએ.

એક વ્યક્તિને મેઘવૃષ્ટિ અંગે પૃચ્છા કરવી છે તે સર્વ પ્રથમ એ વિચારવું જોઈએ કે તે પૃચ્છા ચાર ચક્રો પૈકી ક્યા ચક્રમાં છે ? ઉપર્યુક્ત પૃચ્છા પ્રથમ ચક્રમાં છે, એટલે પૃચ્છા કે 'ॐ ह्र श्री अर्हँ नमः' એ મંત્રથી ૨૧ વાર પૂગીફળ મંત્રિત કરી પ્રથમ ચક્રના કોઈપણ ગૃહમાં સહજ ભાવે તે મૂકવું. હવે જો પાંચમા ગૃહમાં કે જ્યાં સુમતિનાથ લખેલ છે ત્યાં તે મૂક્યું હોય તો मेघवृष्टि पृच्छा જેમાં લખેલ છે તે ગૃહથી પુગીફળવાળું ગૃહ ચોથું થાય છે તો ફલાફલવિષયક વિભાગમાં સુમતિનાથના વર્ગમાં ચોથી પંક્તિ (ઓલી) તપાસવી. प्रचुरा मेघवृष्टिर्भविष्यति તેમાં લખ્યું છે એટલે પુષ્કળ વરસાદ થશે તેવો પ્રશ્નનો ઉત્તર મળ્યો તેમ સમજવું.

આ પ્રમાણે ચોવીસેય પ્રશ્નો વિષે ઉત્તરો સમજી લેવા.

ફાટિં=વર્ગ. ઓલી =પંક્તિ.

**ફલાફલવિષયક પ્રશ્નપત્ર જોવાનું યંત્ર પરિશિષ્ટ-૧ માં આપેલ છે.**

**॥श्री आदिनाथ ॥१॥**

**१. शीघ्रं सफला कार्यसिद्धिर्भविष्यति ।**

**२. अस्मिन् व्यवहारे मध्यमं फलं दृश्यते ।**

**३. ग्रामान्तरे फलं नास्ति कष्टमस्ति ।**

**४. भव्यं स्थानसौख्यं भविष्यति ।**

**५. मध्यमं देशसौख्यं भविष्यति ।**

**६. अल्पा मेघवृष्टि : संभाव्यते ।**

## ॥ श्री अजितनाथ ॥२॥

१. प्रचुरा मेघवृष्टिर्भविष्यति ।

२. मध्यमफला कार्यसिद्धिर्भविष्यति ।

३. अस्मिन् व्यवहारे लाभो नास्ति ।

४. सकुशलं सलाभं ग्रामान्तरं भविष्यति ।

५. स्थानसौख्यं भविष्यति ।

६. महद्देशसौख्यं भविष्यति ।

## ॥ श्री संभवनाथ ॥३॥

१. भव्यं देशसौख्यं भविष्यति ।

२. मध्यमा मेघवृष्टिर्भविष्यति ।

३. कार्यसिद्धिरस्ति फलं नास्ति ।

४. सलाभो व्यवहारो भविष्यति ।

५. ग्रामान्तरे मध्यमं फलं भविष्यति ।

६. महत् स्थानसौख्यं भविष्यति ।

## ॥ श्री अभिनन्दन ॥४॥

१. भव्यं स्थानसौख्यं भविष्यति ।

२ देशसौख्यं मध्यमं भविष्यति ।

३. प्रजाभाग्येन मेघवृष्टिर्भविष्टति ।

४. सुन्दरा कार्यसिद्धिर्भविष्यति ।

५. मध्यमं फलं व्यवहारे भविष्यति ।

६. ग्रामान्तरे कष्टं न च फलम् ।

## ॥ श्री सुमतिनाथ ॥५॥

१. सकुशलं सफल ग्रामान्तरं भविष्यति ।

२. स्थानसौख्यं मध्यमं भविष्यति ।

३. देशसौख्यं न दृश्यते ।

४. प्रचुरा मेघवृष्टिर्भविष्यति ।

५. कार्यसिद्धिरस्ति फलं च नास्ति ।

६. व्यवहारो निष्फलो हानिकरः ।

## ॥ श्री पद्मप्रभस्वामी ॥६॥

१. व्यवहारः सलाभो भविष्यति ।

२. मध्यमं ग्रामान्तरं भविष्यति ।

३. स्थानसौखं सर्वथा नास्ति ।

४. भव्यं देशसौख्यं भविष्यति ।

५. मध्यमा मेघवृष्टिर्भविष्यति ।

६. न च कार्यसिद्धि नॅ च फलम् ।

## ॥ श्री सुपार्श्वनाथ ॥७॥

१. व्यापारो महालाभप्रदः ।

२. सेवकः सुन्दरो भविष्यति ।

३. सेवाफलं सर्वथा नास्ति ।

*४. चतुष्पदानां महान (ती) वृद्धिर्भविष्यति ।*

५. भयं यास्यति परं द्रव्यहानि ।

६. व्याजे दत्तं पुनरपि हस्ते न चटिष्यति ।

## ॥ श्री चन्द्रप्रभस्वामि ॥८॥

१. दत्तं सविशेषलाधभं भावि ।

२. व्यापारे लाभो न च हानि ।

३. सेवकोऽयमर्थाय भविष्यति ।

४. सेवा कृता महालाभकारी भविष्यति ।

५. चतुष्पदलाभो मध्यमो भविष्यति ।

६. भयं विधेयं धर्मः कार्यः ।

## ॥ श्री सुविधिनाथ ॥९॥

१. भयं सर्वथा न कार्यम् ।

२. दत्तं लाभनाशाय भविष्यति ।

३. व्यापारः क्लेशफलो भविष्यति ।

४. सेवको भव्यो भविष्यति ।

५. सेवा मध्यमफला भविष्यति ।

६. चतुष्पदानां हानिर्भविष्यति ।

## ॥ श्री शीतलनाथ ॥१०॥

१. चतुष्पदाल्लाभो दृश्यते ।

२. भयं भविष्यति परमलीकम् ।

३. दत्तं सर्वथा यास्यत्येव ।

४. व्यापारो मध्यो भावी ।

५. सेवकाऽयं मध्यमगुणः ।

६. सेवा कष्टफललाभा भाविनी ।

## ॥ श्री श्रेयांसनाथ ॥११॥

१. सेवा सफला भविष्यति ।

२. चतुष्पदहानिः लाभश्च स्यात् ।

३. भयं भवत्येवात्मचिन्ता कार्या ।

४. दत्तं सलाभं सपरोपकारं भविष्यति ।

५. व्यापारान्न च लाभो हानिः ।

६. सेवक उद्वेगकरो भविष्यति ।

## ॥श्री वासुपूज्य ॥१२॥

१. सेवको भव्योपकारी भविष्यति ।

२. सेवा मध्यमफला दृश्यते ।

३. चतुष्पदान्न च लाभो हानिः ।

४. भयं शमिष्यति चिन्ता न कार्या ।

५. दत्तं चटिष्यति परं बहुकाले ।

६. व्यापारो महाकष्टफलः ।

## ॥ श्री विमलनाथ ॥१३॥

१. *धारणागतिर्भव्या* भवेत् ।

२. जयः पराजयोऽपि भविष्यति ।

३. वरो निःपुण्यो दरिद्रश्च स्यात् ।

४. पुण्यवती कन्येयं प्रत्यक्षश्रीः ।

५. किञ्चिद्दण्डेन पुररोध उपशमिष्यति ।

६. बद्धो बहुदण्डेनापि भाग्येन छुटिष्यति ।

## ॥ श्री अनन्तनाथ ॥१४॥

१. बद्धो मुधैव शीघ्रं छुटिष्यति ।

२. धारणागतिर्मध्यमा भवेत् ।

३. जयो नास्ति हानिर्भविष्यति ।

४. वरोऽयं पुण्यवान् दीर्घायुश्च ।

५. कन्या मध्यमा भविष्यति ।

६. पुररोधो महाभाग्येन छुटिष्यति ।

## ॥ श्री धर्मनाथ ॥१५॥

१. पुररोध उपशमिष्यति ।

२. बद्धः छुटिष्यति द्रव्यव्ययेन ।

३. धारणागतिर्नोद्वेगो भविष्यति ।

४. जयो भविष्यति पराजयश्च ।

५. वरो भव्योऽतिअल्पायुः ।

६. कन्या कुलकलडिकनी ।

## ॥ श्री शान्तिनाथ ॥१६॥

१. कन्या सुशीला सदाचारा ।

२. पुररोधः कष्टेन ।

३. बद्धो महाभाग्येन छुटिष्धयति ।

४. धारणागतिर्भव्या विद्यते ।

५. पराजयो जयो भवेत् ।

६. वरोऽयं न भव्यो व्यसनी ।

## ॥ श्री कुन्थुनाथ ॥१७॥

१. वरः पुण्योऽस्ति सुखी च ।

२. कन्या भव्यास्ति परं कलहकृत् ।

३. पुररोधः पुण्येन छुटिष्यति ।

४. बद्धो मुधैव शीघ्रं छुटिष्यति ।

५. धारणागतिर्मध्यमा भवेत ।

६. जये (यो) न सर्वार्थचिन्ता कार्या ।

## ॥श्री अरनाथ ॥१८॥

१. जयो भविष्यति यशोऽपि भविष्यति ।

२. वरो मध्यगुणो भविष्यति ।

३. कन्याऽसावुद्वेगकरी भवेत् ।

४. पुररोधः स्तोकदिनैर्यास्यति ।

५. बद्धो महाकष्टेन छुटिष्यति ।

६. धारणागतिः सुन्दरा उद्वेगश्च ।

## ॥ श्री मल्लिनाथ ॥१९॥

१. मन्त्रौषधिभ्यो महागुणो भावी ।

२. गतं वस्तु सविलंम्बं स्तोकं चटिष्यति ।

३. आगन्तुकः कष्टे पतितः सविलम्बमागमिष्यति ।

४. सन्ताने पुत्रो भावी ।

५. अर्थचिन्ता, सहजैवार्थप्राप्तिः ।

६. राज्यं क्वापि नास्ति, प्राणा रक्षणीयाः ।

## ॥ श्री मुनिसुव्रतस्वामि ॥२०॥

१. राज्यं भव्यं परं जनभक्तिः न ।

२. मन्त्रविद्यौषधिभ्यो मध्यमो गुणो भविष्यति ।

३. गतं गतमेव शेषं रक्षणीयम् ।

४. आगन्तुकः शीघ्रं सलाभोऽस्ति ।

५. संताने पुत्रो भवेन्न सुंन्दर : ।

६. अर्थचिन्ताऽस्ति परं न दृश्यते ।

## ॥ श्री नमिनाथ ॥२१॥

१. अर्थलाभो भविष्यति चिंता न (कार्या) ।

२. राज्यं सविलम्बं सोपक्रमं भावि ।

३. मन्त्रोषधिभ्योऽनर्थो भावी ।

४. गतं शीघ्रं चटिष्यति ।

५. आगन्तुको मार्गाद विलम्बितः ।

६. संताने पुत्रो भविष्यति धनागम ।

## ॥ श्री नेमिनाथ ॥२२॥

१. संताने पुत्रो भव्यो भविष्यति ।

२. अर्थचिन्ताऽस्ति परं मध्यम पुण्यम् ।

३. राज्यं नास्ति प्रयासो न कार्यः ।

४. मन्त्रोषधिभ्यो गुणो भावी ।

५. गतं वस्तु अर्धप्रायं चटिष्यति ।

६. आगन्तुकागमनं सम्प्रति दृश्यते ।

## *॥ श्री पार्श्वनाथ ॥२३॥*

१. आगन्तुका आगता एवं, वर्धाप्यसे ।

२. सन्ताने पुत्राः पुतत्रिकाश्च सन्ति ।

३. अर्थचिन्ता विद्यते परं दुर्लभा ।

४. राज्यं भविष्यति प्रयासो न कार्यः ।

५. मन्त्रविद्यौषधिभ्यो न गुणः ।

६. गतं वस्तु प्रायश्चटिष्यति ।

## ॥ श्री महावीर स्वामी ॥२४॥

१. गतं यथा तथा हस्ते चटति ।

२. आगन्तुकः सम्प्रति सविलम्बो दृश्यते ।

३. सन्तात्सुखं न विलोक्यम् ।

४. अर्थचिन्ता न कार्या ।

५. राज्यं सकष्टं सविलम्बं भावि ।

६. मन्त्रविद्यौषधिभ्यो न गुणः ।

## પરિશિષ્ટ-૨ ની પાદટીપ

૧. પૂ.પ. શ્રી કલ્પનાકુમારી મહાસતી, નમોજિણાણં, પૃ. ૨૫
૨. શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી, લોગસ્સ સૂત્ર સ્વાધ્યાય પૃ.૧૦૩
૩. એજન, પૃ.૮૮-૮૯
૪. શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી, કાયોત્સર્ગ ધ્યાન, પૃ.૮
૫. निर्वाण सागर, प्रतिक्रमण सूत्र सह विवेचन भाग-२, (हिन्दी-अंग्रेजी) पृ.९२-९३
૬. પ.પૂ.આચાર્યદેવ શ્રી વિજયભુવનભાનુસુરિશ્વરજી મહારાજ, શ્રી પ્રતિક્રમણ સૂત્ર-ચિત્ર આલબમ, પૃ.૧૫
૭. *डॉ. साध्वी दिव्यप्रभा, लोगस्स सूत्र एक दिव्य साधना, पृ.२०१*
૮. શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી, લોગસ્સ સૂત્ર સ્વાધ્યાય પૃ.૧૦૪, ૧૦૫, ૧૦૬
૯. એજન, પૃ.૮૭
૧૦. શ્રી ધીરજલાલ ટોકરશી શાહ, લોગસ્સ સૂત્ર યાને જૈનધર્મનો ભક્તિવાદ, પૃ.૩૬૯, ૩૭૦, ૩૭૧, ૩૭૨, ૩૭૩
૧૧. શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી, લોગસ્સ સૂત્ર સ્વાધ્યાય પૃ.૭૦, ૭૧, ૭૨
૧૨. એજન, પૃ.૧૦૬, ૧૦૮, ૧૦૯, ૧૧૦, ૧૧૧, ૧૧૨

# સંદર્ભ સૂચિ


૧. અરિહંત પરમાત્માની ઓળખાણ, સં.શ્રી.પન્યાસશ્રી મહાબોધિવિજયજી ગણિધર, શ્રીકૃપા ચેરિટેબલ ટ્રસ્ટ, સુરત,

૨. અરિહંતના અતિશયો, મુનિશ્રી તત્વાનંદવિજયજી, સન્માન પ્રકાશન શ્વે.મૂ.જૈન આરાધના ભવન, અમદાવાદ, વિ.સં.૨૦૫૪

૩. આવસ્સયનિજ્જુતિ, શ્રી ભદ્રબાહુવિજયજી, આગમોદય જૈન સંસ્કૃત પાઠશાળા સમિતિ સુરત વિ.સં.૧૯૭૨-૭૩

૪. આચાર દિનકર ભાગ-૨, શ્રી વર્ધમાનસૂરિ, ખરતરગચ્છ, ગ્રંથમાલા,વિ.સં.૧૯૭૯

૫. એ.એલ.બાસમ 'The wonder that was India' (સર્ટીફિકેટ કોર્સ ઈન જૈનલોજી) મિતુ નારસે અને ચંદ્રકાન્ત દોશી યુનિવર્સિટી ઓફ મુંબઈ

૬. કાર્યોત્સર્ગધ્યાન, શેઠ શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી, શ્રુત રત્નાકર, નવજીવનપ્રેસ સામે અમદાવાદ-૧૪, સંવર્ધિત આવૃત્તિ, ૨૦૦૭

૭. ચેઈયવંદણ મહાભાસ, શ્રીશાંતીસૂરિ, શ્રી આત્માનંદ જૈન સભા,ભાવનગર. વિ.સં.૧૯૭૭

૮. ચરીતાનુવલી, બ.બ્ર.પૂ.સાધ્વી સુબોધિકા મહાસતીજી, સાધ્વી સુબોધિકા જૈનટ્રસ્ટ, અને શ્રીપાણમહિલા મંડળ, ૨-૫-૧૯૫૫

૯. જૈનદર્શન, પ્રા.ટી.કે.તુકોલ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર, ૧૯૭૮

૧૦. જૈનદર્શન, ઝવેરચંદ વિઠલદાસ કોઠારી, યુનિવર્સિટી ગ્રંથ, નિર્માણ બોર્ડ, પબ્લિકેશન્સ, અમદાવાદ, ગુજરાત રાજ્ય, ૨૦૦૫

૧૧. જૈનદર્શન, મુનિશ્રી ન્યાયવિજયજી, શ્રી હેમચંદ્રાચાર્ય જૈનસભા પાટણ(ઉ.ગુજરાત) વિ.સં.૨૦૩૭

૧૨. જૈનદર્શનમાં શ્રદ્ધા (સમ્યકદર્શન), મતિજ્ઞાન અને કેવલજ્ઞાનની વિભાવના, શેઠ ભો.જ.અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ, ૨૦૦૦

૧૩. જૈનધર્મ, ભદ્રબાહુવિજય, વિશ્વકલ્યાણ પ્રકાશન ટ્રસ્ટ મહેસાણા, ૧૯૯૦

૧૪. જૈનધર્મનું હાર્દ, ચંદ્રહાસ ત્રિવેદી, સી.એમ. ત્રિવેદી, 'સુહાસ' ૬૪ જૈનનગર અમદાવાદ-૭, ઈ.સ.૨૦૦૨

૧૫. જૈનધર્મ ચિંતન, દલસુખ માલવણિયા, પ્રાકૃત વિદ્યા વિકાસફંડ, અમદાવાદ, ૧૯૯૧

૧૬. જૈનધર્મ, રમણલાલ ચી.શાહ, પરિચય ટ્રસ્ટ મહાત્મા ગાંધી મેમોરિયલ બિલ્ડીંગ મુંબઈ, ૨૦૦૨

૧૭. જૈનધર્મ, દિનેશ જેઠાલાલ ખીમાસીયા, સુમન પ્રકાશન મુંબઈ સપ્ટેમ્બર,૧૯૮૭

૧૮. જૈન તત્ત્વ પ્રકાશ, અમોલબત્રઋષિજી મહારાજ, અનુ.ઝવેરચંદ કામદાર, લક્ષ્મીપુસ્તક ભંડાર, અમદાવાદ, ૧૯૭૯

૧૯. જૈન સૈદ્ધાંતિક શબ્દ પરિચય, સુનંદાબેન વોરા આનંદ સુમંગલ પરિવાર, અમેરિકા, અમદાવાદ વિ.સં.૨૦૫૭

૨૦. ધર્મસંગ્રહ ભાગ-૧, શ્રીમાનવિજયજી ઉપાધ્યાય, દેવચંદલાલભાઈ જૈ.પુ. સંસ્થા સુરત, વિ.સં.૧૯૯૧

૨૧. ધર્મસંગ્રહણી વૃત્તિ ઉત્તરાર્ધ, શ્રી હરીભદ્રસૂરિ, દેવચંદ લાલભાઈ જૈ.પુ.સંસ્થા, સુરત, ૧૯૧૪

૨૨. ધ્યાન અને જીવન ભાગ-૧-૨, વિજયભુવનભાનુસૂરિશ્વરજી મહારાજ, આચાર્યશ્રી ૐ કારસૂરિ જ્ઞાનમંદિર, સુરત, વિ.સં.૨૦૫૫

૨૩. તીર્થંકર ચરિત્ર, મુનિ સુમેરમલજી, અનેકાંત ભારતી પ્રકાશન અમદાવાદ-૧૯૮૬

૨૪. નમોજિણાણં, સં.પૂ.મ.શ્રી કલ્પનાકુમારી મહાસતીજી, શ્રી અજરામર જૈનસાહિત્ય પ્રચાર સમિતિ, શ્રી સ્થા.જૈન છકોટી ઉપાશ્રય (ભુજ-કચ્છ) ૧૯૯૮

૨૫. પરમતેજ ભાગ-૨, શ્રી હરિભદ્રસૂરીશ્રવર, દિવ્ય દર્શન સાહિત્ય સમીક્ષા સમિતિ, અમદાવાદ, ૧૯૬૯

૨૬. પ્રતિક્રમણ સૂત્ર-વિવેચન, (નવકારથી લોગસ્સ) કમલ પ્રકાશન રતનપોળના નાકે, અમદાવાદ, વિ.સં.૨૦૩૪

૨૭. યોગશાસ્ત્ર સ્વોપજ્ઞવિવરણ, શ્રી હેમચંદ્રસૂરિ, જૈનધર્મ પ્રસાર સભા ભાવનગર વિ.સં.૧૯૮૨

૨૮. લલિત વિસ્તરા, શ્રી હરિભદ્રસૂરિ, ઋષભદેવજી કેસરી મલજી શ્વે. સંસ્થા, રતલામ, વિ.સં.૧૯૯૦

૨૯. લોગસ્સ સૂત્ર સ્વાધ્યાય, શ્રી અમૃતલાલ કાલિદાસ દોશી, શ્રુત રત્નાકર ૧૦૪, સારપ બિલ્ડીંગ, નવજીવન પ્રેસ સામે, અમદાવાદ,૪ સંવર્ધિત આવૃત્તિ, ૨૦૦૭

૩૦. લોગસ્સ સૂત્ર, ધીરજલાલ ટોકરશી શાહ, નવભારત સાહિત્યમંદિર, અમદાવાદ,૨૦૦૦

૩૧. લોગસ્સ મહાસૂત્ર યાને જૈનધર્મનો ભક્તિવાદ, શતાવધાનિ પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ, પ્રજ્ઞાપ્રકાશન મંદિર, મુંબઈ-૯, વિ.સં.૨૦૩૫

૩૨. વંદારુવૃત્તિ, શ્રી દેવેન્દ્રસૂરિ, ઋષભદેવજી કેસરીમલજી શ્વે.સંસ્થા, રતલામ, વિ.સં.૧૯૮૫

૩૩. સચિત્ર જૈનદર્શન ભાગ-૧, શ્રી વનિતાબાઈ મહાસતીજી ગોંડલ સંપ્રદાય, જૈનદર્શન, રાજકોટ, ૧૯૯૬

૩૪. સ્થાનાંગ- સમવાયાંગ, દલસુખ માલવણિયા, ગૂજરાત વિદ્યાપીઠ, એપ્રિલ-૧૯૫૫.

૩૫. સૂત્ર સંવેદના, સાધ્વીજી શ્રી પ્રશમિતાશ્રીજી, શ્રીમતી સરલાબેન કિરણભાઈ, અમદાવાદ-૧૫, વીર.સં.૨૫૨૭

૩૬. શબ્દરત્ન દીપ, સં. હરિપ્રસાદ શાસ્ત્રી, રાજસ્થાન, પુરાત્વાન્વેષણ મંદિર પૂના, વિ.સં.૨૦૧૩

૩૭. શ્રી પ્રતિક્રમણસૂત્ર-પ્રબોધટીકા, ધીરજલાલ ટોકરશી શાહ, જૈનસાહિત્ય વિકાસ-મંડળ, મુંબઈ, વિ.સં.૨૦૦૭

૩૮. શ્રી પ્રતિક્રમણ સૂત્ર-ચિત્ર આલબમ, પ.પૂ.આચાર્યદેવ શ્રીવિજયભૂવનભાનુ સુરિશ્વરજી મહારાજ, દિવ્યદર્શન ટ્રસ્ટ, ધોળકા, ગુજરાત, વિ.સં.૨૦૫૮

૩૯. શ્રાવક સામાયિક પ્રતિક્રમણ સૂત્ર, સુધર્મપ્રચાર મંડળ, ગુજરાત શાખા અમદાવાદ, ૧૯૯૯

૪૦. શ્રી શ્રાવક આવશ્યક, સંશોધક પોપટલાલ છોટાલાલ શાહ, શ્રીસ્થાનકવાસી જૈન મિત્ર મંડળ, અમદાવાદ, વિ.સં.૧૯૮૧

૪૧. શ્રી પંચ પ્રતિક્રમણસાર્થ, શ્રીમદ્ યશોવિજયજી, જૈન સંસ્કૃત પાઠશાળા શ્રી જૈન શ્રેયકર મંડળ, મહેસાણા, ૨૦૦૪

૪૨. શ્રી પંચ પ્રતિક્રમણસાર્થ, શ્રીમદ્ યશોવિજયજી, શ્રી જૈન શ્રેયસ્કર મંડળ મહેસાણા ૨૦૦૪

૪૩. શ્રી શ્રાદ્ધ- પ્રતિક્રમણ સૂત્ર (પ્રબોધ ટીકા) ભાગ-૧, સં.પ. પૂજ્ય પંન્યાસ, શ્રી ભદ્રંકરવિજયજી ગણિ, પ.પૂજ્ય મુનિશ્રી કલ્યાણ પ્રભવિજયજી, જૈન સાહિત્ય મંડળ, વિલેપારલે મુંબઈ, ચોથી આવૃત્તિ, ૨૦૦૦

# हिन्दी


१. उत्तराध्ययनसूत्र, मधुकर मुनि, श्री आगम प्रकाशन समिति ब्यावर (राजस्थान) १९७४

२. अनुयोगद्वारसूत्र, मधुकर मुनि, श्री आगम प्रकाशन समिति, ब्यावर (राजस्थान)१९८४

३. जैन धर्म आचार और संस्कृति, डॉ. राजेन्द्र मुनि, युनिवर्सिटी पब्लिकेशन, नई दिल्ली, १९९६

४. जैनेन्द्र सिद्धांत कोष भाग-२, जिनेन्द्र वर्नी भारतीय ज्ञानपीठ नई दिल्ली, १९९७

५. तीर्थंकर, बुद्ध और अवतार-एक अध्ययन, डॉ.रमेशचंद्र गुप्त पार्श्वनाथ विद्याश्रम शोध संस्थान, वाराणसी, १९६२

६. लोगस्स सूत्र एक दिव्य साधनद्य, डॉ. साध्वी दिव्यप्रभा, चौरडियाट्रस्ट, जयपुर- वि.सं.२०४९.

७. प्रतिक्रमण सूत्र सह विवेचन भाग-१ (हिन्दी-अंग्रेजी) श्री निर्वाण सागरजी, श्री अरुणोदय फाउन्डेशन कोबा, १९९७

८. श्री भिक्षु आगम विषयकोष, गंगाधिपति तुलसी, १९९६